100 મહાન પ્રેરણાત્મક વાર્તાઓ

100 Great Inspiring Stories

NOW IN GUJARATI

@Gujaratibooks

જી. ફ્રાન્સીસ ઝેવીયર

વિશ્વની શ્રેષ્ઠ પ્રેરણાત્મક વાર્તાઓના બેસ્ટસેલીંગ લેખક

JAICO

VISIT…

100
મહાન
પ્રેરણાત્મક વાર્તાઓ

100 Great
Inspiring Stories

@Gujaratibookz

જી. ફ્રાન્સીસ ઝેવીયર

જયકો પબ્લિશિંગ હાઉસ
અમદાવાદ બેંગલોર ભોપાલ ભુબનેસ્વર ચેન્નાઇ દિલ્હી
હૈદરાબાદ કલકત્તા લખનૌ મુંબઈ

પ્રકાશક
જયકો પબ્લિશિંગ હાઉસ
એ-2, જશ ચેંબર્સ, 7-એ સર ફિરોઝશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઈ - 400 001.
jaicopub@jaicobooks.com
www.jaicobooks.com

© ડૉ. જી. ફ્રાન્સીસ ઝેવીયર

100 GREAT INSPIRING STORIES
100 મહાન પ્રેરણાત્મક વાર્તાઓ
ISBN 978-81-8495-732-7

@Gujaratibookz

અનુવાદ - સ્વાતિ વસાવડા

પ્રથમ જયકો આવૃત્તિ: 2015

પ્રકાશકની લેખિત અનુમતિ વિના આ પુસ્તકના કોઈ પણ ભાગનો કોઈ પણ પ્રકારે ઉપયોગ કરી નહિ શકાય. નહિ કૉપી કરી શકાય, ન રેકોર્ડિંગ, ન કમ્પ્યૂટર કે અન્ય કોઈ માધ્યમ દ્વારા સ્ટોર કરી શકાય.

શ્રી એમ કુરુવાન તથા તેમના પરિવારને

પ્રેમ તથા વ્હાલ સાથે

અર્પણ

@Gujaratibookz

અનુક્રમ

ઋણ સ્વીકાર

પસંદગીથી

૧ જીવવાની રીત

૨ જીવંતકે મૃત?

૩ યોગ્ય વિચારો

૪ બાબતોની હકારાત્મક બાજુ

૫ પરિસ્થિતિ વડે મર્યાદિત હોવું

૬ આંતરિક વિકાસ માટેનો માર્ગ કંડારવો

૭ આત્મ-નિયંત્રણ વિકસાવવું

વિનમ્રતા પર

૮ લલચાવનાર અહમ્

૯ વિનમ્રતા મૌન રહીને ઘણું કહે છે

૧૦ કૃતનિશ્ચયી બનો, આક્રમણકારી નહીં

૧૧ નમ્રતા હૃદયને હલાવી નાખે છે

૧૨ લીંકનની નમ્રતાની બરાબરી કરો

૧૩ વિનમ્રતાની કિંમત થાય છે

ડહાપણ પર

૧૪ તણાવપૂર્ણ જીવનનો ઉપચાર

૧૫ પાપનો દોષભાવ

@Gujaratibookz

૧૬ જીવન તરફની સમતોલ દૃષ્ટિ
૧૭ ડહાપણ મેળવવું
૧૮ ઈશ્વર સાથે વાર્તાલાપ
૧૯ તમારી પ્રાર્થનાઓ વિશુદ્ધ રાખો
૨૦ શાંતિ અને સ્વસ્થતાની કિંમત
૨૧ જાણવા અને કરવા વચ્ચેનો તફાવત
૨૨ મન સ્થિર કરવું
૨૩ બુદ્ધ હોવુંનો અર્થ શું છે
૨૪ જેઓ તમારે માટે ઉપાધિકારક છે તેમને માટે પ્રાર્થો
૨૫ સન્યસ્ત લેવું
૨૬ તમે જે ઉપદેશ આપો છો તેનું આચરણ કરો
૨૭ આધ્યાત્મિક કસરત શું છે ?
૨૮ ઈશ્વર જે લાયક હોય તેને બચાવે છે
૨૯ કર્મયોગી બનો
૩૦ તમારાં ભાંડુની સેવા કરો
૩૧ જીવનની રમત રમો
૩૨ મૃત્યુ અનિવાર્ય છે
૩૩ તમારા શત્રુઓનો નાશ કરવો
૩૪ મહાન લોકો હંમેશાં માફ કરે છે
૩૫ લીંકનની પ્રિય વાર્તા
૩૬ આંતરિક સંવાદને સાંભળવો

સમય પર

૩૭ ક્ષણમા જીવવું
૩૮ જીવન જેમ ખૂલ્લું થાય તેમ તેને જીવો
૩૯ ટુંકાગાળાનું આયોજન
૪૦ તમારી પાસે જે છે તેની કદર કરો

@Gujaratibookz

૪૧ તક એકજ વાર દ્વાર ખખડાવે છે

સકારાત્મક વલણ પર

૪૨ પ્રમાણિકતા સંપૂર્ણ હોવી જોઈએ
૪૩ રોષથી છૂટકારો મેળવવો
૪૪ આશાવાદ જ ચાવી છે
૪૫ તમારું વલણ બદલો, તમારું જીવન બદલો
૪૬ નિષ્ફળતા નહીં, માત્ર પરિણામો
૪૭ ઈષ્ટાપત્તિ (છૂપા વેશમાં આશીર્વાદ)
૪૮ બધું શ્રેષ્ઠ માટે થાય છે
૪૯ ઉત્તમોત્તમ સેલ્સમેન
૫૦ વિચારો પરિણામો આપે છે
૫૧ સત્યનો સામનો કરો
૫૨ તમારા જીવનની ગુણવત્તા સુધારો
૫૩ આપણી સમસ્યાઓની સમજણ

@Gujaratibookz

માનવ સંબંધો પર

૫૪ હૃદયપૂર્વક ચાહવું
૫૫ માનવ સ્પર્શનું મુલ્ય
૫૬ જેઓ પ્રેમ કરે છે તેઓ ડરતા નથી
૫૭ વાલીઓ માટે બોધપાઠ

આંતરિક શાંતિ પર

૫૮ સહનશીલતા જીવનને સાદું બનાવે છે
૫૯ લોકોને જેવા છે તેવા સ્વીકારો
૬૦ પોતાની જાતને આંતરિક ખળભળાટથી મુક્ત કરવી
૬૧ ઉચાટનો ઉપચાર
૬૨ તમારા ક્રોધને વ્યક્ત કરવો
૬૩ સમસ્યાઓ હંમેશાં રહેવાની

૬૪ માંગ જેટલી ઓછી, આનંદ તેટલો વધારે
૬૫ અન્યોને આંખ મીંચીને વિશ્વાસ ન કરો
૬૬ ખુશી શોધવી

સફળતા પર

૬૭ ક્ષતિહીનતા તેજસ્વીતાની મહોર છે
૬૮ તમારા પોતાના પ્રતિસ્પર્ધી બનો
૬૯ મજબૂતાઈ ઉણપ કરતાં વધારે તેજસ્વીતાથી ચમકવી જોઈએ
૭૦ પ્રમાણિકતાનો ગુણ
૭૧ એક ગરીબ છોકરાની પહેલ
૭૨ પીડા વગર પ્રાપ્તિ નહીં
૭૩ કઠિન પરિશ્રમ ક્યારેય અટકતો નથી
૭૪ પ્રખરતા - પરિશ્રમની ઉપજ
૭૫ તમારી સંપત્તિ કમાવ
૭૬ મહાન યોજનાઓ માટે સંપૂર્ણ એકાગ્રતાની જરૂર પડે છે
૭૭ અનુભવ આત્મવિશ્વાસ લાવે છે

રચનાત્મકતા પર

૭૮ લાલચથી દૂર રહો
૭૯ કોઈ પણ હોશિયાર થઈ શકે
૮૦ તણાવમાં હો ત્યારે ઓછું શીખો
૮૧ લોકોને નિશ્ચિત તરીકે ન ગણો
૮૨ નબળાઈઓને શક્તિમાં ફેરવો
૮૩ રચનાત્મક રીતે સમસ્યા ઉકેલવી
૮૪ પ્રશંસા અને સજા
૮૫ હાજર જવાબી જ્યોતિષ
૮૬ પ્રવાસમાંથી શીખવું
૮૭ કલ્પનાશીલ બનવું

@Gujaratibookz

૮૮ જીવનની શાળા

૮૯ કલ્પનાશીલતા અપનાવો

૯૦ દરેક વ્યક્તિ સાચી છે

પ્રેરણા ૫૨

૯૧ કૃતજ્ઞતાની અપેક્ષા ન રાખો

૯૨ કંજૂસનો તર્ક

૯૩ ઈશ્વરને પત્ર

૯૪ આપો તેવું પામો

૯૫ દાંપત્યની સમસ્યાઓનો ઉકેલ

૯૬ સૌથી સસ્તું હંમેશાં સૌથી સારુ નથી હોતું

૯૭ છાપ ટકી રહે છે

૯૮ ગરીબોને આત્મસમ્માન હોય છે

૯૯ મોટું ભાષણ, ઓછી અસર

૧૦૦ વર્તમાન સમસ્યાઓનો ઉકેલ આપો

@Gujaratibookz

ઋણ સ્વીકાર

મુંબઈના જયકો પબ્લિશીંગ હાઉસના પ્રકાશકો શ્રી અશ્વિન શાહ તથા શ્રી આકાશ શાહ તરફ હું માત્ર આ પુસ્તક બહાર પાડવા બદલ જ નહીં પરંતુ મારી વાર્તાઓના પુસ્તકનું આઠ ભારતીય ભાષાઓમાં પ્રકાશન કરવા બદલ પણ મારો ગહન આભાર વ્યક્ત કરું છું.

હું બેંગલોરના એશીયન ટ્રેડીંગ કોર્પોરેશનના શ્રીમતી અને શ્રી નીગલ ફર્નાન્ડીસનો તથા બેંગલોરના બ્રીલીયન્ટ પ્રીન્ટર્સના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી અનિલ રેંગોનો મારી સાહિત્યિક પ્રવૃત્તિઓમાં તેમના સતત સહકાર બદલ આભારની ઉંડી લાગણી અનુભવું છું.

તે ઉપરાંત, હું મારા બધા જ મિત્રો અને મારા વિવિધ તાલીમ કાર્યક્રમોમાં ભાગ લેનાર તમામ તરફ મારી આભારની લાગણી વ્યક્ત કરવા ઈચ્છું છું. સંદર્ભની સરળતા માટે અહીં આલ્ફાબેટના ક્રમ મુજબ નામ આપવામાં આવ્યાં છે.

@Gujaratibookz

આચાર્ય વી, ભરત કપાસી, બ્રધર જેકોબ એજહાનીકત પી ગારખર, બ્રધર કે જે જ્યોર્જ, ગુનાકોડોસેકર, ઈલ્યાસ મોન્ટ્રી, મીસ જીઆર જયનાથન, જહોન જોસેફ કે જ્યોતિરામલીંગમ આઈએએસ, શ્રીમતી કલ્પા રાજેશ, એમ કંદસામી, વી. મનીકિશી, ફા.ડો. મનીવાલન, ફા.ડો. એસ. મેરીઆડોસ, શ્રીમતી મારી ઓકેલો, પી.એન. આર્યન ભટ્ટ, સી. નીકોલા, સ્પ્રેન્જર, પેટ્રીક ડીસોઝા, ડો. પાયસ કે. ઓકેલો, વાય એન પ્રદિપ, પ્રદિપ આચાર્ય, પ્રકાશ ગંગારામ, રાધાકિષ્નન થમ્પી, ઈ.રવીચન્દ્રન, જે.એન. રેડ્ડી, રેઈન હાર્ડ સ્પ્રેન્ગર, ફા. શેની પ્રભુ, ષન્પુગા વર્મા, સીમેન બોર્ડસ, આર. સુંદર રાજ, સુશાંત પી. માયસોરેકર, એમવી એમ વેલ્યુરુગન.

મારાં બધાં જ સાહસોમાં જરા પણ કસર રાખ્યા વગરનો ટેકો તથા સહયોગ આપવા બદલ હું મારાં પરિવારજનો; મારી પત્ની એ. એન્તોનીઆમાલ, મારાં બાળકો અને તેમના જીવનસાથીઓ ડો. ડેનીસ બી ઝેવીયર તથા ગોડફ્રીડા; એબ પ્રકાશ ઝેવીયર તથા રૂપાદાસ; ડો. એન શીલા પીટર તથા પીટર વિજયકુમાર અને મારાં પૌત્ર-પૌત્રીઓ નિકીતા, એલન, પ્રીતિકા અને રોસનાનો ઊંડો ઋણી છું.

પસંદગીથી

@Gujaratibookz

Book House1

चैनल जॉइन करने के लिए telegram
डाउनलोड करने के बाद सर्च में
@BOOKHOUSE1 लिखे और सर्च करे

https://t.me/bookhouse1

૧

જીવવાની રીત

પ્રોડ્યુસર રે સ્ટાર્ક મેક્સિકોમાં "ધ નાઇટ ઑફ ધ ઇગુઆના"નાં ફિલ્માંકન દરમિયાનની એક સાંજને યાદ કરે છે. અભિનેતાઓ તથા તેમના જીવનસાથીઓ ડ્રીંક્સ માટે એકઠા થયા હતા. સ્ટાર્કે તેમના તરફ એક પ્રશ્ન ફેંક્યો : "જો તમે જીવન જીવવાની એક રીત પસંદ કરી શકો, તો તે રીત કઈ હશે ?"

@GujaratiBookz

રીચાર્ડ બર્ટને જવાબ આપ્યો, "સાહસ" એલીઝાબેથ ટેલરે : "સંપત્તિ"; આવા ગાર્ડનરે : "આરોગ્ય"; ડેબોરા કેર : "ખુશી" અને પીટર વીર્ટેલે : "સફળતા". જહોન હ્યુસ્ટન એક માત્ર વ્યક્તિ હતો જે મૌન રહ્યો. સ્ટાર્ક નિરાશ થયો. તેમનો કોઈ પણ જવાબ તેને પ્રમાણિક ન લાગ્યો. જહોનનો જવાબ આના કરતાં કંઈ જુદો છે કે કેમ તે જાણવા તે તેના તરફ ફર્યો. જહોને માથું ધુણાવ્યું અને પોતાના ઘેરા અવાજમાં કહ્યું...

પ્રશ્નો

અ. જહોન હ્યુસ્ટને શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "હું માનું છું કે આનો જવાબ "રસ" હશે." સ્ટાર્ક માટે આ માર્ગદર્શક મુદ્દો બન્યો.

બ. જો તમને જીવવામાં રસ હશે તો તમે તુટી ગયા પછી પણ ટકી જઈ શકશો. તમને

જીવલેણ બીમારી હોઈ શકે છે, પરંતુ જો તમને જીવનમાં રસ હશે તો તે તમને આગળ વધતા રાખશે.

@Gujaratibookz

૨

જીવંત કે મૃત?

એક જ્ઞાની સાધુ પર્વતોમાં ઘણે ઊંચે વસતા હતા. તેમને પૂછાયેલ દરેક પ્રશ્નનો જવાબ આપ્યો હોવા માટેની તેમની આબરૂ હતી.

@Gujaratibookz

એક દિવસ, બે તોફાની છોકરાઓએ સાધુ સાથે રમત કરવાનું નક્કી કર્યું કે તેઓ તેમને એવો પ્રશ્ન પૂછશે જેનો તેઓ કદાચ જવાબ ન આપી શકે.

આ કરવા માટે, તેઓ એક ચકલી પકડશે. તેઓમાંથી એક તેને પોતાની હથેળીમાં છૂપાવી રાખશે, અને તેમણે શું છુપાવ્યું છે તે સાધુને પૂછશે. જો તેઓ એક પક્ષી હોવાનું અનુમાન કરશે તો તેઓ પૂછશે, "કયું પક્ષી?" જો તેઓ ચકલી હોવાનું અનુમાન કરશે તો તેઓ પૂછશે. "એ જીવિત છે કે મૃત તે કહો ?" જો તે કહેશે, "જીવિત". તો તેઓ પક્ષીનો જીવ લઈ લેશે અને તેમને ખોટા પાડશે. જો સાધુ દાવો કરશે કે "તે મૃત જ છે." તો તેઓ તેને ઊડાડી મૂકીને તેમને ખોટા સાબિત કરશે!

આવું છટકું વિચારીને તેઓ પર્વતનો ઢાળ ચડ્યા અને સાધુને મળ્યા. તેમણે તેમને કહ્યું, "મહાશય, બધા કહે છે કે તમારી પાસે બધા પ્રશ્નોના જવાબો હોય છે. શું તમે અમને કેટલાક પ્રશ્નોના જવાબો આપશો ?"

સાધુએ નમ્રતાપૂર્વક કહ્યું, "જો મારી વાત તમને જવાબ મેળવવામાં મદદરૂપ થશે, તો હું આનંદપૂર્વક મારાથી બનતું કરીશ."

ચકલી છૂપાવનાર છોકરાએ પ્રથમ પ્રશ્ન પૂછ્યો, "મારા હાથમાં મેં શું પકડ્યું છે તે અમને કહો."

વૃદ્ધની આંખોએ જાણે છોકરાની મુઠ્ઠીની આરપાર જોયું અને કહ્યું, "પક્ષી".

બીજા છોકરાએ કહ્યું, "ઠીક છે, કયું પક્ષી ?"

“ચકલી”.

તેમણે એકબીજા તરફ જોયું. “તે મૃત છે કે જીવિત તે કહો.”

વૃદ્ધે તેમને રસપ્રદ જવાબ આપ્યો. તેમણે કહ્યું....

પ્રશ્નો

અ. સાધુનો જવાબ શું હતું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “બાળકો, તમારી પાસે જેવું હશે તેવું જ.”

બ. આપણું જીવન આપણા હાથમાં છે - આપણે જેવું રાખીએ તેવું તે છે. જીવન પસંદગીઓની શ્રેણી છે અને ઇચ્છાશક્તિ વડે આપણે તેનો માર્ગ બદલી શકીએ છીએ. કોઈ પણ સમયે આપણા જે વિચારો હોય છે તે આપણા પોતાના વડે પસંદ કરાયેલ હોય છે. કોઈ આપણા મનમાં પ્રવેશીને આપણને એક ચોક્કસ રીતે વિચારતા કરી શકતું નથી. તેવી જ રીતે, એક વ્યક્તિનું હતાશ કે ખુશ હોવું તે તેની પોતાની પસંદ છે. છેવટે તો, જીવન આપણી પોતાની પસંદ સીવાય બીજું કંઈ જ નથી.

@GujaratiBooks

૩

યોગ્ય વિચારો

એક રાત્રે, એક સ્ત્રીને સ્વપ્ન આવ્યું કે તેણી એક દુકાનમાં ગઈ હતી અને કાઉન્ટરની પાછળ ભગવાન ઊભા હતા. પોતાનું હૃદય જે ઈચ્છતું હતું તે બધું જ પોતે તેમની પાસે માગી શકશે એ વિચારથી ખુશ થયેલી તેણીએ મનની શાંતિ, પ્રેમ અને ખુશી માગ્યા. ઈશ્વરે જવાબ આપ્યો, "સન્નારી, તું ખોટી દુકાનમાં પ્રવેશી છે અમે ફળ નથી વેંચતા અમે માત્ર બીજ વેંચીએ છીએ."

@GujaratiBook

પ્રશ્નો

અ. ફળ શું છે ?

બ. બીયારણ શું છે?

ક. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. ફળો આપણી ક્રિયાઓનું પરિણામ છે - જેમ કે, મનની શાંતિ, પ્રેમ અને ખુશી.

બ. બીયારણ એ વિચારો છે જેની ક્રિયામાં રોપણી કરી શકાય છે.

ક. ઈશ્વરે આપણને આપણા પોતાના વિશે વિચારવાની શક્તિ આપી. આપણા વિચારોની પસંદગીના આધારે આપણું જીવન ખીલશે.

૪

બાબતોની હકારાત્મક બાજુ

૧૯૯૧માં, જ્યારે ઝૂબીન મહેતાએ ભારતની મુલાકાત લીધી ત્યારે એક દંપતી ટેલીવિઝન પર તેમની કોન્સર્ટ નીહાળતું હતું.

તેમનાં ગળામાં ગુલાબનો હાર હતો. તેઓ વાદ્યવૃન્દને જોશભેર નિયંત્રિત કરતા હતા. તેથી, ગુલાબની પાંદડીઓ તેમના પગ પાસે પડતી હતી.

પતિએ ટીપ્પણી કરી, "પૂરું થશે ત્યાં સુધીમાં, તેમનાં ગળાની ફરતે માત્ર દોરી જ રહી હશે."

તેની પત્નીએ જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. તેણીનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "બની શકે, પરંતુ જ્યારે તેઓ પૂરું કરશે ત્યારે તેઓ ગુલાબની પાંખડીઓની સુંદર પથારી વચ્ચે ઊભા હશે."

બ. તમે માત્ર દોરા તરફ જુઓ છો કે પાંદડીઓની સુંદર સેજ તરફ? પરિસ્થિતિ સમાન જ હોય છતાં દૃષ્ટિબિંદુ અલગ હોઈ શકે છે... આગળ વાળું વિધાન નકારાત્મક છે અને પછીનું

સકારાત્મક. દરેક વસ્તુની સકારાત્મક બાજુ જોતાં શીખો.

@Gujaratibookz

૫

પરિસ્થિતિ વડે મર્યાદિત હોવું

શું તમે ક્યારેય એ ધ્યાન પર લીધું છે કે સર્કસમાં મોટા હાથીઓ તેમના પગ સાથે બાંધેલ માત્ર એક પાતળાં દોરડાં વડે જ લાકડાંના થાંભલા સાથે બાંધેલા હોય છે, જ્યારે મદનીયાંઓને જમીનમાં ઊંડે રોપેલા લાંબા ધાતુના થાંભલા સાથે ધાતુની સાંકળો વડે બાંધીને રખાય છે ?

@GujaratiBookz

પ્રશ્નો

અ. શું તમે આનું કારણ સમજાવી શકશો ?

બ. સર્કસની આ રીતનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. મદનિયાંઓ ભાગી જવાનો પ્રયાસ કર્યા કરતાં હોવાથી તેમને સાંકળ વડે સુરક્ષિતપણે બાંધી રાખવાં જોઈએ. છેવટે, જ્યારે મદનિયાં ધાતુના થાંભલા સાથે ખેંચતાણ બંધ કરે, પછી તેની જગ્યાએ લાકડાનો થાંભલો મૂકી શકાય, કારણ કે ત્યાં સુધીમાં મદનિયું એ બાબતથી અસરકારક રીતે ટેવાઈ જશે કે તે છૂટી શકે તેમ નથી.

બ. મનુષ્યો તરીકે આપણે લાગતી વળગતી માન્યતા પદ્ધતિઓ વડે મર્યાદિત છીએ. આપણી ધારણાઓ વડે આપણે એટલા બધા ગેરમાર્ગે દોરાયેલા હોઈએ છીએ કે આપણે સાચી વાસ્તવિકતા વડે નહીં, પરંતુ આપણે ધારી લીધેલી વાસ્તવિકતા વડે મર્યાદિત થઈ જઈએ છીએ.

૬

આંતરિક વિકાસ માટેનો માર્ગ કંડારવો

એક ગુરુએ તેમની વિકટ યાત્રામાં તેમના એક શિષ્યને પોતાનો સહાયક નિમવાનું નક્કી કર્યું. તેણે તેના શિષ્યોને કહ્યું, "આ પ્રવાસમાં તમને ઘણા વ્યથિત કરનારા અનુભવો થશે. તેઓ કેવી રીતે તમને કોઈ પણ આંતરિક ફાયદો આપશે ? તમારા જવાબોને આધારે હું નક્કી કરીશ કે મારી આ મુસાફરીમાં કોણ મારું સહાયક બનશે." શિષ્યોએ નીચેની પદ્ધતિમાં પ્રત્યાઘાતો આપ્યો.

@GujaratiBooks

પ્રથમ શિષ્ય : "હું તેના તરફના તમારા પ્રત્યાઘાતોનું અનુસરણ કરીશ."

બીજો શિષ્ય : "આપણે તેમને લડત આપશું અને જીતવાની આશા રાખશું."

ત્રીજો શિષ્ય : "હું તેમના તરફની મારી પ્રતિક્રિયા વિશે સ્વસ્થતાપૂર્વક અભ્યાસ કરીશ."

પ્રશ્નો

અ. ગુરુએ કયો વિદ્યાર્થી પસંદ કર્યો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. ત્રીજા વિદ્યાર્થીને પસંદ કરવામાં આવ્યો.

બ. બિનપક્ષપાતી આત્મનિરીક્ષણ વડે વ્યથિત કરનાર અનુભવોમાંથી મુક્તિ મેળવવાનું શરૂ થાય છે, કારણ કે પોતાની જાતનું બારીકાઈથી નિરિક્ષણ કરવામાંથી જ સ્વ-સમજણ અને સ્વ-

વિકાસ ઉદ્‌ભવે છે.

@Gujaratibookz

૭

આત્મ-નિયંત્રણ વિકસાવવું

આ એક ઘોડા અને તેના સવારની વાત છે. ઘોડો પૂરપાટ ગતિએ દોડી રહ્યો હતો, અને એક ગરીબ વટેમાર્ગુની ઉપર ચડી જવામાં હતો. આ ભયંકર દૃશ્ય જોઈને ડઘાઈ જનાર બાજુમાં ઊભેલ એક વ્યક્તિએ સવારને બૂમ પાડી, "તું ક્યાં જાય છે?" ઘોડે સવારનો જવાબ હતો...

@GujaratiBookz

પ્રશ્નો

અ. ઘોડેસવારનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "મને નહીં, મારા ઘોડાને પૂછો."

બ. મોટાભાગના લોકો પોતાની ક્રિયાઓ પર કોઈ આત્મ-નિયંત્રણ લાદ્યા વગર આ ઘોડેસવાર જેવી જિંદગી વિતાવે છે. વ્યક્તિનાં જીવનમાં ચોક્કસાઈપૂર્વક આત્મ-નિયંત્રણ કેળવવું જોઈએ કારણ કે આત્મનિયંત્રણ દ્વારા જ સંયમ આવે છે. આપણા ઉતાવળ અને વ્યગ્રતાના આધુનિક યુગમાં સંયમની તેના ખરા અર્થમાં વકીલાત કરવી તે જુનવાણીપણું ગણાય છે, પરંતુ તેનાં મુલ્યને અવગણવું ન જોઈએ.

વિનમ્રતા પર

@Gujaratibookz

૮

લલચાવનાર અહમ્

એક વખત, શયતાને દેવદૂતનો વેશ લીધો. તે એક પવિત્ર માણસ સમક્ષ ઉપસ્થિત થયો અને કહ્યું, “હે પવિત્ર માનવી, મને ઈશ્વરે તારા પર તારા જીવનની ઈચ્છાની વર્ષા કરવા મોકલ્યો છે.”

તે પવિત્ર મનુષ્યના જવાબે શયતાનને તરત જ અદૃશ્ય કરી દીધો.

@Gujaratibookz

પ્રશ્નો

અ. પવિત્ર માણસે શયતાનને શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. પવિત્ર માણસે કહ્યું, “મેં એટલું સારું કંઈ જ નથી કર્યું જેથી ઈશ્વર મને મદદ કરવા માટે દેવદૂત મોકલે.”

બ. પવિત્ર માણસની નમ્રતાએ તેને શયતાનનાં છટકાંમાં ફસાવાથી બચાવી લીધો. અહંકારી માણસો સહેલાઈથી લાલચમાં આવી જાય છે.

૯

વિનમ્રતા મૌન રહીને ઘણું કહે છે

ન્યુયોર્કથી ફીલાડેલ્ફીયાની ટ્રેઈન યાત્રામાં તેણીની બાજુમાં માત્ર એક જ વધુ મુસાફર હોવાને કારણે, એક મુસાફરની આ મુસાફરી આશ્ચર્યજનક રીતે આનંદદાયી હતી. તેણીનો સહયાત્રી થોડોક સ્થુળ હતો. પરંતુ જ્યારે તે માણસે સીગાર સળગાવીને પીવી શરૂ કરી ત્યારે તેણીનું ચેન હણાઈ ગયું. તે મહિલાએ ઈરાદાપૂર્વક ઉધરસ ખાધી અને પોતાની નાખુશી દર્શાવતા હાવભાવ દર્શાવ્યા. કંઈ કામ ન આવ્યું. તેણે ધૂમાડા કાઢવાનું ચાલું રાખ્યું. પછી તેણી ઉખળી પડી. "તમે પરદેશી લાગો છો. પરંતુ તમે નથી જાણતા કે સીગારેટ પીવા માટે આગળ જુદો ડબ્બો છે ? અહીં સીગાર પીવા પર પ્રતિબંધ છે."

એ માણસે શાંતિથી સીગાર બારી બહાર ફેંકી દીધી અને પોતાની સ્વસ્થતા જાળવી રાખી.

જ્યારે કન્ડક્ટર ટીકીટ તપાસવા આવ્યો ત્યારે તે મહિલા યાત્રીને ભયાનકતાનો ખ્યાલ આવ્યો કે તેણીનો સહયાત્રી વિખ્યાત જનરલ યુલીએસ ગ્રાન્ટ હતો. તેણી ભૂલથી તેમના ખાનગી ડબ્બામાં ચડી ગઈ હતી! જ્યારે તે મહિલા ઉતાવળે બહાર નીકળી ત્યારે, તેણીને ક્ષોભ ન થાય માટે જનરલે તેણી તરફ જોયું પણ નહીં. તેણે પોતાનું મોઢું ફેરવી લીધું અને તે મહિલા દેખાતી બંધ થઈ પછી જ સ્મિત કર્યું.

પ્રશ્ન

અ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારો પોતાનો જવાબ વિચાર્યા પછી જ અમારા જવાબ સાથે તેમની ચકાસણી કરો.

જવાબ

અ. વધુ મજબૂત માણસો મહાન નમ્રતા દર્શાવે છે. વિનમ્રતા મજબૂતાઈ પ્રદર્શિત કરે છે.

@Gujaratibookz

૧૦

કૃતનિશ્ચયી બનો, આક્રમણકારી નહીં

લંડનના બીશપ, ડૉ. ક્રેઈટનને તમાકુ ખૂબ પ્રિય હતી. એક દિવસ તેઓ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. તેમના ડબ્બામાં માત્ર એક જ સહયાત્રી હતો; એક સાલસ અને નાનકડો માણસ.

બીશપે તેની સીગાર કાઢી અને સ્મિત સાથે તેમના સહયાત્રીને કહ્યું, "હું માનું છું કે હું સીગાર પીવું તેનો તમને વાંધો નહીં હોય ?"

સહયાત્રી તેમને પગે લાગ્યો અને નમ્રતાથી બોલ્યો...

પ્રશ્નો

અ. તેણે શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "ના, જો આપ મહાશયને હું બીમાર થાઉં તેમાં વાંધો ન હોય તો."

બ. સહયાત્રી નમ્ર છતાં મક્કમ હતો. તેણે ખૂબ જ દૃઢતાપૂર્વક પોતાનો મુદ્દો જણાવ્યો. કૃતનિશ્ચયી હોવું તે આક્રમક હોવા કરતાં ઘણું વધારે અસરકારક છે.

@Gujaratibookz

૧૧

નમ્રતા હૃદયને હલાવી નાખે છે

એક શ્રીંપની માછલીની લારી વાળાએ તેની લારી બરાબર એજ જગ્યાએ મૂકી હતી જ્યાં સંસદના એક મહત્ત્વના સંસદ સભ્ય પોતાની કાર પાર્ક કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. લારી વાળાને તોછડાઈ પૂર્વક તેની લારીને માર્ગમાંથી હટાવવાનું કહેવામાં આવ્યું.

"પાર્ક કરવા માટે બીજી જગ્યા શોધો." ફેરીયાએ કહ્યું. સામેવાળાએ કહ્યું, "તને ખબર છે, હું સાંસદ છું ?"

@Gujaratibookz

ફેરીયાએ વળતો ઘા માર્યો...

પ્રશ્નો

અ. ફેરીયાનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "મારી લારીમાંથી દરેક શ્રીંપ માછલી પણ મહત્વની જ છે."

બ. જ્યારે કોઈ વ્યક્તિ આજુબાજુનાઓ પર પોતાની સત્તા લાદે છે ત્યારે તેની તોછડાઈનો ભોગ બનનાર વડે તેના પર ગુસ્સો કરાય છે. વ્યક્તિ અથવા સત્તા કરતાં નમ્રતા હૃદયને વધુ બળપૂર્વક હલાવી શકે છે.

૧૨

લીંકનની નમ્રતાની બરાબરી કરો

આંતર વિગ્રહ જ્યારે તેના ચરમ પર હતો ત્યારે લીંકન અને તેના યુદ્ધ સેક્રેટરીએ કોઈ તાકીદનાં કામ માટે જનરલ જ્યોર્જ મેકકલેલાનનાં યુદ્ધસ્થળ તરફનાં ઘરની મુલાકાત લીધી. તેઓ ઘરમાં ન હોવાથી તેમણે તેમના મુલાકાતી ખંડમાં તેમની રાહ જોઈ. છેવટે જ્યારે જનરલ ઘેર પાછા ફર્યા ત્યારે તેમણે જોયું કે તેમને મળવા મુલાકાતીઓ આવ્યા હતા, પરંતુ તેમણે તેમના પર ધ્યાન ન આપ્યું અને ઉલટાના સીધા તેમના રૂમમાં ચાલ્યા ગયા. તેઓ થોડી જ વારમાં બહાર આવશે તેમ ધારીને મુલાકાતીઓએ તેમની વ્યર્થ રાહ જોઈ. એક કલાક પછી, જ્યારે તેઓ હજી પણ બહાર ન આવ્યા ત્યારે તેમણે નોકરાણીને પૂછવા મોકલી. એક મિનિટ પછી, તેણી પાછી ફરી અને કહ્યું, "રાષ્ટ્રપતિ, હું દિલગીર છું, પરંતુ જનરલે કહેવડાવ્યું છે કે તેઓ ખૂબ જ થાકી ગયા છે અને સૂઈ ગયા છે."

યુદ્ધના સેક્રેટરીને આ સાંભળીને આઘાત લાગ્યો અને બોલ્યા, "રાષ્ટ્રપતિ શ્રી, આ અસ્વીકાર્ય છે. તમારે તેમને તાત્કાલિક જનરલના હોદ્દા પરથી રૂખસદ આપવી જોઈએ." લીંકને એક મિનિટ આ વિશે વિચાર કર્યો અને પછી કહ્યું...

પ્રશ્નો

અ. લીંકનનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “ના, હું તેમને ખારીજ નહીં કરું. તે એક સારા જનરલ છે. તેઓ યુદ્ધો જીતે છે. જો તેઓ એક કલાક માટે પણ આ રક્તસ્ત્રાવને ટુંકાવી શકશે તો હું તેમના ઘોડાની લગામ પકડી રાખીશ અને તેમના પગનાં તળિયાંની ગંદકી ધોઈ આપીશ.”

બ. લીંકનની નમ્રતાનું આ એક અન્ય ઉદાહરણ છે. દેશની ચિંતા સમાન સમસ્યા તરફ તેમણે હેતુલક્ષી દૃષ્ટિ કરી. જો રાષ્ટ્રનાં હિત માટે જરૂરી હોય માટે તેમના હાથ નીચેના માણસ વડે તેમનું અપમાન કરાયું હતું તો તેઓ તે પણ સ્વીકારવા તૈયાર હતા.

@Gujaratibookz

૧૩

વિનમ્રતાની કિંમત થાય છે

સ્કોટલેન્ડથી હમણાં જ પાછા ફરેલા સેમ્યુઅલ જહોન્સન એક ભોજન સમારંભમાં મુખ્ય અતિથી હતા. યજમાન મહિલાએ તેમની સ્કોટલેન્ડની તાજેતરની યાત્રાને ધ્યાનમાં લઈને ડોક્ટર માટે એક વિશિષ્ટ વાનગી તૈયાર કરી હતી.

જ્યારે જહોન્સને તે વાનગી ચાખી ત્યારે તેણીએ નમ્રતાપૂર્વક તેમને તે ભાવી કે નહીં તે પૂછ્યું. જહોન્સને તોછડાઈપૂર્વક કહ્યું કે તે સૂવર માટે યોગ્ય વાનગી હતી. યજમાન મહિલા આઘાત પામી, છતાં તેણીએ મીઠાશપૂર્વક કહ્યું કે....

@Gujaratibookz

પ્રશ્નો

અ. યજમાન મહિલાએ શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “સાહેબ, તો તમને હું થોડી વધારે આપું.”

બ. જહોન્સન તોછડો થવા છતાં, મહિલાએ પોતાને ગુનેગાર ઠેરવાવા ન દીધી.

ડહાપણ પર

@Gujaratibookz

૧૪

તણાવપૂર્ણ જીવનનો ઉપચાર

સુનીલ જ્યોર્જને હૃદય રોગનો તીવ્ર હુમલો થયો હતો. તેના પરિવારના ડોક્ટરને બોલાવવામાં આવ્યા.

ડોક્ટરનો ચૂકાદો નિરુત્સાહ કરનારો હતો. તેમણે કહ્યું, "સુનીલ, વસ્તુઓને હળવાશથી લેવાની મારી સલાહને તું અવગણતો આવ્યો છે. હવે હું આમાં કંઈ કરીશ નહીં. જો હવે તું તબીબી સલાહને અવગણવાનું ચાલુ રાખીશ તો તું ગંભીર મુસીબતમાં છે. તારે વેપાર સંભાળવાનું કડકપણે છોડી દેવું પડશે અને શક્ય હોય તો એક એકલવાયા દરિયા કિનારે જઈને, ત્રણ મહિના સુધી શાંતિની અને પ્રવૃત્તિ વગરની જીંદગી જીવવી જોઈએ. કોઈ જ પત્રો, ટેલીફોન કોલ્સ કે વેપારની વાતો પણ નહીં. સમજ્યો ?"

સુનીલ સમજ્યો. પરંતુ તેને માટે આનો અર્થ દુનિયાનો અંત એવો થતો હતો. તે હજી પ્રમાણમાં યુવાન હતો, તેના પચાસના દાયકામાં અને તેની માનસિક શક્તિનાં ઉચ્ચ સ્તર પર. તે પોતાના વેપારને એક નમ્ર શરૂઆતથી અત્યારે તે જે ઉચ્ચ સ્થાન ધરાવતો હતો ત્યાં સુધી લઈ ગયો હતો.

સુનીલ તેના વેપારને ચાહતો હતો; તે માત્ર તેના વિશે જ જાણતો હતો અને તેણે માત્ર તે જ કામ કર્યું હતું. દરરોજ તે ઑફિસ જવાના વિચાર કરતો. રાત્રે સૂવા જતા પહેલાં તે તેનાં મનમાં વેપારની સમસ્યાઓ વિશે વિચારતો : દરેક પાસાં વિશે પ્રેમપૂર્વક વિચારતો અને અનુભવોને માણતો અને હંમેશાં ચોક્કસાઈ રાખતો કે તેની પાસે તે બધાનો જવાબ હોય. વેપાર જગતમાં સુનીલ અત્યંત પ્રજ્ઞાવાન ગણાતો; માણસ કરતાં મશીન જેવો વધારે મનાતો.

તેને માન અપાતું, પરંતુ (આ બાબત વિશે તે ક્યારેય સજાગ ન હતો કે તેની તેને પડી પણ ન હતી) પ્રેમ ન કરાતો. તેનો પરિવાર પણ તેને પ્રેમ નહોતો કરતો. તે જાણે માનવ સંબંધોથી સંપૂર્ણપણે

કપાઈ જઈને હાથીદાંતના ટાવરમાં રહેતો હતો. તેનું સમગ્ર વિશ્વ, કાપીને સૂકવેલી વસ્તુઓનાં ગણિતની આસપાસ ઘૂમતું રહેતું. તે સાથીઓને કહેતો, "મને સમસ્યાઓના ટુકડાઓ આપો. તો ગોળ, ચોરસ, લંબગોળ કે અન્ય કોઈ પણ આકારના ભલે હોય. હું તેમને માટે યોગ્ય ઉકેલ શોધીશ. પરંતુ મને લોકોથી દૂર રહેવા દેજો. તમે તેમને સમજી ન શકો."

હવે, સુનીલનો દેશવટો સંપૂર્ણ હતો. તે અપ્રત્યક્ષ રીતે જેલમાં હતો, બધા જ આદાન-પ્રદાનથી સંપૂર્ણ કપાઈ ગયેલો અને તેને તેનો અણગમો આવતો હતો.

એક દિવસ, તે ઉદાસીનતાપૂર્વક દરિયા તરફ જોતો જોતો જ્યારે દરિયા કિનારે ચાલતો હતો ત્યારે તેણે એક વૃદ્ધને ખડક પર બેઠેલો જોયો. વૃદ્ધના હાથમાં માછલી પકડવાનો સળિયો હતો અને તે પાઈપ પીતો હતો. તેની સફેદ દાઢી હતી અને ભૂરી આંખો ચમકતી હતી. સુનીલ તેમની સાથે વાત કરવા ખેંચાયો.

"તમે કંઈ પકડ્યું ?"

વૃદ્ધ હસ્યો અને હકારમાં ડોક નમાવી.

"તમે શું પકડ્યું ?" સુનીલે પૂછ્યું.

વૃદ્ધે પોતાનાં મસ્તકને અને પછી છાતીને સ્પર્શ કર્યો.

"હું સમજ્યો નહીં." સુનીલે કહ્યું.

"બેસ" વૃદ્ધે કહ્યું.

સુનીલે બેસી ગયો. તે વૃદ્ધમાં કંઈક બળજબરી કરનાર તત્ત્વ હતું. સુનીલનો રસ સળવળ્યો.

વૃદ્ધે કહ્યું, "હું તને જોતો હોઉં છું, તું દરરોજ કિનારા પર ચાલે છે, પરંતુ ક્યારેય તેના તરફ જોતા નથી. તું અહીં હોવા નથી ઈચ્છતો, તું ક્યાંક બીજે હોવા ઈચ્છે છે, પરંતુ તું ત્યાં જઈ શકતો નથી અને એ વાત સ્વીકારવો તું ઈન્કાર કરે છે હવે મેં શું પકડ્યું તે હું તને કહીશ."

પ્રશ્નો

અ. કિનારા પર વૃદ્ધે શું પકડ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. વૃદ્ધે કહ્યું : "મેં એ જ્ઞાન પકડ્યું કે ઈશ્વર બ્રહ્માંડનું સંચાલન કરે છે. મેં માત્ર આકાશ તરફ અને દરિયા તરફ જોઈને, મારાં મસ્તક વડે તે જ્ઞાન મેળવ્યું. પછી મેં એ લાગણી મેળવી કે ઈશ્વર મારું સંચાલન કરે છે. મેં સ્થિર બેસીને અને શ્રવણ કરીને આ વસ્તુને મારાં હૃદય વડે પકડી.

@Gujaratibookz

જીવનમાં જે કાંઈ પણ પકડવાનું છે તે અહીં જ બેસીને પકડાય છે, માછલી પકડવી તે એ રીતે સારું છે. શા માટે તું એ પ્રયાસ નથી કરી જોતો ?”

સુનીલે તેમ કર્યું. તેના બાકીના ફરજીયાત એકાંત નિવાસ દરમિયાન તેણે વૃદ્ધ સાથે માછલી પકડી અને તેણે પોતાનો આનંદ અને ઉત્સાહ વધતાં અનુભવ્યાં. એક વર્ષની અંદર, ડોક્ટરે તેને સંપૂર્ણ તંદુરસ્ત અને ચૂસ્ત જાહેર કર્યો.

કામ પર પાછો ફરતાં તે પોતાનાં કામમાં તો પહેલાં જેટલો સફળ છે જ, પરંતુ હવે લોકો સાથેના સંબંધમાં પણ સફળ છે. તે અઠવાડિયાંના માત્ર ચાર દિવસ જ કામ કરે છે અને દર શનિ-રવિ દરિયા કિનારે માછલી પકડવા જાય છે. પરંતુ મોટાભાગના લોકો તેનું કારણ સમજતા નથી કારણ કે તે ભાગ્યે જ કોઈ માછલી લઈને ઘેર આવે છે.

બ. આ વાર્તા ખાસ કરીને જેઓ વેપાર જગતમાં છે અને જેઓ તાણાવપૂર્ણ જીવન જીવે છે તે જે બધાનું પ્રગટીકરણ છે તે ઈશ્વર તરફ સંપૂર્ણ સમર્પણનો સિદ્ધાંત શીખવે છે, જે પછીથી નમ્રતાનો ગુણ વિકસાવે છે. નમ્રતામાંથી ખુશી આવે છે અને આનંદિત જીવનમાંથી ઝળહળતું આરોગ્ય પ્રગટે છે.

@Gujaratibookz

૧૫

પાપનો દોષભાવ

એક વખત બે માણસોએ તેમનાં હૃદયમાં પસ્તાવાના ભાવ સાથે એક પવિત્ર માણસની મુલાકાત લીધી. તેણે કહ્યું, "અમે ખોટું કામ કર્યું છે અને અમારા અંતરાત્માને મુશ્કેલી થાય છે. અમારા દોષભાવને ધોઈ નાખવા માટે શું કરવું જોઈએ તે આપ અમને કહેશો ?"

"વત્સ, તમારાં ખોટાં કામ વિશે મને કહો." પવિત્ર માણસે કહ્યું. પહેલા માણસે કહ્યું, "મેં મોટું અને વ્યથાપૂર્ણ પાપ કર્યું છે."

"તેં શું કર્યું છે ?" પવિત્ર માણસે બીજાને પૂછ્યું. "ઓહ" તેણે કહ્યું. "મેં સંખ્યાબંધ ખોટી વસ્તુઓ કરી છે, પરંતુ તે બધી ઘણી જ નાની છે અને જરાય મહત્ત્વપૂર્ણ નથી."

પવિત્ર માણસે થોડી વાર વિચાર્યું અને છેવટે કહ્યું, "તમારે દરેક પોતાનાં દરેક દુષ્કર્મ માટે એક એક પથ્થર મને લાવી આપવો પડશે."

થોડા સમય પછી, પહેલો માણસ પ્રચંડ ખડક લઈને આવ્યો અને એક ઉહંકાર સાથે તેને પવિત્ર માણસના પગ પાસે મૂક્યો. પછી બીજો માણસ નાના પથ્થરો ભરેલી થેલી લઈને આનંદથી આવ્યો. તેણે પણ તેને સંતના પગ પાસે મૂકી.

સંતે કહ્યું, "હવે, આ બધા પથ્થર લઈને પાછા તેમને જ્યાંથી લાવ્યા હતા ત્યાં જ મૂકી આવો."

પહેલા માણસે પોતાનો ખડક પાછો ખભે ઉપાડ્યો અને તેને જ્યાંથી લાવ્યો હતો ત્યાં શ્રમપૂર્વક પાછો લઈ ગયો. પરંતુ બીજા માણસને તે પથ્થરોમાંથી બહુ થોડા જ ક્યાં પડેલા હતા તે યાદ હતું. થોડી વાર પછી, તે પાછો આવ્યો અને કહ્યું કે આ કામ ઘણું જ મુશ્કેલ હતું.

પછી, તે શાણા માણસે તેમને નીચે મુજબ સલાહ આપી :

પ્રશ્નો

અ. શાણા માણસની સલાહ શું હતી ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. જો કોઈ વ્યક્તિએ મોટું પાપ કર્યું છે તો તે તેની ચેતના પર એક ભારે પથ્થરની જેમ રહે છે; પરંતુ જો તેને પોતાની ભૂલનો ખરેખર પસ્તાવો થાય છે તે તેને માફી મળે છે અને તેનો બોજ દૂર કરાય છે. જોકે, જો કોઈ વ્યક્તિ સતતપણે ખોટાં કાર્યો કરતી રહે છે તો તેને દોષ ભાવનો બોજ લાગતો નથી અને આથી તે પાપી જ રહે છે.

બ. મોટાં પાપની જેમ જ નાનાં પાપ કરવાનું પણ ટાળવું તે મહત્વનું છે.

@Gujaratibookz

૧૬

જીવન તરફની સમતોલ દૃષ્ટિ

ત્રણ માણસો એક નીસરણીનાં પગથીયા પર ઊભા હતા. પહેલો સૌથી ઉપર ઊભો હતો, બીજો તળિયે અને ત્રીજો મધ્યમાં ઊભો હતો. પહેલા માણસે નિરીક્ષણ કર્યું, "પગથીયાં નીચે તરફ જાય છે."

@Gujaratibookz

"ના" બીજાએ કહ્યું, "પગથીયાં ઉપર તરફ જાય છે."

ત્રીજા માણસે કહ્યું...

પ્રશ્નો

અ. ત્રીજા માણસનું નિરીક્ષણ શું હતું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "પગથીયાં ઉપર અને નીચે બંને તરફ જાય છે."

બ. તમે ક્યાં ઊભા છો તેનો તમારી દૃષ્ટિ પર પ્રભાવ પડે છે. જોકે, જીવનના સમતોલ દૃષ્ટિકોણમાં માત્ર તમારા જ નહીં, બધા જ દૃષ્ટિ બિંદુઓનો સમાવેશ થાય છે. દરેક દૃષ્ટિને તેનું પોતાનું મુલ્ય હોય છે.

૧૭

ડહાપણ મેળવવું

એક યુવાને એક વાર સોક્રેટીસને પૂછ્યું, “હું કેવી રીતે ડહાપણ પ્રાપ્ત કરી શકું ?”

“મારી સાથે આવ,” સોક્રેટીસે જવાબ આપ્યો. તે તેને નદીએ લઈ ગયો, યુવાનનાં માથાંને ત્યાં સુધી પાણીની અંદર દબાવી રાખ્યું જ્યાં સુધી તે હવા માટે તરફડવા માંડ્યો. પછી તેણે તે છોકરાને છુટ્ટો કર્યો, અને તે સ્વસ્થતા પાછી મેળવે ત્યાં સુધી રાહ જોઈ. પછી, સોક્રેટીસે તેને પૂછ્યું, “તું પાણીની અંદર હતો ત્યારે તેં સૌથી વધારે શું ઈચ્છ્યું હતું ?”

“હવા” છોકરાએ કહ્યું.

“શું તેં બીજી કોઈ વસ્તુ વિશે વિચારેલું ?” સોક્રેટીસે પૂછ્યું.

“મજાક કરો છો ?” છોકરાએ કહ્યું, “બીજું કેવી રીતે વિચારી શકું ?”

સોક્રેટીસે તેના તરફ સ્મિત કર્યું અને કહ્યું...

પ્રશ્નો

અ. સોક્રેટીસે યુવાનને શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “તું એટલી તીવ્રતાપૂર્વક હવા મેળવવા ઈચ્છતો હતો કે તું બીજા કંઈ વિશે વિચારી જ ન શકે. જ્યારે તું આટલી જ તીવ્રતાપૂર્વક ડહાપણ વિશે ઈચ્છીશ, ત્યારે તું તે પ્રાપ્ત કરીશ.”

બ. જો તમે કંઈક ઈચ્છતા હોવ, તો તમારે તમારું બધું જ ધ્યાન અને ઊર્જા તે પ્રાપ્ત કરવામાં કેન્દ્રિત કરવી જોઈએ. જુસ્સા સાથે ઉપાડવામાં આવે તો કંઈ પણ વસ્તુ સિદ્ધ કરી શકાય.

@Gujaratibookz

૧૮

ઈશ્વર સાથે વાર્તાલાપ

એક નાનો બાળક ખૂબ જ નરમાશથી સૂવા સમયની પ્રાર્થના કરી રહ્યો હતો. તેની માતા ગણગણી, "હું તને સાંભળી શકતી નથી."

@Gujaratibookz

છોકરાએ જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. નાના બાળકનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "હું તારી સાથે વાત નહોતો કરતો."

બ. પ્રાર્થના ઈશ્વર માટેનો અંગત સંદેશ છે; આપણી પ્રાર્થના કરવાની રીતમાં કોઈએ હસ્તક્ષેપ ન કરવો જોઈએ. બે ચોક્કસ વ્યક્તિ : ઈશ્વર અને આપણા વચ્ચે જ્યારે વાર્તાલાપ થાય ત્યારે પ્રાર્થના સૌથી અસરકારક હોય છે.

૧૯

તમારી પ્રાર્થનાઓ વિશુદ્ધ રાખો

એક શિષ્ય એ મુહમદને કહ્યું, “માલિક, મારા છએ ભાઈઓ સૂઈ ગયા છે અને હું એકલો જ અલ્લાહની પ્રાર્થના કરવા જાગી રહ્યો છું.”

મુહમદે જવાબ આપ્યો...

@Gujaratibookz

પ્રશ્નો

અ. મુહમદનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. જો તારી અલ્લાહની પૂજામાં તારા ભાંડરું વિરુદ્ધ આક્ષેપ સામેલ હોય તો તું પણ ઊંધી જાય તે જ વધુ સારું છે.

બ. તિરસ્કાર, ઘૃણા અથવા પૂર્વગ્રહ યુક્ત હૃદય વડે કરાયેલ પૂજા પણ પ્રદુષિત છે. પ્રાર્થનાનો હેતુ પોતાની જાતને વિશુદ્ધ કરવાનો છે અને અન્યોના દોષો તરફ આંગળી ચિંધવાથી આ ન થઈ શકે.

૨૦

શાંતિ અને સ્વસ્થતાની કિંમત

એક મુસાફર એક અપરિચિત નગરની સૂમસામ શેરીમાં ચાલ્યો જતો હતો ત્યારે એક દુકાન પર લખાણ જોયું કે, "અહીં સ્વસ્થતાનું વેંચાણ થાય છે." કુતુહલથી તે પ્રવેશ્યો અને પૂછયું, "તમે ક્યાં ઉત્પાદનો વેંચો છો ?"

"અરે, ઘણી વસ્તુઓ", દુકાનદારે જવાબ આપ્યો. "અમે મનની શાંતિ, સ્વસ્થતા, આત્મ વિશ્વાસ, નિર્મળતા, ખુશી, નમ્રતા અને માણસોની જેની આકાંક્ષા છે તેવા અન્ય બધા જ ગુણો વેંચીએ છીએ."

"એ તો અદ્‌ભુત વાત છે, તો પછી વેપાર સારો થતો હશે ?" મુસાફરે જવાબ આપ્યો.

"ના, તમે ધારો છો તેટલો સારો નહીં. લોકો કિંમત ચૂકવવા તૈયાર નથી."

"તમારો ભાવ ઘણો ઊંચો હોવો જોઈએ ! મને લાગે છે કે માત્ર શ્રીમંતોને જ તમારી વસ્તુઓ પોસાતી હશે."

"ના, બધાને તે પોસાઈ શકે તેમ છે, પરંતુ કોઈને તેને માટે કિંમત ચૂકવવામાં રસ નથી."

"મને એ કહો, તમે તમારી વસ્તુઓ માટે કેટલો ભાવ લો છો ?"

પ્રશ્નો

અ. દુકાનદારનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

@Gujaratibookz

જવાબો

અ. “આને માટેની રકમ પૈસાનાં રૂપમાં નહીં પરંતુ વિચારો, લાગણી અને ક્રિયાઓની ચેતનાના રૂપમાં ચૂકવવાની હોય છે. ગ્રાહક પોતાના તથા પોતાનાં વાતાવરણ વિશે જાગૃત હોવો જોઈએ.”

બ. જાગૃતતાના સાદા સિદ્ધાંત વડે દરેક સમસ્યા હલ કરી શકાય. તમારા વિચારો, લાગણીઓ તથા ક્રિયાઓ વિશે જાગૃત હોવું તે તેમને નિયંત્રિત કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે. એક વાર તમને ખ્યાલ આવી જાય કે તમે ગુસ્સામાં છો, તો તમારો ગુસ્સો ઓછો થઈ જશે. એક વાર તમે કબુલ કરો કે તમે ચિડાયેલા છો, તો તમારી ચિડ હળવેકથી ચાલી જશે. જો તમે સતત જાગૃતિનું જીવન જીવશો તો તમારા વિચારો શુદ્ધ થશે, લાગણીઓ સૌમ્ય થશે અને ક્રિયાઓ ઉત્કૃષ્ટ થશે; તમે એક સ્વપરિપૂર્ણ વ્યક્તિ બનશો.

@Gujaratibookz

૨૧

જાણવા અને કરવા વચ્ચેનો તફાવત

લગભગ એંશી વર્ષની ઉંમરના એક પ્રખ્યાત કન્ફ્યુસીયન પંડિતનો શીખવા તથા સમજવામાં કોઈ જોટો નથી તેમ કહેવાતું. પછી એક અફવા પ્રસરી કે દૂર કશેક એવો નવો ઉપદેશક ઊભો થયો હતો અને તેની પાસે તેમના કરતાં વધારે ઊંડું જ્ઞાન હતું. વૃદ્ધ પંડિત આ પચાવી ન શક્યા.

"એક યા બીજી રીતે આ વાતનો નિવેડો લાવવો જ પડશે" તેમણે પોતાની જાતને કહ્યું.

તેમની વયોવૃદ્ધતા છતાં તેઓ એકલા જ આ કઠિન પ્રવાસ માટે નીકળી પડ્યા. રસ્તામાં મહિનાઓ વિત્યા પછી તેઓ પોતાનાં ગંતવ્ય સ્થાને પહોંચ્યા, પોતાનો પરિચય આપ્યો અને તેમની મુલાકાતનો હેતુ જણાવ્યો.

નવી ઝેન શાખાના વિદ્વાન એવા તેમના યજમાને માત્ર આટલું જ કહ્યું : "ખરાબ કરવાનું ટાળવું અને શક્ય તેટલું સારું કરવું - આ બધા બૌધોનો ઉપદેશ છે."

આ સાંભળીને કન્ફ્યુશીયન સજ્જન ઉખળી પડ્યા. "દરેક રાહદારીને જે મોઢે છે તેવું આ નાનકડું જોડકણું સાંભળવા માટે શું મેં અહીં આવવાની આટલી જહેમત ઉઠાવી છે ? શું તમે મારી ઠેકડી ઉઠાવો છો ?"

પ્રશ્નો

અ. ઝેન વિદ્વાને શું જવાબ આપ્યો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “હું જરાપણ તમારી હાંસી નથી ઊડાવતો. ચોક્કસ, દરેક રાહદારી આ ઉક્તિ જાણે છે. જોકે, દરેક વ્યક્તિ આ મુજબ જીવી શકતી નથી.”

બ. જો જ્ઞાન પોતે જ સર્વોચ્ચ મુલ્ય ધરાવતું હોત, તો પૃથ્વી પરનો સૌથી મહાન વિદ્વાન એક સુસજ્જ પુસ્તકાલય હોત. અસરકારક, મુલ્યવાન અને સફળ જીવન માટે વ્યક્તિએ પોતાના તથા અન્યોનાં ભલાં માટેનાં આ જ્ઞાન પર કાર્ય કરવું જોઈએ.

@Gujaratibookz

૨૨

મન સ્થિર કરવું

એક અસંતુષ્ટ યુવાન મહત્ત્વાકાંક્ષી એ એક વૃદ્ધ સાધુની મુલાકાત લીધી. યુવાને ફરિયાદ કરી કે તેણે પોતાનું સમગ્ર જીવન સત્કાર્યોમાં સમર્પિત કરી દીધું હોવા છતાં, તેને હજી સુધી શાંતિ પ્રાપ્ત નહોતી થઈ.

વૃદ્ધ સાધુએ તેને નજીકના છીછરાં ખાડામાંથી થોડું પાણી લાવી આપવા કહ્યું. પાણી ડહોળું હતું.

"તેને સ્થિર રહેવા દે." વૃદ્ધે કહ્યું. થોડી વાર પછી, કાદવ અને રેતી વાસણના તળિયે બેસી ગયાં અને પાણી સંપૂર્ણપણે સ્વચ્છ થઈ ગયું.

ત્યારે તે સાધુએ કહ્યું...

પ્રશ્નો

અ. સાધુએ યુવાનને શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. સાધુએ કહ્યું, "તારું પોતાનું જીવન ડહોળાયેલ પાણી જેવું છે. તું જેટલી વધારે પ્રવૃત્તિઓ કરે તેટલું તારું મન વધારે વ્યથિત અમે વ્યગ્ર બને છે. તેને બદલે જો તું તારી જાતને પ્રાર્થનાનાં જીવન

@Gujaratibookz

માટે થોડી વાર માટે મૌનને સોંપી દે, તો તારું હૃદય આ પાણી જેવું સ્વચ્છ અને નિર્મળ થઈ જશે.”

બ. મનની શાંતિ મેળવવા માટે, મનને મૌન અને પ્રાર્થના દ્વારા સ્થગિત કરી દેવું આવશ્યક છે.

“જે મન ઝડપી છે તે બીમાર છે, જે મન ધીમું છે તે મજબૂત છે અને જે મન સ્થગિત અને મૌન છે તે દિવ્ય છે.”

– એકનાથ ઈશ્વરન.

@Gujaratibookz

૨૩

બુદ્ધ હોવુંનો અર્થ શું છે

એક માણસ બુદ્ધ પાસે આવ્યો અને તેમને પૂછયું, “બુદ્ધ, મને કહો કે શું તમે ઈશ્વર છો ?”
“ના”, બુદ્ધે જવાબ આપ્યો. “હું ઈશ્વર નથી.”
“તો શું તમે દેવદૂત છો ?” તે બોલ્યો.
“ના, હું તે નથી.”
“શું તમે ધર્મોપદેશક છો ?” તેણે પૂછ્યું.
“ના, હું ધર્મગુરુ પણ નથી.” બુદ્ધનો શાંત જવાબ હતો.
“તો પછી તમે છો શું ?” તેણે માગણી કરી.
જેનો બુદ્ધે જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. બુદ્ધનો જવાબ શું હતો ?
બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?
તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

@Gujaratibookz

અ. બુદ્ધે કહ્યું, “હું જાગૃત છું.”

બ. આપણામાંના મોટાભાગના લોકો જાગૃત નથી પરંતુ અવિરત નિદ્રામાં છીએ. આપણે આપણા પોતાના વિચારો, લાગણીઓ તથા ક્રિયાઓ તરફ સભાન નથી હોતા. આપણે સ્વાયત્તની જેમ કામ કરીએ છીએ; મશીનની જેમ વર્તન કરીએ છીએ. પ્રબુદ્ધ બનવા માટે આપણે જેઓ સભાન અને જાગૃત છે તેમના જેવા બનવું જોઈએ.

@Gujaratibookz

૨૪

જેઓ તમારે માટે ઉપાધિકારક છે તેમને માટે પ્રાર્થો

નોર્મન વીન્સેન્ટ પેલે સ્વસુધારણા પરનાં પુસ્તકોના સુપ્રસિદ્ધ લેખક છે. એક વખત, જ્યારે તેઓ તેમનાં પત્ની સાથે ઉત્તર ઈટાલીમાં હતા, ત્યારે તેમણે સ્ટ્રેસાની મુલાકાત લીધી અને મેગીઓરે તળાવમાં એક સુંદર હોટેલમાં રહ્યા. સ્ટ્રેસા યુરોપમાં એક સૌથી સુંદર અને સૌથી શાંતિવાળું સ્થળ છે, અને પ્રથમ રાત્રીએ, પેલે એક આરામપ્રદ ઊંઘની અપેક્ષા સાથે પથારીમાં પડ્યા.

દુર્ભાગ્યે, હોટેલ તળાવને ફરતે આવેલ મુખ્ય માર્ગ પર સ્થિત હતી. થોડી જ વારમાં, ઘોંઘાટીયાં વેસ્પા અને લેમ્બ્રેટા દ્વિચક્રીઓના સતત અને અવિરત પ્રવાહે રાત્રીને ઘોંઘાટીયા વાતાવરણમાં ફેરવી નાખી. પેલે મૌનના- શાંતના એક ટૂંકા વિરામની આશા સાથે પથારીમાં પડ્યા રહ્યા પરંતુ જરા પણ વિરામ ક્યારેય આવ્યો જ નહીં, અવાજ હંમેશાં દૂર જતો કે નજીક આવતો કે અત્યંત વિનાશક શક્તિ સાથે તેમના પર ચડી આવતો રહ્યો.

થોડી જ વારમાં, તેઓ આ અક્કલ વગરના અવાજ કરનારાઓ પર ખૂબ જ ચિડાઈ ગયા. તેઓ ઊભા થયા અને પછાડીને બારી બંધ કરી. પરંતુ તેથી ઓરડો અતિશય ગરમ થઈ ગયો. પેલે એ નિસાસો નાખ્યો; કાં તો ગરમી હતી કે પછી અવાજ, અથવા બંને. કાનમાં રૂ ભરાવવાથી પણ કોઈ મદદ ન મળી. તેમણે પથારીમાં પડખાં ઘસ્યા કર્યા અને શોકાર્ત કટુતા સાથે તેમણે જેઓ સૂવાનો પ્રયત્ન કરનાર અન્યો વિશે વિચાર્યા વગર આખી રાત વાહનો ભગાવતા હતા તે લોકો વિશે પોતે જે વિચારતા હતા બરાબર તે જ તેમના પત્નીને કહ્યું.

તેમનાં પત્નીએ તેમને કંઈક કરવા સૂચન કર્યું. તેઓ તે સૂચનને અનુસર્યા અને સવારે સાડા આઠ વાગ્યા સુધી ઊંઘ્યા.

પ્રશ્નો

અ. તેમનાં પત્નીનું સૂચન શું હતું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. તેણીએ સૂચવ્યું કે સ્કુટર સવારોને શ્રાપ આપવાને બદલે તેમની સુરક્ષા માટે પ્રાર્થના કરો.

બ. આપણા માટે સમસ્યાઓ સર્જે તેમને પ્રેમ કરવો તે ઉત્કૃષ્ટ નૈતિકતા છે. જ્યારે જેઓ આપણે માટે ઉપાધિરૂપ છે તેમને માટે આપણે પ્રાર્થના કરીએ ત્યારે આપણે સક્રિયપણે આપણાં મનને સ્વસ્થ બનાવીએ છીએ અને શાંત પાડીએ છીએ. આપણા ગુસ્સા પર નિયંત્રણ કરવાનું પસંદ કરવું તે આપણાં પોતાનાં આરોગ્ય તથા ખુશીમાં ફાળો આપે છે.

@Gujaratibookz

૨૫

સન્યસ્ત લેવું

સન્યસ્ત લીધેલ એક દંપતિએ વિવિધ ધાર્મિક સ્થળોની યાત્રા હાથ ધરી.

એક વખત, પત્નીથી થોડા આગળ નીકળી ગયેલા પતિએ રસ્તા પર એક હીરો પડેલો જોયો. તેણે તરત જ તેને છુપાવવા માટે જમીન રગદોળી નાખી. તેને ડર હતો કે જો તેની પત્ની તેને જોશે તો તેણી તેની લાલચમાં ચલિત થઈ જશે અને તેના ત્યાગની યથાર્થતા ગુમાવી દેશે.

જ્યારે તે આ રીતે વ્યસ્ત હતો ત્યારે તેની પત્ની તેની પાસે આવી પહોંચી અને તે શું કરતો હતો તે પૂછ્યું.

તેણે તેણીને ઉડાઉ જવાબ આપ્યો.

જોકે, તેણીના ધ્યાનમાં હીરો આવ્યો અને તેના આશયનું અનુમાન કરીને તેને પૂછ્યું...

પ્રશ્નો

અ. તેણીનો પ્રશ્ન શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. જો હજી પણ તને હીરા અને ધૂળ વચ્ચે ફરક લાગતો હોય તો તેં દુનિયા કેવી રીતે છોડી છે ?

બ. એક વ્યક્તિ જ્યાં સુધી શારીરિક, માનસિક કે ભાવનાત્મક રીતે બધી જ દુન્યવી વસ્તુઓથી સંપૂર્ણપણે અલિપ્ત ન થઈ જાય ત્યાં સુધી તેણે ખરા અર્થમાં દુનિયાનો ત્યાગ કર્યો નથી.

@Gujaratibookz

૨૬

તમે જે ઉપદેશ આપો છો તેનું આચરણ કરો

એક વખત, એક દુર્લભ ઘટના હોય તેવો વાંદરો હતો. તે ધર્મ અને તત્વજ્ઞાન પર પ્રભાવશાળી અને પ્રેરક વ્યાખ્યાનો આપી શકતો. પ્રેમ, શાંતિ અને ભાઈચારા વિશેના તેના છટાદાર સંદેશાઓ સાંભળવા માટે નજીક તથા દૂરથી મેદની આવતી.

@Gujaratibookz

દર સાંજે, વાંદરાને તેના બુદ્ધિશાળી દેખાવ બદલ છ શીંગ આપવામાં આવતી. પછી, એક સાંજે ભૂલથી તેને માત્ર પાંચ જ શીંગ અપાઈ.

પ્રશ્નો

અ. વાંદરાએ કેવી પ્રતિક્રિયા આપી ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. વાંદરો ગુસ્સાથી પાગલ થઈ ગયો અને તેણે ધર્મ તથા તત્વજ્ઞાનનાં પુસ્તકોના ફાડીને ટુકડા ટુકડા કરી નાખ્યા.

બ. આ વાર્તામાંના વાંદરાની જેમ, ઘણા પોતાના ઉપદેશોનું આચરણ કરવાનું ભૂલી જાય છે. આચરણ કર્યા વગરનો ઉપદેશ એ માત્ર યાંત્રિક જ્ઞાનનું પ્રદર્શન છે; તે કોઈ પણ ચિરકાલીન છાપ ઊભી નહીં કરે.

૨૭

આધ્યાત્મિક કસરત શું છે ?

એક શિષ્યએ તેના ગુરુને પૂછ્યું, “શું તમે મને આધ્યાત્મિક કસરત આપી શકો ?”

ગુરુએ કહ્યું, “જમીન પર ઝાડુ માર.”

“એક આધ્યાત્મિક કસરત” શિષ્યએ આગ્રહ રાખ્યો.

ગુરુએ કહ્યું, “તારાં ઝાડુ મારવા વિશે સભાન રહીને ઝાડુ માર.”

“પરંતુ એ તો હું હંમેશાં એમ જ કરું છું,” શિષ્યએ કહ્યું.

“ના”, ગુરુએ કહ્યું. “તું....”

પ્રશ્નો

અ. ગુરુએ શિષ્યને શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “તું તારું મગજ એક માઈલ દૂર રાખીને યાંત્રિક રીતે ઝાડુ મારે છે. જો તું તારાં કામમાં ધ્યાન કેન્દ્રિત કરીશ તો તું આધ્યાત્મિક રીતે તેની સાથે જોડાઈશ. સભાનપણે જે કાંઈ પણ કરવામાં આવે તે આધ્યાત્મિક કસરત છે.”

@Gujaratibookz

બ. સાચી આધ્યાત્મિકતામાં દુન્યવી કાર્યોને પણ સભાન મન સાથે કરવાનો સમાવેશ થાય છે. એક સભાન મન એ છે જે કામ જ્યાં હોય ત્યાં જ રહે છે.

@Gujaratibookz

૨૮

ઈશ્વર જે લાયક હોય તેને બચાવે છે

ધર્મગુરુ મુહમદ અને અલી જ્યારે એક માણસને મળ્યા ત્યારે તેઓ ચાલવા નીકળ્યા હતા. કોઈ જાતની ઉશ્કેરણી નહોતી કરી છતાં, નવા આવનાર માણસે ખૂબ જ ગંદી ભાષામાં અલીને ભાંડવાનું શરૂ કર્યું. પહેલી થોડી મિનિટો સુધી અલીએ શાંતિ જાળવી રાખી. જ્યારે ગાળો ચાલુ રહી, ત્યારે તેણે તેની પોતાની ગાળો વડે બદલો લીધો. એ બિંદુ પર, મુહમદ અલીને છોડીને ચાલી નીકળ્યા.

જ્યારે અલી ફરી મુહમદ સાથે જોડાયો ત્યારે તેણે ફરિયાદ કરી, "તું કેવો મિત્ર છે ? પેલો માણસ મને ગાળો આપતો હતો અને મારે એકલાએ મારો બચાવ કરવો પડ્યો."

પ્રશ્નો

અ. મુહમદનો ખૂલાસો શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "જ્યારે તે તોછડો માણસ તારું અપમાન કરતો હતો અને તું મૌન હતો ત્યારે દસ દેવદૂતો તારું રક્ષણ કરતા હતા અને તારા વતી પ્રત્યાઘાતો આપતા હતા. જેવાં તેં અપમાનો પાછાં વાળવાનાં શરૂ કર્યા કે દેવદૂતોએ તારો પક્ષ છોડી દીધો અને તેથી મેં પણ છોડી દીધો."

બ. જ્યારે આપણું અકારણ અપમાન થાય ત્યારે ઈશ્વર આપણું રક્ષણ તથા બચાવ કરે છે.

જોકે, જો આપણે નીચા ઉતરીએ અને બદલો લઈએ, તો ઈશ્વર આપણને રક્ષણને પાત્ર ગણતા નથી.

@Gujaratibookz

૨૯

કર્મયોગી બનો

પોતાનાં પુસ્તક એડવેન્ચર્સ ઈન ટુ વર્લ્ડસ માં એ.જે. ક્રોનીન વેલ્શ ખાણ કંપનીમાં પોતાના મેડીકલ ઑફિસર તરીકેના દિવસો વિશે વાત કરે છે. અહીં તેનું અવતરણ આપ્યું છે :

@Gujaratibookz

મેં તમને ઓલ્વીન ડેવીસ, મધ્યવયસ્ક નર્સ વિશે વાત કરી છે, જેણે વીસ કરતાં પણ વધારે વર્ષોથી પોતાના મનોબળ અને ધૈર્ય વડે, સ્વસ્થતા અને આનંદી સ્વભાવ વડે ટ્રેગેનીના લોકોની સેવા કરી છે. આ અસભાન નિ:સ્વાર્થતા જે તેનાં ચારિત્ર્યનું સૌથી મુખ્ય બંધન દેખાતું હતું, તેનો એટલો ખરાબ રીતે બદલો વાળવામાં આવ્યો કે તેણે મને ચિંતા કરાવી. ભલે લોકો તેને ખૂબ જ પ્રેમ કરતા હતા છતાં તેણીનો પગાર ખૂબ જ અપર્યાપ્ત હતો અને એક રાત્રે એક ખૂબ જ મુશ્કેલ કેસનું કામ કર્યા પછી મોડી રાત્રે અમે જ્યારે સાથે ચહા પીતાં હતાં ત્યારે મેં તેણીનો બચાવ કરવાનું સાહસ કર્યું. મેં કહ્યું, "નર્સ, તમે કેમ તેમની પાસે વધારે પગાર નથી માંગતા ? તમારે આટલા ઓછા વળતર માટે કામ કરવું પડે તે ઘણું ખરાબ છે." તેણીએ પોતાની ભમ્મરો સ્હેજ ઊંચી કરી. પરંતુ તેણીએ સ્મિત કર્યું અને કહ્યું, "મારી પાસે જીવવા માટે પૂરતું છે." મેં આગ્રહ રાખ્યો, "ના, ખરેખર, તને ઓછામાં ઓછો અઠવાડિયે એક પાઉન્ડ તો વધારે મળવો જ જોઈએ. ઈશ્વર જાણે છે કે તું તેને લાયક છે." થોડી વાર મૌન રહ્યું. તેણીનું સ્મિત ચાલુ રહ્યું પરંતુ તેણીની નજર ભારે અને તીક્ષ્ણ થઈ ગઈ જેનાથી તે મને તાકી રહી. તેણીએ કહ્યું, "ડોક્ટર..."

પ્રશ્નો

અ. નર્સ ઓલ્વીન ડેવીસનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. જો ઈશ્વર જાણે છે કે હું તેને લાયક છું, તો મારે માટે તે જ બાબતનું મુલ્ય છે.

બ. આ પ્રકારના વિચારો કર્મયોગીની લાક્ષણિકતા છે, એવી વ્યક્તિ જે આર્થિક લાભ, નામ કે કીર્તિની પરવા કર્યા વગર વધું ભલાં માટે કામ કરવામાં રસ ધરાવતી હોય.

@Gujaratibookz

૩૦

તમારાં ભાંડુની સેવા કરો

એક વખત, મેં શેરીમાં એક ભૂખ્યું અને ઠંડીમાં થરથરતું નાગું બાળક જોયું. હું ગુસ્સે થઈ ગયો અને ઈશ્વરને કહ્યું, "તમે શા માટે આમ થવા દો છો ? તેમ કેમ કંઈક કરતા નથી ?"

ઈશ્વરે તરત તો કાંઈ જવાબ ન આપ્યો. તે રાત્રે મોડેથી તેણે એકદમ ઝડપથી કહ્યું, "મેં ચોક્કસ કંઈક કર્યું જ છે" એને આગળ કહ્યું...

@Gujaratibookz

પ્રશ્નો

અ. ઈશ્વરે આગળ શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. ઈશ્વરે સહાનુભૂતીપૂર્વક કહ્યું, "મેં તને બનાવ્યો છે."

બ. ઈશ્વરે માનવનું સર્જન આપણે એક બીજાને મદદ કરીએ તેવા ઈરાદાથી કર્યું છે. આપણા ભાંડુઓની મદદ કરવી તે ઈશ્વરનો સાચો સંદેશ છે.

૩૧

જીવનની રમત રમો

એક જ્ઞાનપિપાસુઓનાં જુથે તેમના ગુરુના બારણે ટકોરા માર્યા. તેમને થોડી વાર દરવાજાની બહાર જ રહેવા જણાવાયું. તેમણે કેટલાક રબ્બરના દડા ભરેલ એક ટોકરી જોઈ અને દડાથી રમવાનો નિર્ણય કર્યો. આનાથી તેમને થોડી વાર મનોરંજન મળ્યું પરંતુ છેવટે તેઓ ફરી એક વાર કંટાળી ગયા. જ્યારે તેમણે રમવાનું બંધ કર્યું ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે તેઓ શા માટે ત્યાં આવ્યા હતા તે જ તેઓ ભૂલી ગયા હતા. દરેક દડા પર લખેલ સંદેશને ધ્યાનમાં લીધા વગર તેઓ ભટક્યા કર્યા.

પ્રશ્નો

અ. સંદેશ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. દરેક દડો ઝીણા અક્ષરે કહેતો હતો : "જ્યારે તમે રમત રમીને થાકી જાવ ત્યારે અંદર આવી જજો." આ એ આમંત્રણ હતું જેને ઈચ્છુકોએ ક્યારેય ધ્યાનમાં ન લીધું.

બ. નવીનતા તરફનાં દ્વાર જેઓ સફળતા અને લોકપ્રિયતાની રમત રમે છે તેમને માટે નહીં, પરંતુ જેઓ તે રમત રમવા નથી ઈચ્છતા તેમને માટે ખૂલે છે.

૩૨

મૃત્યુ અનિવાર્ય છે

દરિયા કિનારે આંટા મારતા એક માણસે તોફાની દરિયામાં પ્રવેશવા જતા એક માછીમારને જોયો. તેની હોડી ધ્યાનપાત્ર રીતે નાની હતી અને હવામાન સામે ટકી શકે તેવું નહોતું લાગતું. "વ્હાલા મિત્ર, જ્યારે દરિયો આટલો તોફાની છે ત્યારે તને તેમાં જતાં ડર નથી લાગતો ?" સજ્જને પૂછ્યું.

"મારે શા માટે ડરવું જોઈએ, દરિયો જ મને રોજી-રોટી આપે છે." માછીમારે પૂછ્યું.

"પરંતુ, ચોક્કસ દરિયો તારા પરિવારના એવા જડ માછીમારને ગળી ગયો હશે જેણે ખરાબ હવામાન છતાં આવું સાહસ ખેડ્યું હશે."

"કેમ, મારા પિતા, દાદા અને બે કાકાઓ દરિયામાં જ મૃત્યુ પામ્યા છે." માછીમારે જવાબ આપ્યો.

"તો પછી, એ જાણવા છતાં કે તારા ઘણા બધા સંબંધીઓ તેમાં તણાઈ ગયા છે ત્યારે આવા તોફાની દરિયામાં જતાં તને ડર નથી લાગતો ?"

"મારે શા માટે ડરવું જોઈએ ?" માછીમારે સામો પ્રશ્ન પૂછ્યો.

પ્રશ્નો

અ. માછીમારનો વળતો પ્રશ્ન શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. તેણે પૂછ્યું, “તમારા પિતા અને દાદા પથારીમાં મૃત્યુ પામ્યા હશે. તો શું તમે તમારી પથારીમાં સૂતાં ડરો છો ?”

બ. મૃત્યુ અનિવાર્ય છે અને તેનો ડર રાખવો તે મૂર્ખતા છે. ઘણા ચિંતા કરે છે કે મૃત્યુ પામવું તે પીડાદાયક અનુભવ હશે, પરંતુ તેમનો ડર કલ્પના પર આધારિત છે. અમુક પ્રકારના રોગ પીડાદાયક હોય છે પરંતુ મૃત્યુ પોતે પીડાદાયક નથી. વક્રતા એ છે કે ઘણી વાર તે પીડામાંથી રાહત અપાવે છે.

@Gujaratibookz

૩૩

તમારા શત્રુઓનો નાશ કરવો

રાષ્ટ્રપતિ લીંકને એક વખત કોન્ફેડરેટ્સ વિશે થોડા માયાળુ શબ્દો કહ્યા. એક મહિલાએ પૂછ્યું, "શ્રીમાન રાષ્ટ્રપતિ, તમે શા માટે તમારા શત્રુઓ સાથે આટલી સારી રીતે બોલો છો ?" તેને બદલે તમારે તેમનો નાશ ન કરવો જોઈએ ?

@Gujaratibookz

લીંકને જવાબ આપ્યો....

પ્રશ્નો

અ. લીંકનને જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "શા માટે મેડમ ? જ્યારે હું તેમને મારા મિત્રો બનાવું છું ત્યારે તેમ કરીને શું હું મારા દુશ્મનોનો નાશ નથી કરતો ?"

બ. અહીં, દુશ્મનનો નાશ નથી પરંતુ દુશ્મનાવટનો નાશ કરવાનો છે. એક વાર તમે તમારા દુશ્મન સાથે મૈત્રી વિકસાવો પછી તે તમારા માટે ભયરૂપ રહેતો નથી.

૩૪

મહાન લોકો હંમેશાં માફ કરે છે

૧૮૩૨માં પેરિસમાં કોલેરાનો રોગચાળો ફાટી નીકળ્યો. એક દિવસ, ચેરીટીની નર્સ, સીસ્ટર મેરી હોસ્પિટલે જઈ રહી હતી ત્યારે એક કામદારે તેનું તોછડાઈથી અપમાન કર્યું. તે અપશબ્દો બરાડતો તેણીની પાછળ ગયો અને જો બીજા લોકો વચ્ચે ન પડ્યા હોત તો તેણે તેણીને મારી હોત. પરિસ્થિતિને અવગણીને સીસ્ટર મેરી ચૂપચાપ પોતાના માર્ગે આગળ વધી.

થોડા દિવસો પછી, એક નવા દર્દીને હોસ્પિટલમાં લાવવામાં આવ્યો, પરંતુ હોસ્પિટલ પહેલાંથી જ સેંકડો દર્દીઓથી ભરચક હતી અને દર થોડી મિનિટે મૃત્યુ થતાં હતાં. "જગ્યા નથી - એક પણ વધારે આવી શકે તેમ નથી !" અધિકારીઓએ દરવાજા પર જ કહી દીધું. નવા દર્દીને પાછો લઈ જવાતો હતો, ત્યારે જ સીસ્ટર મેરી ત્યાંથી પસાર થયાં અને તેને ઓળખી ગયાં; તે એ જ માણસ હતો જેણે તેમનું અપમાન કર્યું હતું. "અરે, તેને પાછો ન મોકલો ! હું તેને માટે ક્યાંક એક ખૂણો શોધી કાઢીશ. હું પોતે જ તેની દેખરેખ રાખીશ !"

તેને અંદર લેવામાં આવ્યો અને સીસ્ટરે તેની અવિરત સેવા કરી. તેણે એટલા બધા લોકોનું અપમાન કર્યું હતું કે તે સીસ્ટરને તેણે અપમાન કરેલાંઓ પૈકીનાં એક તરીકે ઓળખી ન શક્યો.

આઠમા દિવસે જ્યારે તે ભયમુક્ત હતો ત્યારે તેણે પોતાની દેખરેખમાં એક નવી નર્સ જોઈ. "સીસ્ટર મેરી ક્યાં છે ?" તેણે પૂછ્યું.

પ્રશ્નો

અ. હોસ્પિટલના કર્મચારી વડે અપાયેલ જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “તેણીને પોતાને જ કોલેરા થઈ ગયો અને ગઈ રાત્રે તે ગુજરી ગયાં.”

બ. “તમારા દુશ્મનોને પ્રેમ કરવો” એ ખૂબ વખણાયેલ સિદ્ધાંતનું આનાથી વધુ સારું કોઈ ઉદાહરણ તમે શોધી શકો ?

@Gujaratibookz

૩૫

લીંકનની પ્રિય વાર્તા

લીંકનને પોતાના વિશે વાતો કરવાનો શોખ હતો. નીચે આપેલ કિસ્સો તેમના પ્રિય કિસ્સાઓ પૈકીનો એક હતો.

જ્યારે હું ઘોડેસવાર થઈને એક દેશથી બીજા દેશમાં મુસાફરી કરતો હતો તે દિવસોમાં, એક વાર એક અપરિચિત વ્યક્તિએ મને આજીજી કરી, "માફ કરજો સર, પરંતુ મારી પાસે એક વસ્તુ છે જે તમારી છે."

"એ શું છે ?" ઠીક ઠીક વિસ્મય પામીને મેં પૂછ્યું.

અજાણી વ્યક્તિએ પોતાનાં ખીસ્સામાંથી એક જેકનાઈફ કાઢી.

તેણે કહ્યું, "આ છરી થોડાં વર્ષો પહેલાં મારા હાથમાં મૂકવામાં આવી હતી. મને કહેવામાં આવ્યું હતું કે મને મારા કરતાં વધારે કદરૂપો માણસ મળે ત્યાં સુધી તે છરી મારે મારી પાસે રાખવી. તે દિવસથી આજ સુધી મેં તેને રાખી છે. સર, હવે મને કહેવા દો કે તમે આ વસ્તુ માટે ખૂબ જ યોગ્ય છો."

પ્રશ્ન

અ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારો પોતાનો જવાબ વિચાર્યા પછી જ અમારા જવાબ સાથે તેમની ચકાસણી કરો.

જવાબ

@Gujaratibookz

અ. લીંકનને પોતાની મજાક ઉડાવવાનો ડર ન હતો, તમારી જાત પર હસી શકવાની ક્ષમતા ડહાપણ અને ચારિત્ર્ય પ્રદર્શિત કરે છે.

@Gujaratibookz

૩૬

આંતરિક સંવાદને સાંભળવો

એક માણસ ક્લબની મિટિંગમાંથી ઘેર પાછો ફર્યો. તેની પત્ની પૂછ્યું, "વક્તાએ રસપ્રદ ભાષણ આપ્યું ?"

માણસે કહ્યું, "મને ખબર નથી."

"પણ તમે તો ત્યાં હતા" પત્નીએ આગ્રહ રાખ્યો.

માણસે કહ્યું, "હા, પરંતુ નક્કી થયેલ વક્તા આવી ન શક્યા. મને તેમની અવેજીમાં પસંદ કરવામાં આવ્યો."

"ઓ, શું તમે રસપ્રદ ભાષણ આપ્યું ?" તેમની પત્નીએ પૂછ્યું.

"મને ખબર નથી." માણસે આગળ કહ્યું....

પ્રશ્નો

અ. તેણે તેની પત્નીને આગળ શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "હું એટલો નર્વસ હતો કે હું સાંભળતો ન હતો."

@Gujaratibookz

બ. તમારા પોતાના આંતરિક સંવાદને સાંભળો; આ મુક્તિ તથા આધ્યાત્મિક વિકાસ તરફનું પ્રથમ પગલું છે.

@Gujaratibookz

સમય પર

@Gujaratibookz

૩૭

ક્ષણમા જીવવું

ચાર માણસો પાનાં રમતા હતા. જો જગતનો અંત આવવાનો છે અને દરેક વ્યક્તિ મૃત્યુ પામવાની છે તેવી તેમને ખબર પડે તો તેઓ દરેક જાણ શું કરશે તે વિશે તેમણે ચર્ચા કરી.

એકે કહ્યું, "હું મેં જેને હંમેશાં ચાહ્યું છે તે ચિત્ર પર અંતિમ નજર નાખી આવીશ."

બીજાએ કહ્યું, "હું મજા કરીશ અને હજી સમય હશે ત્યાં સુધીમાં કરી શકાય તે બધાં જ પાપ કરીશ."

ત્રીજો જે વધુ સમજુ હતો. તેણે કહ્યું, "હું મારાં બધાં જ પાપ બદલ તીવ્રતાપૂર્વક પશ્ચાતાપ કરીશ."

ચોથા માણસે ટિપ્પણી કરી...

પ્રશ્નો

અ. ચોથા માણસે શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "હું પાનાં રમવાનું ચાલુ રાખીશ."

બ. આપણે વર્તમનમાં જીવતાં શીખવું જોઈએ અને ભૂતકાળ વિશે કે વણજનમ્યાં ભવિષ્ય વિશે વિચારવું ન જોઈએ. આ બાબત આપણને જીવનની કોઈ પણ ક્ષણે મૃત્યુનો સામનો કરવા માટે તૈયાર કરશે.

@Gujaratibookz

૩૮

જીવન જેમ ખૂલ્લું થાય તેમ તેને જીવો

એક દંપતિએ તેમનું ઘર વેંચાણ માટે મૂક્યું હતું. થોડા જ વખતમાં એક સંભિવત ખરીદદારે એમ કહેવા ફોન કર્યો કે તે તથા તેની પત્ની ઘર જોવા આવી રહ્યાં છે.

ગૃહિણી વેરણ છેરણ પડેલાં કપડાં તથા રમકડાં ઉપાડી લેવા માટે દોડા દોડ કરવા લાગી પરંતુ તે બધું ઉપાડી લે તે પહેલાં જ બારણાની ઘંટડી વાગી. પોતાના હાથમાંના પોટલાંનું શું કરવું તે વિચારી ન શકવાથી તેણે બેડરૂમનો કબાટ ખોલ્યો અને વસ્તુઓ અંદર ફેંકીને તેનું બારણું બંધ કરી દીધું.

પછી તેણે મુલાકાતી દંપતિને બધે ફેરવ્યાં. જ્યારે તેઓ બેડરૂમમાં આવ્યા ત્યારે તેણી નર્વસ થઈ ગઈ કે ક્યાંક તેઓ તેને કબાટ ખોલવાનું ન કહે. "આ મુખ્ય બેડરૂમ છે." તેણીએ મુલાકાતીને માહિતી આપી.

"પેલું શું છે ?" પુરુષે કબાટનાં બારણા તરફ આંગળી ચીંધીને પૂછ્યું.

"ગંદવાડ" ગૃહિણીએ વગર વિચારે કહ્યું.

મહિલા મુલાકાતીએ અચકાતાં અચકાતાં બારણું ખોલ્યું અને થોડીક વસ્તુઓ બહાર આવી પડવાથી પાછળ ખસી ગઈ. તેણીએ કબાટની અંદર જોયું અને પોતાના પતિને કહ્યું...

પ્રશ્નો

અ. મહિલાએ તેના પતિને શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. તેણીએ ઉત્સાહપૂર્વક કહ્યું, “સરસ, આમાં ઘણું સમાઈ શકે છે.” પ્રભાવિત થયેલા તેમણે ઘર ખરીદવાનું નક્કી કરી લીધું.

બ. જે ક્યારેય ન બનવાની હોય તેવી વસ્તુઓ પર આપણે ચિંતા કરીએ છીએ; આપણે જીવન જેમ ઉઘડતું આવે તેમ જીવતાં શીખવું જોઈએ. આપણે જોશું કે કેટલીક વસ્તુઓ છટકવેશે આશીર્વાદ સમાન હોય છે.

@Gujaratibookz

૩૯

ટુંકાગાળાનું આયોજન

એક નૈતિક શિક્ષણના વર્ગમાં ચર્ચાનો વિષય હતો સ્વર્ગ. સ્વર્ગનાં સૌંદર્ય તથા આનંદનું વર્ણન કરીને શિક્ષકે કહ્યું, "અને હવે, વર્ગમાંના જેઓ સ્વર્ગમાં જવા ઈચ્છતા હોય તેઓ હાથ ઊંચો કરે." રાજુ સિવાય બધાએ તેમ કર્યું.

"શું વાત છે રાજુ, તું સ્વર્ગમાં જવા નથી ઈચ્છતો ?" શિક્ષકે પૂછ્યું.

તેણે ઉદાસીનતાથી કહ્યું, "હું ન જઈ શકું..."

પ્રશ્નો

અ. રાજુનો ખુલાસો શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "મમ્મીએ મને શાળાએથી સીધા ઘરે આવવાનું કહ્યું છે."

બ. દૂરનાં ભવિષ્યની કલ્પના કરવા કરતાં વર્તમાન પર ધ્યાન કેન્દ્રિત કરવું તે વધારે સારું છે.

@Gujaratibookz

૪૦

તમારી પાસે જે છે તેની કદર કરો

એક વરસાદી દિવસે, એક માણસ હોસ્પિટલનાં પગથીયાં દોડીને ઊતરી ગયો અને એવું કહીને બસમાં ચડી ગયો કે "કેટલો સુંદર દિવસ છે !" વરસાદ સાંબેલાધારે વરસતો હતો; ભયંકર ઠંડી હતી અને બીજા બધા જ ખરાબ હવામાનને દોષ દેતાં હતાં. કન્ડક્ટરે અડધા આશ્ચર્યથી પૂછ્યું, "શ્રીમાન, આને સુંદર દિવસ કહેવા માટે તમે પાગલ લાગો છો."

@GujaratiBookz

તે માણસે જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. તેનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "હું ખુશીથી પાગલ થઈ ગયો છું." માણસે ઉત્સાહપૂર્વક જવાબ આપ્યો. "અને જો તમને પણ ત્રણ વર્ષના અંધાપા પછી હમણાં જ આવી દૃષ્ટિ મળી હોત તો તમે પણ પાગલ થઈ ગયા હોત."

બ. આપણે આપણી પાસે જે છે તેની કદર કરતાં શીખવું જોઈએ. આપણી પાસે જે નથી તેનો અફસોસ કરવાનો બદલે આપણા આનંદોને માણીએ. નીચેનાં પદને આ સંદર્ભમાં યાદ કરવું જોઈએ :

“શિયાળો આપણને વસંતની ઝંખના કરાવે છે,
અંધારું સૂર્યોદયની,
આપણે હંમેશાં આપણા સાથી ખેલાડીઓને ત્યારે જ ઝંખીએ છીએ
જ્યારે તેઓ ચાલ્યા ગયા હોય છે ?”

@Gujaratibookz

૪૧

તક એકજ વાર દ્વાર ખખડાવે છે

લાંબા સમય પહેલાં, પ્રાચીન ગ્રીક શહેરમાં, “તક” નામનું પૂતળું ઊભું હતું. હવે તેનો દરેક કણ અદૃશ્ય થઈ ગયો છે, પરંતુ એ પૂતળાનું વર્ણન કરતું સુવાક્ય હજી અસ્તિત્વમાં છે.

@Gujaratibookz

સુવાક્ય એક મુસાફર સાથે વાર્તાલાપના રૂપમાં છે.

“હે પૂતળાં, તારું નામ શું છે ?”

“મને તક કહેવાય છે.”

“તને કોણે બનાવી ?”

“શિલ્પી લીસીપસે.”

“તું કેમ તારા અંગુઠા પર ઊભું છે ?”

“એ દર્શાવવા માટે કે હું ક્ષણ વાર જ ઊભી રહું છું.”

“તારા પગ પર પાંખો કેમ છે ?”

“એ દર્શાવવા માટે કે હું કેટલી ઝડપથી પસાર થઈ જાઉં છું.”

“પરંતુ તારા કપાળ પર આટલા લાંબા વાળ કેમ છે ?”

“જેથી માણસો મને મળે ત્યારે મને પકડીને અટકાવી રાખે.”

“તો પછી તારું માથું પાછળ આટલું ટાલીયું કેમ છે ?”

“એ દર્શાવવા માટે કે એક વાર હું પસાર થઈ જાઉં પછી મને પકડી નથી શકાતી.”

તકને આગળના વાળના ગુચ્છાથી અટકાવવી જોઈએ. તક એક વાર પસાર થઈ જાય પછી તેને પાછી બોલાવી શકાતી નથી.

પ્રશ્નો

અ. તકની અભ્યર્થના શું છે ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. આ સંદર્ભમાં નીચેની પંક્તિઓ યાદ કરવી જોઈએ :

હું નથી આવતી તેમ કહે છે તેઓ મને અન્યાય કરે છે.

જ્યારે એક વાર મેં દ્વાર ખટખટાવ્યું અને તમને અંદર ન જોયા;

દરરોજ હું તમારા દરવાજાની બહાર ઊભી રહી,

અને તમને જગાડવા, અને લડવા તથા જીતવા માટે ઊભા કરવાનો પ્રયત્ન કર્યો.

બ. દરેક જાગૃત ક્ષણ સાથે, તમને તમારા રસનાં ક્ષેત્રમાં જ્ઞાન તથા કુનેહ પ્રાપ્ત કરવાની તક મળે છે. સક્રિય રહો; તમે જે પસંદગી કરો છો તેના વડે તમારા ભાગ્યને આકાર અપાશે.

@Gujaratibookz

સકારાત્મક વલણ પર

@Gujaratibookz

૪૨

પ્રમાણિકતા સંપૂર્ણ હોવી જોઈએ

એક પાદરીએ તેમની ચર્ચની સર્વિસ આપતી વખતે જાહેર કર્યું, "આવતા રવિવારે હું ખોટું બોલવાના વિષય પર ઉપદેશ આપવાનો છું. મારા ધર્મોપદેશની તૈયારી રૂપે તમે માર્કનું ૧૭મું પ્રકરણ વાંચી જાવ તેવું ઈચ્છીશ."

પછીના રવિવારે, ઉપદેશક શરૂ કરવા ઊભા થયા અને કહ્યું, "ગયા રવિવારે મેં તમને માર્કનું ૧૭મું પ્રકરણ વાંચવા કહ્યું હતું. જેમણે તેમ કર્યું હોય તે બધા હાથ ઊંચો કરે." ધર્મ સભામાંનો લગભગ દરેક હાથ ઊંચો થયો. પછી ઉપદેશકે કહ્યું...

પ્રશ્નો

અ. ઉપદેશકે શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. તમે જ તે (ખોટાબોલા) લોકો છો, જેના વિશે હું વાત કરવા માગું છું. માર્કમાં ૧૭મું પ્રકરણ છે જ નહીં.

બ. ઘણા લોકો માત્ર દેખાવ ચાલુ રાખવા ખાતર જૂઠું બોલે છે. તેઓ હકીકતોને ખોટી રીતે રજૂ કરવામાં કંઈ જ ખોટું જોતા નથી. જોકે, જે વ્યક્તિ તદ્દન બિનનુકસાનકારક જૂઠ્ઠું બોલે તેનો પણ ક્યારેય સંપૂર્ણ ભરોસો ન કરી શકાય. જે વ્યક્તિ સંપૂર્ણ બનવા ઈચ્છતી હોય તેણે કોઈ પણ

@Gujaratibookz

પ્રકારનું ખોટું બોલવાથી દૂર રહેવું જોઈએ.

@Gujaratibookz

૪૩

રોષથી છૂટકારો મેળવવો

એક મહિલાની એક માત્ર પુત્રીનું ખૂન થયું. ખૂનીને પહેલાં મૃત્યુદંડની સજા ફરમાવાઈ પરંતુ પછીથી તેની સજા ઘટાડીને આજીવન કેદની કરાઈ.

૧૮ વર્ષ સુધી, દુ:ખી માતા સામાન્યપણે કામ કરી નહોતી શકતી. સ્વસ્થતા જાળવવાના તેણીના બધા જ પ્રયાસો વ્યર્થ સાબિત થયા. છેવટે, તેણીએ કંઈક એવું કર્યું જેણે તેને બધી સમસ્યાઓમાંથી છૂટકારો અપાવ્યો.

@Gujaratibookz

પ્રશ્નો

અ. એ કઈ ક્રિયા હતી જેણે તે માતાને સંપૂર્ણ રાહત આપી ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. તેણી જેલમાં ખૂનીને મળી અને તેને માફ કર્યો.

બ. જ્યારે ધિક્કાર ચાલ્યો જાય છે, શાંતિનો ઉદય થાય છે. રોષની ખરાબ અસરોમાંથી છૂટકારો મેળવવાનો શ્રેષ્ઠ માર્ગ છે ખરાબ કરનારને માફી આપી દેવી.

૪૪

આશાવાદ જ ચાવી છે

કોલેજનો એક વિદ્યાર્થી, જેને બાળપણથી જ પોલીયો થયો હતો, તે તેના જીવન તરફના પ્રચંડ જુસ્સા માટે જાણીતો હતો. પોતાની કાંખઘોડી સાથે બધા જ વર્ગોમાં હાજરી આપતા તે છોકરાને જોઈને તેના એક સહપાઠીએ પૂછ્યું, "આવાં દુર્ભાગ્ય સાથે, તું આટલા આત્મવિશ્વાસપૂર્વક દુનિયાનો સામનો કેવી રીતે કરે છે ?"

વિકલાંગ વિદ્યાર્થીએ જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. વિદ્યાર્થીનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "રોગે મારા પગને જ નબળા પાડ્યા છે, મારાં હૃદયને નહીં."

બ. આશાવાદ સફળતાનો માર્ગ કંડારે છે.

૪૫

તમારું વલણ બદલો, તમારું જીવન બદલો

એક પાદરી અને એક હજામ એક ભંગાર ઝૂંપડપટ્ટીમાંથી જઈ રહ્યા હતા. નાસ્તિક હજામે પૂછ્યું, "જો ઈશ્વર છે અને તે 'પ્રેમનો ઈશ્વર' છે તો આટલી બધી ગરીબાઈ, વંચિતતા અને ચારિત્ર્યનો નાશ કરતાં દુષણો કેવી રીતે હોઈ શકે ? 'પ્રેમનો ઈશ્વર' ક્યારેય આવી વસ્તુનું અસ્તિત્વ રહેવા ન દઈ શકે."

પાદરીએ તરત જ કંઈ જવાબ ન આપ્યો. આગળ ચાલતાં તેમણે એક અઠવાડિયાંની વધેલી દાઢી સાથેનો માણસ જોયો, અને તેના વાળ પણ તેના કોટ પર ત્રણથી ચાર ઈંચ જેટલા લાંબા થઈને પથરાયેલા હતા. પાદરીએ કહ્યું, "જો તું સારો હજામ હોત તો હમણાં પસાર થયો તેવો કોઈ માણસ ન હોત."

હજામે ગુસ્સે થઈને જવાબ આપ્યો, "તમે શું કહેવા માંગો છો ? એ માણસ ક્યારેય મારી પાસે આવ્યો જ નથી !" આથી પાદરીએ જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. પાદરીનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "જો ગરીબ લોકો ઈશ્વર પાસે ગયા હોત, તો તેણે તેમને મદદ કરી હોત."

બ. મોટાભાગના ગરીબો તેમનાં ભાગ્ય સામે નમતું જોખી દે છે અને પોતાને દુ:ખમાંથી ઉપર લાવવા માટેની પહેલ કરતા નથી. તમારું જીવન બદલવા માટે, સૌ પ્રથમ તમારે તમારું વલણ બદલવું પડે.

@Gujaratibookz

૪૬

નિષ્ફળતા નહીં, માત્ર પરિણામો

આ અભિનેતા જેક લેમનની વાત છે.

છેક ૧૯૬૧માં તેણે બે નાટકો પૂરાં કર્યાં હતાં. 'સમ લાઈક ઈટ હોટ' અને 'એપાર્ટમેન્ટ'. બંને અદ્‌ભૂત સફળ રહ્યાં હતાં. પછી તે ફેસ ઑફ અ હીરો નામનું નાટક કરવા પાછો બ્રોડવે ગયો, જે ભયંકર પછડાણું. એક ક્રુર અભિપ્રાય આવ્યો કે નાટકનું નામ ટ્રેસ ઑફ અ ઝીરો હોવું જોઈતું હતું.

જ્યારે એ નાટક પર પડદો પાડી દેવાયો ત્યારે લેમનને ભવિષ્ય અંધકારમય દેખાયું હતું. ચિંતા તથા ભયથી ગ્રસ્ત તેણે આખી રાત પથારીમાં પડખાં ઘસ્યાં. જ્યારે બીજી સવારે તેણે પોતાનો દરવાજો ખોલ્યો ત્યારે એક પરબીડીયું તેની રાહ જોતું હતું.

પ્રશ્નો

અ. પરબીડીયામાં શું હતું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. પરબીડીયાંમાં હાથો હાથ પહોંચાડાયેલ ત્રણ સ્ક્રીપ્ટ હતી. પ્રોડ્યુસરોએ સાંભળ્યું હતું કે જેક લેમનનું નાટક બંધ થતું હતું અને તેને બદલે તે હવે તેમની સાથે કામ કરવા ઉપલબ્ધ હતો.

બ. નિષ્ફળતા કોઈને પીડા નથી આપતી; નિષ્ફળતાનો ડર એ જ સાચી સમસ્યા છે.

૪૭

ઈષ્ટાપત્તિ (છૂપા વેશમાં આશીર્વાદ)

એક તેલના કૂવામાં આગ લાગી. કંપનીના ફાયર બ્રીગેડ માટે નજીક જવા માટે તે આગ વધારે પડતી જોખમી હતી.

પરિસ્થિતિ અત્યંત ખરાબ બની રહી હતી. અંતિમ ઉપાય તરીકે સ્થાનિક ફાયર બ્રીગેડને બોલાવવામાં આવી.

સ્થાનિક ફાયર બ્રીગેડ પંકાયેલી બિનકાર્યક્ષમ હતી, પરંતુ બધાનાં આશ્ચર્ય વચ્ચે, તે એન્જીનને આગની નજીક લઈ ગયા અને બહાદુરીપૂર્વક તેને ઓલવી નાખી.

આભારવશ અને કદરદાન તેલ કંપનીએ એક જાહેર સમારોહમાં તેમની બહાદુરી બદલ તેમને એક મોટી રકમનો ચેક અર્પણ કર્યો.

સમારોહ પછી, તેલ કંપનીના વડાએ તેમને પૂછ્યું, "જ્યારે અમારા પોતાના લોકો નિષ્ફળ ગયા, ત્યારે તમે આટલી બહાદુરી કેવી રીતે પ્રદર્શિત કરી શક્યા ?" જવાબ હતો...

પ્રશ્નો

અ. સ્થાનિક ફાયર બ્રીગેડનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

@Gujaratibookz

અ. અમારું એન્જીન સંપૂર્ણ નિયંત્રણમાં ન હતું કારણ કે તેની બ્રેક બગડી ગઈ હતી. એન્જીન અમને આગની વધારે પડતું નજીક લઈ ગયું, અને પછી આગ સામે લડવા સિવાય બીજો કોઈ માર્ગ ન હતો.

બ. બ્રેકનું નિષ્ફળ જવું તે અગ્નિશમન દળ માટે ઈષ્ટાપત્તિ સાબિત થયું. કેટલીક વખત, જીવન ઘટનાઓના અણધાર્યા વળાંકો રજૂ કરે છે, જે લાયક ન હોય ત્યારે પણ ભવિષ્ય લઈ આવી શકે છે. જીવનમાં ચોક્કસ માત્રામાં રહસ્યમયતાનો સ્વીકાર કરો.

@Gujaratibookz

૪૮

બધું શ્રેષ્ઠ માટે થાય છે

એક રાજા અને તેનો પ્રધાન જંગલમાં શિકાર કરવા ગયા. વાઘે તેના પર હુમલો કર્યો અને એ લડાઈમાં રાજાએ પોતાની એક આંગળી ગુમાવી. તે દુ:ખી થઈ ગયો, પરંતુ પ્રધાને કહ્યું, "બધું સારા માટે જ થાય છે." રાજા ગુસ્સે થઈ ગયો અને તેને છીછરા સૂકા કૂવામાં ધકેલી દીધો. પડતી વખતે પ્રધાન બોલ્યો, "બધું શ્રેષ્ઠ માટે થાય છે."

થોડી વાર પછી, રાજાને આદિવાસીઓએ પકડી લીધો. તેઓ તેનો ભોગ ધરવાનો ઈરાદો ધરાવતા હતા, પરંતુ બારીકાઈથી તેની ચકાસણી કરતાં તેમણે તેને મુક્ત કરવાનો નિર્ણય કર્યો. રાજા કૂવા પાસે પાછો આવ્યો, પ્રધાનને બહાર કાઢ્યો અને તેને પૂછ્યું, "જ્યારે મેં તને કૂવામાં ધકેલી દીધો ત્યારે પણ તેં એમ કેમ કહ્યું કે 'બધું શ્રેષ્ઠ માટે જ થાય છે' ?"

પ્રશ્નો

અ. પ્રધાનનો ખુલાસો શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "મહારાજ, તમારી આંગળી ગુમાવવાના કારણે તમે બચી ગયા. બલિના શિકારનાં શરીરમાં કોઈ દોષ ન હોવો જોઈએ. જો તમે મને કૂવામાં ન ધકેલી દીધો હોત, તો તેમણે તમારા બદલે મારો બલિ ચડાવી દીધો હોત."

બ. આપણે સકારાત્મક વલણ જાળવવું જોઈએ; જે કાંઈ પણ થાય છે તે શ્રેષ્ઠ માટે જ થાય છે.

@Gujaratibookz

૪૯

ઉત્તમોત્તમ સેલ્સમેન

એક વખત, એક સેલ્સમેને એવા સંભવિત ગ્રાહકોની સૂચિ બનાવી જેમને અન્ય જાહેખબરકર્તાઓ પ્રભાવિત કરવામાં નિષ્ફળ ગયા હતા. તેની સૂચિમાં બાર નામ હતાં.

પહેલા દિવસે, તેણે બારમાંના ત્રણ "અશક્ય" સાથે વેંચાણ બંધ કર્યું. અઠવાડિયાંના અંત સુધીમાં તેણે બીજા બે લોકો સાથે વેંચાણ કર્યું. મહિનાના અંત સુધીમાં તેણે તેની સૂચિમાંના એક વેપારી સિવાય બીજા બધા સાથે જાહેરખબરનાં ખાતાં ખોલી લીધાં હતાં.

પછીના મહિને તેણે કોઈ વેંચાણ ન કર્યું કારણકે તેણે આ હઠીલા વેપારી સિવાય કોઈને ફોન નહોતા કર્યા. દરરોજ સવારે જ્યારે સ્ટોર ખૂલતો ત્યારે તે આ વેપારીની મુલાકાત લેવા તૈયાર રહેતો અને દર સવારે વેપારી "ના" કહેતો. વેપારી જાણતો હતો કે તે જાહેરખબર માટેની જગ્યા કરીદવાનો ન હતો, પરંતુ આ યુવાન તે સમજતો હોય તેવું દેખાતું ન હતું. જ્યારે વેપારી "ના" પાડતો ત્યારે આ યુવાન જાણે પોતે સાંભળ્યું જ ન હોય તેવો ઢોંગ કરતો. મહિનાના છેલ્લા દિવસે, એકધારી ત્રીસ વખત ના પાડ્યા પછી, વેપારીએ કહ્યું,

"જો યુવાન, મને કંઈક વેંચવાના પ્રયાસમાં તેં આખો મહિનો બગાડ્યો છે; હવે, મારે એ જાણવું છે કે, તેં શા માટે તારો સમય બગાડ્યો ?"

યુવાને જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. યુવાનનો વેપારીને આપેલ જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “મારો સમય બગાડ્યો ! ના, જરાય નહીં.” યુવાને સહાનુભૂતિ સાથે વેપારીને કહ્યું. તેણે સમજાવ્યું : “આખો મહિનો મેં શિક્ષણ મેળવ્યું જ્યાં તમે મારા શિક્ષક હતા. હવે એક વેપારી કરી શકે તેવી બધી જ શક્ય દલીલો હું જાણી ગયો છું.”

બ. એક આગ્રહી માણસ ક્યારેય હાર સ્વીકારતો નથી. અંત એ સફળતા તરફ લઈ જતો માર્ગ છે. ધૈર્ય વગર કોઈ પોતાનું લક્ષ્ય સિદ્ધ કરી શકે નહીં.

@Gujaratibookz

૫૦

વિચારો પરિણામો આપે છે

એક માણસ તેના વેપારને વધારવા અથાક સંઘર્ષ કરતો હતો. તેની નાણાકીય સ્થિતિ બહુ સારી ન હતી. તેણે એક જીર્ણશીર્ણ થઈ ગયેલી કારને ચલાવતાં રસ્તા પર લાંબા મુશ્કેલ કલાકો ગુજાર્યા હતા. એક દિવસ તેના નજીકના મિત્રએ તેને પૂછ્યું, "એ જૂની કાર તું આટલા બધા કલાકો કેવી રીતે ચલાવી શકે છે ? એમાં રેડીયો પણ નથી."

મોં પર સ્મિત સાથે તેણે જવાબ આપ્યો, "મારે રેડીયોની જરૂર નથી. હું બધો સમય વિચારવામાં ગાળું છું."

થોડાં વર્ષો પછી, તેના કઠોર પરિશ્રમે બદલો આપ્યો અને તેણે મોંઘીદાટ નવી કાર ખરીદી. તેમાં પાછળની સીટોમાં સ્પીકરવાળા સ્ટીરીયો રેડીયો સહિત બધી જ સગવડો. "મને હતું કે તને રેડીયોની જરૂર નથી, તું કહેતો હતો ને કે તું તો બધો સમય વિચારવામાં જ વિતાવે છે." તેના મિત્રે તેને ખીજવ્યો.

પેલા માણસે સ્મિત સાથે જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. તેનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “હવે તું જાણે છે કે હું શેના વિશે વિચાર કરતો હતો.”

બ. જો તમે તમારા બધા જ વિચારોને તમે જે ઇચ્છો છો તેના પર કેન્દ્રિત કરો તો એક યા બીજા દિવસે તે યથાર્થ બનશે. એક ચોક્કસ હેતુ પર સતત ધ્યાન આપવું તે સફળતા મેળવવા માટે આવશ્યક છે.

@Gujaratibookz

૫૧

સત્યનો સામનો કરો

પ્લેયર્સ ક્લબના સૌથી મહાન કંટાળાજનક વ્યક્તિએ ઓલીવર હેર્ટફોર્ડને કહ્યું, "ઓલીવર, મને ખૂબ જ અપમાનિત કરવામાં આવ્યો છે. હું હમણાં જ પેલાં જુથ પાસેથી પસાર થયો ત્યારે મેં કોઈકને કહેતાં સાંભળ્યા કે મને આ ક્લબમાંથી રાજીનામું આપવા માટે તે ૫૦ ડોલર્સ આપશે."

ઓલીવર હર્ટફોડ તેને આ રીતે આશ્વસ્ત કર્યો...

પ્રશ્નો

અ. હર્ટફોર્ડની સલાહ શું હતી ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "તું સો ડોલર માગ, તને તે પણ મળશે."

બ. હર્ટફોર્ડનાં સંભાષણમાં લેનાર તેની વિફળતાનો સામનો કરવા તૈયાર ન હતો. વધુ સારી વ્યક્તિ બનવા માટે સત્યનો સામનો કરવો તે પ્રથમ પગલું છે.

૫૨

તમારા જીવનની ગુણવત્તા સુધારો

એક ઉદ્યોગપતિએ શાણપણ અને જ્ઞાન માટે જાણીતા એક ગુરુની મુલાકાત લીધી. ચર્ચા દરમિયાન ઉદ્યોગપતિએ ગુરુના વ્યવસાય વિશે જાણવા ઇચ્છ્યું.

"હું લોક ઉદ્યોગમાં છું." ગુરુએ જવાબ આપ્યો.

"એ કયા પ્રકારનો ઉદ્યોગ છે ?" ઉદ્યોગપતિએ પૂછ્યું.

"તમે એક ઉદ્યોગપતિ છો ? તમારો કેવા પ્રકારનો ઉદ્યોગ છે ? તમે વસ્તુઓ બહાર પાડો છો અને તેની ગુણવત્તા સુધારવાના દરેક પ્રયાસ કરો છો. તેવી જ રીતે, લોકો એ મારું ઉત્પાદન છે અને હું તેમને વધુ સારા બનાવવા પ્રયાસ કરું છું."

પ્રશ્ન

અ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારો પોતાનો જવાબ વિચાર્યા પછી જ અમારા જવાબ સાથે તેમની ચકાસણી કરો.

જવાબ

અ. તમારી જાતને એક ઉત્પાદન તરીકે ગણો. તમારી ગુણવત્તા સુધારવાનો દરેક પ્રયાસ કરો. જીવનનો મુદ્દો તમારી જાતને વધુ સારી બનાવવાનો છે. દુર્ભાગ્યે, આધુનિક દુનિયામાં, મનુષ્યો કરતાં વસ્તુઓને વધુ ક્ષતિરહિત બનાવવા પર વધારે ધ્યાન અપાય છે.

@Gujaratibookz

૫૩

આપણી સમસ્યાઓની સમજણ

એક ઓરડાનાં એપાર્ટમેન્ટમાં રહેતો એક માણસ તેનાં નાના રહેઠાણ વિશે દુ:ખી હતો. તેણે એક ડાહ્યા માણસ પાસે આની ફરિયાદ કરી. ડાહ્યા માણસે તેને કંઈક કરવાની સલાહ આપી જેથી ત્યાર પછી તે ખુશ રહી શકે.

@Gujaratibookz

પ્રશ્નો

અ. ડાહ્યા માણસની સલાહ શું હતી ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. ડાહ્યા માણસે તેને તેના રૂમમાં દસ ઘેંટા રાખવાનું કહ્યું, પેલા માણસે વાંધો લીધો પરંતુ ડાહ્યો માણસ આ વાતને વળગી રહ્યો. આ સલાહ એક મુક્ત આત્મા પાસેથી આવેલ હોવાથી પેલા માણસે તેની સૂચનાઓનો અમલ કર્યો. તેના રૂમમાં પ્રાણીઓ સાથે તેને વધારે ગુંગળામણ થવા લાગી. થોડા દિવસ સહન કર્યા પછી તેણે પેલા સાધુનો સંપર્ક કર્યો. સાધુએ તેને ઘેંટા કાઢી નાખવા કહ્યું. પેલા માણસે તેનું પાલન કર્યું. ઓચિંતાની તેને ખૂબ જ રાહતની લાગણી થઈ અને તેને ખ્યાલ આવ્યો કે તેનું એક રૂમનું ઘર વાસ્તવમાં ઘણું જ આરામદાયક હતું.

બ. આપણે સામાન્ય રીતે આપણી પાસે જે હોય તેની કદર કરતાં નથી. જ્યારે આપણે વધુ મોટી મુશ્કેલીઓનો સામનો કરવાનો થાય ત્યારે જ આપણે કેટલાં નસીબદાર હતા તેનો આપણને

ખ્યાલ આવે છે.

@Gujaratibookz

માનવ સંબંધો પર

@Gujaratibookz

૫૪

હૃદયપૂર્વક ચાહવું

એક ત્રણ વર્ષની બાળકી ગંભીર રીતે બીમાર હતી. તેણીને લોહીની જરૂર હતી પરંતુ તેના લોહીનું જૂથ ભાગ્યે જ કોઈનું હોય તેવું હતું. માત્ર તેના ભાઈનું લોહી તેને મળતું આવતું હતું અને તે દસ વર્ષના ભાઈને તેની બહેન માટે લોહી આપવાનું કહેવામાં આવ્યું. થોડીક અવઢવ પછી તે સંમત થયો. લોહી ચડાવવાનું પૂરું થઈ ગયા પછી, તે છોકરાએ ડોક્ટરને પૂછ્યું....

પ્રશ્નો

અ. છોકરાએ શું પૂછ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “હું ક્યારે મૃત્યુ પામીશ, ડોક્ટર ?”

બ. છોકરાએ વિચાર્યું હતું કે તેની બહેનને લોહી આપવાની કિંમત તેનું મૃત્યુ હશે અને તે એ કિંમત ચૂકવવા તૈયાર હતો.

૫૫

માનવ સ્પર્શનું મુલ્ય

એક દિવસ, એક નર્સે ૯૬ વર્ષની મહિલા કે જેના કૂલાનું હાડકું ભાંગી ગયું હતું, ના રૂમમાંથી આવતી મદદ માટેની બૂમો સાંભળી. હોસ્પિટલના કર્મચારીઓ અંદર ધસી ગયા તો ખબર પડી કે તેને માત્ર તરસ લાગી હતી.

@Gujaratibookz

"તમે બેલ કેમ ન મારી ?" નર્સે પૂછ્યું.

"મેં તેમ કર્યું હતું," તેણીએ આગળ કહ્યું...

પ્રશ્નો

અ. વૃદ્ધ મહિલાએ નર્સને શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "પરંતુ કોઈએ જવાબ ન આપ્યો. બેલમાં માનવ સ્પર્શ નથી."

બ. માનવ સંબંધોમાં અંગત કાળજી અને સંભાળ ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવે છે. ટેક્નોલોજી ક્યારેય તેનું સ્થાન ન લઈ શકે.

૫૬

જેઓ પ્રેમ કરે છે તેઓ ડરતા નથી

એક સૈનિકે તેના યુદ્ધ ભૂમિમાંથી હજી સુધી પાછા ન ફરેલા મિત્રને શોધવા જવા માટે પરવાનગી મેળવવાની ઈચ્છાથી તેના ઉપરી અધિકારીનો સંપર્ક કર્યો.

@Gujaratibookz

અધિકારીએ એમ કહીને તેને જવા દેવાનો ઈન્કાર કર્યો કે કદાચ સૈનિકનો મિત્ર મૃત્યુ પામ્યો હતો. "બહાર જઈને તારો જીવ પણ ગુમાવવાનું કોઈ કારણ નથી." અધિકારીએ કહ્યું.

પરિણામો વિશે વિચાર કર્યા વગર સૈનિક ગયો અને એક કલાક પછી મરણાસન્ન રીતે ઘાયલ થઈને તેના મૃત મિત્રને ઉપાડીને પાછો ફર્યો.

અધિકારી રાતોપીળો થઈ ગયો. "મેં કહ્યું હતું કે તે મૃત્યુ પામ્યો હતો. હવે મેં તમને બંનેને ગુમાવ્યા છે. મને કહે, શું માત્ર એક લાશને લાવવા માટે બહાર જવું યોગ્ય હતું ?"

સૈનિકે જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. સૈનિકનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "હા, એમ જ હતું સર. હું તેની પાસે પહોંચ્યો ત્યારે તે હજી જીવતો હતો." તેણે મને કહ્યું,

“જેક, મને ખાતરી હતી કે તું આવશે.”

બ. પ્રેમને કોઈ ડર હોતો નથી. આપણને એક બીજા માટે પ્રેમ છે તેના પર જ માનવતા ટકી રહી છે. જો પ્રેમ ન હોત તો આપણે લાંબા સમય પહેલાં જ ખતમ થઈ ગયા હોત.

@Gujaratibookz

૫૭

વાલીઓ માટે બોધપાઠ

એક કિશોરે પાર્ટી માટે એક શર્ટ પસંદ કરવામાં મદદ કરવા માટે તેની માતાને કહ્યું. તેણે ત્રણ જુદા જુદા રંગો : પીળો, સફેદ અને કાળામાંથી પસંદ કરવાનું હતું.

@Gujaratibookz

"મને સફેદ ગમે છે." મા એ કહ્યું.

"તારી બીજી પસંદ કઈ છે ?" છોકરાએ પૂછ્યું

"પીળું"

"આભાર" છોકરાએ કહ્યું અને તેમાંનું એક શર્ટ પહેરી લીધું.

પ્રશ્નો

અ. છોકરાએ કયું શર્ટ પહેર્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. માતાની સલાહને અવગણીને, છોકરાએ કાળું શર્ટ પહેર્યું.

બ. કિશોરાવસ્થાનાં છોકરાઓ તથા છોકરીઓ બળવાખોર હોય છે. બાળપણ અને કિશોરાવસ્થા વચ્ચે ફસાયેલાં આ બાળકો નથી માછલી, નથી માંસ કે નથી પક્ષી. આ તબક્કાનાં

બાળકો વિશે વાલીઓએ ખૂબ જ સાવધાન રહેવું જરૂરી છે. આ વિધાયક વર્ષો છે અને કિશોરોને સંજોગોની માગ મૂજબ પ્રજ્ઞાવાન અથવા મવાલીઓમાં ઢાળી શકાય છે.

@Gujaratibookz

આંતરિક શાંતિ પર

@Gujaratibookz

૫૮

સહનશીલતા જીવનને સાદું બનાવે છે

એક મુસાફરી કરતા પાદરી એક રાત્રે એક શહેરમાં પહોંચ્યા. હોટેલમાં વ્યવસ્થા મળવી મુશ્કેલ હતી. છેવટે, તેઓ એક હોટેલ રૂમની વ્યવસ્થા કરી શક્યા, જે તેમણે બે અન્ય લોકો સાથે ભાગીદારીમાં રાખવાનો હતો. ત્રણેય એકબીજાથી અપરિચિત હતા.

જેવી લાઈટ બંધ કરી કે તેઓમાંનો એક નસકોરાં બોલાવવા માંડ્યો. અવાજ સંગીતના બધાજ આરોહ અવરોહ ધરાવતો હતો અને તે ખૂબ મોટો અને ભયાવહ હતો. પાદરી આંખનું મટકું પણ ન મારી શક્યો.

મધ્યરાત્રીના બે થી ત્રણ કલાક પછી, નસકોરાં બોલાવતો માણસ પડખું ફર્યો, એક ભયંકર નિસાસો નાખ્યો અને મુંગો થઈ ગયો. પાદરીએ ધાર્યું કે ત્રીજો માણસ સૂઈ ગયો હતો, પરંતુ ત્યારે જ તેણે તેને કંઈક સમજાવતો સાંભળ્યો..

પ્રશ્નો

અ. ત્રીજા માણસે શું ખુલાસો કર્યો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “તે મૃત્યુ પામ્યો છે ! ઈશ્વરનો આભાર ! તે મૃત્યુ પામ્યો છે.”

બ. લોકો નાના નાના વ્યવધાનોથી એટલા ભયંકર રીતે ચિડાઈ જાય છે કે વ્યવધાનનું કારણ બનનાર લોકો મૃત્યુ પામે તેમ પણ ઇચ્છે છે. આ પ્રકારનો ધિક્કાર પુષ્કળ ઊર્જા વાપરી નાખે છે. સહનશીલતા જીવનને વધુ સાદી અને સરળ યાત્રા બનાવે છે.

@Gujaratibookz

૫૯

લોકોને જેવા છે તેવા સ્વીકારો

એક ગ્રાહક ન્યુયોર્કમાં એક મોંઘી બેકરીમાં પ્રવેશ્યો. તેનો ઓર્ડર સામાન્ય કરતાં કંઈક જુદો હતો. તે "S" અક્ષરના આકારમાં બનાવેલી કેક લેવા ઈચ્છતો હતો. તે શું ઈચ્છતો હતો તે વિશે તે ખૂબ જ સ્પષ્ટ હતો અને તેણે બધી વિગતો ઉમેરી-બનાવટ, સજાવટ અને પહોંચાડવાની તારીખ. કેક આપવાની તારીખના આગલા દિવસે ગ્રાહક કેક કેવી બની રહી છે તે જોવા માટે દુકાનમાં ટપકી પડ્યો. કેક પહોંચાડવા માટે લગભગ તૈયાર હતી, પરંતુ તેને જોઈને, તેણે લગભગ લાત મારી. તેણે બુમ મારી : "આ સંપૂર્ણપણે ખોટું છે. તમે તેને મોટા (કેપીટલ) "S" આકારની બનાવી છે. મને નાના "S" નો આકાર જોઈતો હતો. હું તે સ્વીકારવાનો ઈન્કાર કરું છું."

દુકાનના મેનેજરે નમ્રતાપૂર્વક માફી માગી. તેણે સંભાળ તથા નજાકતપૂર્વક બરાબર ગ્રાહકની માગ મુજબ બીજી કેક બનાવી આપવાનું વચન આપ્યું.

ગ્રાહક બીજે દિવસે પાછો આવ્યો. તે કેકને બરાબર તપાસતો લાંબો સમય તેના પર ઝળુંબી રહ્યો. છેવટે, પરિણામથી ખુશ થઈને તેણે વ્યક્ત કર્યું કે તે સંતુષ્ટ હતો.

દુકાનના મેનેજરે નિરાંતનો શ્વાસ લીધો. તેણે કહ્યું, "સર, હું ખુશ છું કે અમે તમને સંતોષ આપી શક્યા. તમે તેને વિશિષ્ટ રીતે પેક કરાવવા ઈચ્છો છો ? તમે તેને ઘેર મેળવવા માગો છો કે તમારી સાથે જ લઈ જશો."

ગ્રાહકના જવાબે આખી દુકાનને આઘાત આપ્યો.

પ્રશ્નો

અ. ગ્રાહકનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “ઓહ, ઠીક છે,” ગ્રાહકે હાથ હલાવીને કહ્યું, “હું તે અહીં જ ખાઈશ.”

બ. ગ્રાહક પોતે જેને ત્યાં જ ખાઈ જવાનો હતો તે કેક માટે મિથ્યાડંબર કરવામાં વિચિત્ર હોઈ શકે છે, પરંતુ તેને મિથ્યાડંબર કરવા બધો જ હક્ક હતો કારણ કે તે સેવા બદલ પૈસા ચૂકવતો હતો.

@Gujaratibookz

૬૦

પોતાની જાતને આંતરિક ખળભળાટથી મુક્ત કરવી

અગ્રવાલ એક મહેનતુ અધિકારી હતા. તેઓ એક વિશાળ કંપનીના પ્રમુખ હતા અને તેને પોતાના પ્રકારની સૌથી મોટી કંપની બનાવવા માટે અવિરતપણે કાર્ય કરતા હતા. શારીરિક રીતે તેઓ ખૂબ જ સ્નાયુબદ્ધ અને ઊર્જાવાન તથા મજબૂત માણસ હતા અને મધ્યવયના હોવા છતાં હજી રમતવીર જેવા દેખાતા હતા.

અગ્રવાલને પોતાની તંદુરસ્તીનો ગર્વ હતો. તેઓ પોતાના આહારની સંભાળ લેતા અને નિયમિત કસરત કરતા. તેઓ દારૂ કે સીગરેટ ન પીતા અને દરરોજ રાત્રે પૂરતી નિંદર લેવામાં ચોક્કસ હતા. આ બધાં છતાં તેઓ પચાસ વર્ષની ઉંમરે પહોંચ્યા તે પહેલાં વારંવાર થતાં નાનાં આંતરડાંના ચાંદાને કારણે તેમને નિવૃત્ત થવાની ફરજ પડી.

જ્યારે પહેલી વાર તેમણે આ વાત જાણી ત્યારે તેઓ દિગ્મૂઢ થઈ ગયા, પછી ક્રોધિત થયા અને છેવટે, કડવા થઈ ગયા. તેઓ જે સાંભળે તેને ફરિયાદ કરતા, "મારી આખી જીંદગી મેં મારી જાતની સંભાળ લીધી છે. મેં મારાં વજનનું ધ્યાન રાખ્યું છે, યોગ્ય ખોરાક ખાધો છે ક્યારેય નથી દારૂ પીધો કે નથી સીગારેટ પીધી. મને જુઓ ! શું હું તંદુરસ્ત નથી લાગતો ? પછી આના જેવું કંઈક આવે છે, મારી બરાબર અંદરથી આધાર ખેંચી લે છે અને તેના વિશે હું કરી શકું તેવું કંઈ જ નથી..."

તેના મિત્રોને તેને માટે દુ:ખ થયું. તેઓ સંમત થયા કે દુનિયામાં તેનું ભાગ્ય સૌથી ખરાબ હતું. અગ્રવાલે ત્યાં સુધી ફરિયાદ કર્યા કરી જ્યાં સુધી એક શાણા મિત્રએ તેને પ્રકાશ જોતો કર્યો.

"હું માનું છું કે તું કરી શકે તેવું કંઈ છે." તેના મિત્રએ તેને કહ્યું.

આ વાતથી તેને આશા જાગી, પરંતુ તરત જ તેની આંખો પાછી નિસ્તેજ થઈ ગઈ. "ચોક્કસ. ડોક્ટર કહે છે કે હવે, આરામ-સંપૂર્ણ વિશ્રાંતી અને બીલ્કુલ કામ નહીં - વડે હું આ બીમારી સામે લડી શકું. મારે માત્ર સૂઈ રહેવાનું છે અને ચાંદું મટી જશે. પરંતુ હું માત્ર સૂઈ રહેવા નથી માંગતો !

મને લાગે છે કે એને બદલે તો અલ્સર સારું."

તેના મિત્રએ આગ્રહ કર્યો, "કદાચ તે એક માત્ર જવાબ નથી. કદાચ તારું ચાંદું મટાડવા માટે તારે કામ કરતા અટકવાની જરૂર નથી."

"તું શું કહેવા માગે છે ?"

"તારા અંદરના ખળભળાટથી છૂટકારો મેળવ. તારી પોતાની જાતને શાંતિ આપ."

અગ્રવાલે તીક્ષ્ણતાથી તેના તરફ જોયું. "તેં શેના પરથી માન્યુ કે મારી અંદર ખળભળાટ છે ?"

તેના મિત્રએ કહ્યું, "અગ્રવાલ, કેટલીક વાર ભાવનાત્મક ખલેલ પોતાની જાતને શારીરિક નબળાઈમાં પ્રગટ કરે છે. તું દરરોજ ભય અને અનિશ્ચિતતા સામે ખૂબ જ લડત આપે છે. કદાચ તેઓ આ ચાંદાનાં રૂપમાં પોતાને પ્રગટ કરે છે."

"તારો કહેવાનો અર્થ છે માનસિક વ્યાધિ ? મેં તેમના વિશે વાંચ્યું છે."

"એકદમ બરાબર અને જો એમજ હોય તો આપણે આ ચાંદાનું કારણ એવા આંતરિક વિખવાદથી છૂટકારો મેળવવો જોઈએ. જો આપણે સફળ થઈએ તો તું કામ પર પાછો ફરી શકીશ."

"શું તું ખરેખર એમ માને છે ?"

"કશું જ ચોક્કસ નથી. પરંતુ પ્રયાસ કરવા યોગ્ય છે એવું તને નથી લાગતું ?"

"આપણે ક્યારથી શરૂ કરી શકીએ ?"

"અત્યારે જ. તને શેની ચિંતા થાય છે તે મને જણાવ તો આપણે શરૂ કરી શકીએ."

અગ્રવાલનો ચહેરો તરત જ થીજી ગયો. "મને ખબર નથી." તેણે કહ્યું.

"મિત્ર, મને લાગે છે કે તને ખબર છે."

અગ્રવાલના હાવભાવમાં રક્ષાત્મક ભાવ આવી ગયો અને તેની આંખો ઝીણી થઈ ગઈ. તે સાવધાન થઈ ગયો. આ એવું રહસ્ય હતું જેને તેણે સારી રીતે છુપાવ્યું હતું. "કદાચ તેને મારી બીમારી સાથે કંઈ લેવા દેવા નથી." છેવટે તેણે કહ્યું.

તેના મિત્રનો અવાજ મક્કમ હતો. "અગ્રવાલ, હમણાં જ બોલ."

તે ઊભો થયો, થોડા આંટા માર્યા અને પાછો ફર્યો. "હું ન કરી શકું." તેણે કહ્યું.

"અલબત્ત તું કરી જ શકે. તું જે નિર્ણય લેવા માગે તે લેવાની તારામાં શક્તિ છે. તારે સાજા થવું છે, નથી થવું ? તું તારા કામ પર પાછો ફરવા માગે છે ? ઉપયોગી જીવન તરફ પાછો વળવા માગે છે ? તો પછી તે અંતને પૂર્ણ કરવા માટે હમણાં જ નિર્ણય લે. તને શું સતાવે છે તે મને કહે. તેના વિશે વાત કરવાથી તને મદદ મળશે અને તણાવ દૂર થશે. તને શાંતિ મળશે."

અગ્રવાલને પોતાનું હૃદય આંખોમાં આવી ગયું હોય તેવું લાગ્યું. તેના હોઠ ધ્રુજવા લાગ્યા. થોડી ક્ષણો પછી, તેણે નિર્ણય કરી લીધો. હિંમત એકઠી કરીને, તેણે પોતાને કઈ વસ્તુ સતાવી રહી

@Gujaratibookz

છે તે પોતાના મિત્રને સ્વસ્થતાપૂર્વક કહી દીધું.

પ્રશ્નો

અ. અગ્રવાલને સતાવતો આંતરિક ખળભળાટ કયો હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "મને નિષ્ફળતાનો ડર લાગે છે." અગ્રવાલે કહ્યું.

બ. તેની વ્યાપાર કારકિર્દીમાં પ્રવેશી ગયો હતો તેવા પીડાદાયક ડરની તેણે મુક્તપણે કબૂલાત કરી ત્યારે તેણે તેના શયતાનને અસરકારક રીતે વળગાડમૂક્ત કર્યો. તે બીજી રીતે વિચારવાની દૃષ્ટિ મેળવી શક્યો અને તેનું સાજા થવાનું ઝડપી બન્યું. તે જોઈ શક્યો કે તેની કલ્પના વાહિયાત હતી અને અર્ધજાગૃતપણે તેણે રાઈનો પર્વત બનાવ્યો હતો. તેનો ડર સમૂળગો અદૃશ્ય થઈ ગયો. તે વધારે વિશ્રાંત થઈ ગયો. થોડા જ મહિનાની અંદર તે પોતાનાં કામે પાછો ફર્યો જ્યાં તેણે સક્ષમ રીતે અને ફરી ફરી ચાંદું પડ્યા વગર કામ કર્યું. તેના સાથીદારોએ તેનામાં આવેલ ફેરફાર જોયો. હવે તે પોતાને એટલો બધો કામમાં ખેંચતો ન હતો. તેને બદલે તે મુશ્કેલીના સમયે વધારે અડગ દેખાતો હતો. તેમણે તેને આના વિશે પૂછ્યું.

તેણે જવાબ આપ્યો, "મને નવો મંત્ર મળ્યો છે. જો ઈશ્વર મારી સાથે હોય, તો કોણ મારા વિરુદ્ધ હોઈ શકે ?"

@Gujaratibookz

૬૧

ઉચાટનો ઉપચાર

એક દિવસ ઊંડા ઉચાટથી પીડાતો એક દર્દી 'અબેરનાથી' પાસે આવ્યો. ઝીણવટભરી ચકાસણી કર્યા પછી, તે પ્રસિદ્ધ ડોક્ટરે કહ્યું. "તમારે આનંદપ્રમોદની જરૂરી છે; જઈને હાસ્યકાર ગ્રીમાલ્ડીનું કામ જુઓ. હમણાં એ સરકસ શહેરમાં આવ્યું છે. ગ્રીમાલ્ડી તમને હસાવશે, અને તે તમને દવા કરતાં વધારે પ્રમાણમાં સારું કરશે."

દર્દીએ હતાશામાં તેના હાથ ઊંચાં કર્યા અને કહ્યું...

પ્રશ્નો

અ. દર્દીનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. દર્દીએ કહ્યું, "હે ઈશ્વર, હું જ ગ્રીમાલ્ડી છું."

બ. જે લોકો અન્યોનું મનોરંજન કરે છે તેઓ પોતે જ ઉદાસીનો અનુભવ કરતા હોઈ શકે છે; તેઓ પોતાનાં હૃદયમાં આનંદનો અનુભવ કર્યા વગર, ગળે ઊતરી જાય તેવી રીતે અભિનય કરે છે. આથી જ, જે બીજાને હસાવતો હતો તે ગ્રીમાલ્ડીના પોતાનામાં આંતરિક ઝળહળાટ ન હતો. તે હતાશ હતો.

૬૨

તમારા ક્રોધને વ્યક્ત કરવો

અબ્રાહમ લીંકનના હાથ નીચેનો સેક્રેટરી સ્ટેન્ટન ગુસ્સાથી આગબબૂલા હતો કારણ કે એક અધિકારી આદેશનું પાલન કરવામાં નિષ્ફળ ગયો હતો. અધિકારીએ ઈરાદાપૂર્વક આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું હતું કે તેના આદેશનું પાલન કરવામાં નિષ્ફળ ગયો હતો તે અપ્રસ્તુત હતું. સ્ટેન્ટનની નજરે આ ભૂલ અક્ષમ્ય હતી. તેણે કહ્યું, "મને લાગે છે મારે બેસીને એ માણસને બરાબર ઠપકો આપવો પડશે."

લીંકને કહ્યું, "એમ કર. તારા મન પર જે છે તે હમણાં જ લખી નાખ. લખાણને ધારદાર બનાવજે. એને ઊભો વેતરી નાખ."

સ્ટેન્ટન તત્પરતા સાથે લીંકનની સલાહને અનુસર્યો. તેણે એક ધારદાર અને અતિશય નિખાલસપણે ઠપકો લખ્યો અને લીંકનને વાંચી સંભળાવ્યો, . જેણે કહ્યું, "બરાબર છે. સરસ લખ્યું છે."

"આને હું કોના દ્વારા મોકલાવું ?" સ્ટેન્ટને વિચાર કર્યો.

પ્રશ્નો

અ. લીંકનનો પ્રત્યાઘાત શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “મોકલવો !” લીંકનને આશ્ચર્ય થયું, “મોકલવો છે ? શા માટે, તે મોકલ જ નહીં ! ફાડી નાખ. તેં આ વિષયમાંથી તારાં મનને મુક્ત કર્યું છે, અને એજ જરૂરી હતું. તારે ક્યારેય આવો પત્ર મોકલવાનું ઈચ્છવું ન જોઈએ. હું ક્યારેય તેમ નથી કરતો.”

બ. દબાયેલ ગુસ્સો આરોગ્ય સમસ્યા ઊભી કરશે. સંડોવાયેલ વ્યક્તિને અસર કર્યા વગર ગુસ્સો વ્યક્ત કરવો તે વધારે યોગ્ય છે.

@Gujaratibookz

૬૩

સમસ્યાઓ હંમેશાં રહેવાની

ગર્ભાવસ્થાના આગળના તબક્કામાં હતી તેવી એક મહિલા તેની નિયમિત તપાસ માટે ગઈ.

"કોઈ તકલીફ ?" ડોક્ટરે પૂછ્યું.

તેની પાસે સમસ્યાઓની આખી સૂચિ હતી. તેણીએ જવાબ આપ્યો, "હા, હું સરખી રીતે બેસી નથી શકતી; હું મને ભાવે તે ખાઈ નથી શકતી; મને મોટાભાગનો વખત મોળ ચડે છે; હું સરખું ઊંઘી નથી શકતી; મારે વારે વારે બાથરૂમ જવું પડે છે; મને માથું દુ:ખે છે; બાળકના લાત મારવાથી હું થાકી ગઈ છું અને હવે મારા પગે સોજા આવ્યા છે."

ડોક્ટરે પૂરતાં ધ્યાનથી અને સહાનુભૂતિથી તેને સાંભળી. પછી તે પોતાના ચાર્ટ તરફ વળ્યા અને લખ્યું...

પ્રશ્નો

અ. ડોક્ટરે ચાર્ટ પર શું લખ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "કોઈ ફરિયાદ નથી."

બ. ડોક્ટર જાણે છે કે ગર્ભાવસ્થાના આગળના તબક્કાનાં આ સામાન્ય ચિન્હો છે. જીવનમાં

પણ, આપણે જુદી જુદી સમસ્યાઓના સામનો કરીએ છીએ. જો આપણે યોગ્ય નજરીયાથી તેમના તરફ જોઈએ તો તેઓ તકલીફ આપનાર તરીકે દેખાતા બંધ થઈ જાય છે. જીવનના દરેક તબક્કાને તેની પોતાની સમસ્યાઓ હોય છે. આપણે આપણી શ્રેષ્ઠ ક્ષમતા સુધી આ સમસ્યાઓ સાથે અનુકૂળ થઈ જવું જોઈએ નહીં તો આપણે ક્યારેય આપણું જીવન પૂરેપૂરું માણી નહીં શકીએ.

@Gujaratibookz

૬૪

માંગ જેટલી ઓછી, આનંદ તેટલો વધારે

એક વખત રાજકીય દાર્શનિક એટીસ્ટ્રીપસે જુલમી ડેનીસની ખુશામત કરીને ખાસ્સી સંપત્તિ એકઠી કરી હતી. તે તેના ઓછા સમૃદ્ધ સાથીઓ તરફ સક્રિય રીતે કટાક્ષ કરતો. ડાયોજીનસને શાકભાજી ધોતા જોઈએ તેણે અપમાનજનક રીતે કહ્યું, "જો તમે માત્ર રાજા ડેનીસની ખુશામત કરવાનું શીખી લેત તો તમારે ભાજી ધોવી ન પડી હોત."

ડાયોજીનસે જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. ડાયોજીનસનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "અને જો તમે માત્ર ભાજી પર જીવવાનું શીખી લીધું હોત, તો તમારે રાજા ડેનીસની ખુશામત ન કરવી પડત."

બ. ટાળી શકાય તેવું અવલંબન આપણી સ્વતંત્રતા ઓછી કરે છે અને સ્વતંત્રતા આનંદ આપે છે. ઇચ્છા જેટલી ઓછી તેટલું આપણું સુખ વધારે.

૬૫

અન્યોને આંખ મીંચીને વિશ્વાસ ન કરો

એક ગંભીર રીતે બીમાર માણસ કોમામાં ચાલ્યો ગયો. આસપાસના બધાને લાગ્યું કે તેનો અંત આવી ગયો હતો. પરિવારના તબીબ આવ્યા અને તે પથારીવશ માણસની સંપૂર્ણ ચકાસણી કરી. તેમણે કોઈ પણ બાબત છોડી નહીં. તેની ચકાસણીથી સંપૂર્ણ સંતુષ્ટ ડોક્ટરે તેની ચિંતાતુર પત્નીને માહિતી આપી, "મારે તમને ઘણા જ દુ:ખદ સમાચાર આપવાના છે. તમારા પતિ બે દિવસથી મૃત્યુ પામ્યા છે."

આ ક્ષણે, દર્દીએ આઘાતથી પોતાનું માથું ઊંચું કર્યો અને ઉત્તેજનાપૂર્વક બોલ્યા, "ના વ્હાલી, ડોક્ટર ખોટા છે. હું હજી જીવું છું."

પત્નીએ હાંસીપાત્ર હાવભાવ બનાવ્યા. તેણીએ તેના પતિના માથામાં જોરદાર મુક્કો માર્યો અને ગુસ્સાથી કહ્યું.

પ્રશ્નો

અ. ગુસ્સે થયેલ પત્નીએ પતિને શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "મુંગો રહે ! ડોક્ટર નિષ્ણાત છે; તેને વધારે ખબર પડે."

બ. આપણે નિષ્ણાતોના અભિપ્રાયો પર વધારે પડતું ધ્યાન આપીએ છીએ. જ્યાં સુધી ખુશી અને આરોગ્યની બાબત છે ત્યાં સુધી, આપણે માત્ર અન્યોના અભિપ્રાયો અને સૂચનો પર આધાર રાખવાને બદલે આપણી અંદરની જાતની સલાહ લેવી તે વધુ સારું છે.

@Gujaratibookz

૬૬

ખુશી શોધવી

એક વહેલી બપોરે, એક માછીમારે મન પર ચિંતા રાખ્યા વગર, દિવસનું કામ પૂરું કરી નાખ્યું અને એક વૃક્ષ નીચે બેસીને પાઈપ પીતો હતો. બાજુમાંથી પસાર થતા એક ઉદ્યોગપતિને તેની આળસ અકળાવનારી લાગી.

@Gujaratibookz

"તું માછલી કેમ નથી પકડતો ?" તેણે માછીમારને પૂછ્યું.

માછીમારે જવાબ આપ્યો, "મેં દિવસ માટે પૂરતી માછલી પકડી લીધી છે."

"તું શા માટે થોડી વધારે માછલી નથી પકડતો ?" વેપારીએ સૂચન કર્યું.

"હું તેમનું શું કરીશ ?"

"તું થોડા વધારે પૈસા કમાઈશ. પછી તું તારી હોડીમાં મોટર લગાવી શકીશ, જેનાથી તું વધારે ઊંડા પાણીમાં જઈ શકીશ અને વધારે માછલી પકડી શકીશ. તે તને નાયલોનથી જાળ ખરીદવાના પૈસા મેળવી આપશે, જે બદલામાં તને હજી વધારે માછલી પકડવામાં મદદ કરશે. થોડા જ વખતમાં તું બે હોડી ખરીદી શકીશ, કદાચ હોડીઓનો કાફલો પણ ખરીદી શકે. સતત પૈસાનો વરસાદ થશે અને તું મારા જેટલો શ્રીમંત બની જઈશ."

"પછી હું શું કરીશ ?"

"પછી તું ખરેખર જીવનને માણીશ."

ત્યારે માછીમારે ઉદ્યોગપતિ સામે એક પ્રશ્ન ફેંક્યો.

પ્રશ્નો

અ. માછીમારે ઉદ્યોગપતિને પૂછેલ પ્રશ્ન શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "અત્યારે હું શું કરું છું તેમ તમને લાગે છે."

બ. સંપત્તિ એકઠી કરવી અને જીવનને માણવું એ બંને અલગ વસ્તુઓ છે. આપણે નથી જોયું કે કેટલાક શ્રીમંત લોકો આત્મહત્યા કરે છે, જ્યારે જેઓ ગરીબ છે તેવા લોકો વધારે મનોબળ તથા ખુશી પ્રદર્શિત કરે છે ? પૈસા કમાવા તે ક્યારેય આપણા જીવનનું એક માત્ર લક્ષ્ય ન હોવું જોઈએ. આપણે જે કાંઈ પણ કરીએ તેનાથી આપણે આંતરિક શક્તિ અને મનની શાંતિ વિકસાવી શકવા જોઈએ.

@Gujaratibookz

સફળતા પર

@Gujaratibookz

૬૭

ક્ષતિહીનતા તેજસ્વીતાની મહોર છે

માઈકલ એન્જેલોએ એક શિલ્પ પૂરું કરી લીધું હતું. તે છતાં તેણે ત્યાર પછી પણ અઠવાડિયાં કરતાં વધારે સમય સુધી તેના પર કામ કરવાનું ચાલુ રાખ્યું. તેના મિત્રએ તેને પૂછયું, "મને કોઈ ફેર દેખાતો નથી. પૂરાં થઈ ગયેલાં શિલ્પ પર તું શા માટે આટલી સખત મહેનત કરે છે ? માઈકલ એન્જેલોએ સમજાવ્યું કે, "હું તેમાં સૂક્ષ્મ ફેરફારો કરવાનો, હાવભાવને વધારે મૃદુ બનાવવાનો, સ્નાયુઓને મજબૂત બનાવવાનો અને તેના અવયવોમાં વધારે પ્રાણ પૂરવાનો પ્રયાસ કરું છું." પછી તેના મિત્રએ આકસ્મિકપણે ટિપ્પણી કરી. "ઓહ, એ તો માત્ર મહત્વહીન બાબતો છે !" મહાન કલાકારે આનો જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. માઈકલ એન્જેલોનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "મહત્વહીન બાબતો ક્ષતિરહીતતા લાવે છે અને ક્ષતિરહીતતા મહત્વહીન નથી."

બ. ક્ષતિરહીતતા બધી જ મહત્ત્વની સિદ્ધિઓ માટે હોલમાર્ક છે. જે વ્યક્તિ આ હકીકતથી સભાન છે અને તે જે કાંઈ પણ કરે છે તેમાં ક્ષતિરહીતતા પ્રાપ્ત કરવા ખૂબ જ મથે છે તે ચૂપચાપ અદ્ભૂત કલ્પનાશક્તિ વાળી વ્યક્તિ તરીકે ખીલી ઉઠે છે.

૬૮

તમારા પોતાના પ્રતિસ્પર્ધી બનો

પ્રખ્યાત ડેનીશ શિલ્પી, થોર્વાલ્ડસને ક્યારેય તેનાં ગૌરવ પર આધાર નહોતો રાખ્યો. જ્યારે પૂછવામાં આવ્યું કે, "તમે કયા શિલ્પને સૌથી મહાન ગણો છો ?" થોર્વાલ્ડસને જવાબ આપ્યો...

@Gujaratibookz

પ્રશ્નો

અ. થોર્વાલ્ડસનનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "મારું હવે પછીનું !"

બ. તમારા પોતાના પ્રતિસ્પર્ધી બનો. આ એ વલણ છે જે બધા મહાન માણસો તેમનાં જીવનમાં અપનાવે છે. તમારે એકધારા અને સતતપણે તમારા પોતાના કાર્યને સુધારવું અને તેનાથી આગળ નીકળવું જોઈએ.

૬૯

મજબૂતાઈ ઉણપ કરતાં વધારે તેજસ્વીતાથી ચમકવી જોઈએ

એક ઈલેક્ટ્રિકલ જાદુગર તરીકે પ્રખ્યાત, ચાર્લ્સ સ્ટેઈનમેટ્ઝ જનરલ ઈલેક્ટ્રિક માટે કામ કરતા હતા. તેઓ એક રૂઢ સીગારેટ પીનાર હતા.

આ આદતથી પ્રભાવિત થયા વગર સ્ટેઈનમેટ્ઝના કારખાનાંના મેનેજરોએ કાર્યસ્થળે સીગારેટ પીવાની મનાઈ કરતો નિયમ દાખલ કરવાનું નક્કી કર્યું. આને લગતી નોટીસો લગાડાઈ.

સ્ટેઈનમેટ્ઝે નવા નિયમને અવગણ્યો અને ધૂમાડો કાઢવાનું ચાલું રાખ્યું.

એક દિવસ એક અધિકારીએ તે નિયમથી અવગત હતા કે નહીં તે પૂછ્યું. સ્ટેઈનમેટ્ઝે જવાબ ન આપ્યો પરંતુ તેના પર ઠંડી નજર નાખી.

પછીના બે દિવસ સ્ટેઈનમેટ્ઝ ઑફિસે ન આવ્યા અને કેટલાંક ગુંચવણભર્યા કાર્યો ધ્યાન અપાયા વગરનાં રહ્યાં. કામમાં તેમની હાજરી અનિવાર્ય હતી અને સત્તાધારીઓ તેમની શોધમાં ગયા. છેવટે, બફેલો શહેરમાં એક હોટેલની લોબીમાં તેઓ સીગાર ફૂંકતા મળી આવ્યા.

"આખી કંપની તમને શોધે છે, સ્ટેઈનમેટ્ઝ, કઈ વસ્તુએ તમને આમ અવિધિસર રીતે કામ છોડી જવા પ્રેર્યા ?" તેમણે તેમને કહ્યું.

સ્ટેઈનમેટ્ઝે ઠંડકથી જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. તેમનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

@Gujaratibookz

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “હું ધુમ્રપાન કરવા અહીં આવ્યો છું.” પછી સ્ટેઈનમેટ્ઝને પાછા કામ પર આવવા વિનંતી કરવામાં આવી, અને તેમને વચન આપવામાં આવ્યું કે ફરી ક્યારેય ધુમ્રપાનનો નિયમ તેમના પર લાગુ કરવામાં નહીં આવે.

બ. પરિણામો આપો, અને તમારાં દુષણોને સમાવી લેવાય તેવું બની શકે.

@Gujaratibookz

૭૦

પ્રમાણિકતાનો ગુણ

એક સાધુએ નમ્રતાપૂર્વક આ પ્રશ્ન તેના ગુરુ પાસે મૂક્યો, “હું સમજું છું કે જ્યારે એક સિંહ તેના વિરોધી - તે સસલું હોય કે હાથીને દબોચે ત્યારે તે પોતાની શક્તિનો વધારે પડતો ઉપયોગ કરે છે; આ શક્તિ શું છે તે મને કહો ?”

@Gujaratibookz

ગુરુએ જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. ગુરુનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. ગુરુએ જવાબ આપ્યો, “આ શક્તિ પ્રમાણિકતા (શબ્દસ: ભ્રમમાં ન નાખવાની શક્તિ)નો જુસ્સો છે. તેનો અર્થ છે તમારાં સર્વસ્વને ક્રિયામાં મૂકી દેવું, અને કંઈ જ પાછળ ન રાખવું.”

બ. એક પ્રમાણિક વ્યક્તિ એ છે જે કામ પ્રત્યે સંપૂર્ણ સમર્પિત થઈ જાય છે. જીવનમાં કંઈક વિશિષ્ટ સિદ્ધ કરવા માટે, વ્યક્તિએ પ્રામાણિકતાનો ગુણ વિકસાવવો જોઈએ.

૭૧

એક ગરીબ છોકરાની પહેલ

ઈટાલીનાં વિગ્નોલાની એક શાળામાં, એક શિક્ષક પોતે જે ભણાવતા હતા તેમાં સંપૂર્ણ ડૂબી ગયા હતા. જોકે, તેમના ધ્યાન પર આવ્યું કે તેના કેટલાક વિદ્યાર્થીઓ સતતપણે બારીની બહાર જોતા હતા. પહેલાં તો શિક્ષકને લાગ્યું કે તે બાલિશ કુતુહલ હતું, પરંતુ જ્યારે આ ખલેલ લાંબો સમય ચાલુ રહી ત્યારે શિક્ષકે પોતે જઈને બારીમાંથી જોવાનું નક્કી કર્યું. તેઓ બારી નીચે ઊભેલા ચિંથરેહાલ અને ઠંડીમાં થરથરતા એક નવ વર્ષના છોકરાને જોઈને આઘાત પામી ગયા. શિક્ષકે વર્ગને ખલેલ પહોંચાડવા બદલ તેના પર રાડો પાડી.

બિચારો છોકરો રડી પડ્યો. તેણે કહ્યું, "મેં કંઈ જ ખોટું નથી કર્યું, હું અહીં તમે જે શીખવો છો તે સાંભળવા અને સ્ટોર પર જતાં પહેલાં કંઈક શીખવા માટે ઊભો હતો; જો તમે મને અહીં નહીં ઈચ્છતા હોવ તો હું પાછો નહીં આવું."

"તું શાળાએ કેમ નથી આવતો ?"

"મારી પાસે ભણવાના પૈસા નથી." છોકરાએ કહ્યું.

"જો તું ભણવા વિશે ખરેખર ગંભીર છે કે નહીં તે મને જોવા દે. મેં ગઈ કાલે અને તેની પહેલાંના દિવસે જે વિષયો સમજાવ્યા હતા તેના વિશે કંઈક કહે."

છોકરાને બધું જ યાદ હતું. ડઘાઈ ગયેલા શિક્ષકે કહ્યું, "છ લીરા (ઈટાલીનું ચલણ) ની ચિંતા ન કરીશ. ભણવા આવ અને હું જરૂરી વ્યવસ્થા કરીશ."

છોકરાએ એટલી પ્રગતિ કરી કે વર્ષના અંતે શિક્ષકને ખબર નહોતી પડતી કે તેને બીજું શું શીખવવું. તેને શિક્ષણ ચાલુ રાખવામાં મદદ કરવા માટે ઘણા અન્ય લોકો આગળ આવ્યા. તે એક મહાન વિદ્વાન, એક ઈતિહાસનો અદ્‌ભૂત વ્યાખ્યાતા અને વિશિષ્ટ ઈટાલીયન લેખક બન્યો. એ

છોકરો હતો લુડોવીકો એન્ટોનીયો મુરાટોરી.

પ્રશ્ન

અ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?
તમારો પોતાનો જવાબ વિચાર્યા પછી જ અમારા જવાબ સાથે તેમની ચકાસણી કરો.

જવાબ

અ. જે પોતાને મદદ કરે છે તેને ઈશ્વર પણ મદદ કરે છે.

@Gujaratibookz

૭૨

પીડા વગર પ્રાપ્તિ નહીં

મહાન ફ્રેન્ચ કલાકાર રેનોઈર આર્થરાઈટીસથી ભયંકર પીડાતા હતા. તેમના હાથ વળી ગયા હતા અને વિકૃત થઈ ગયા હતા; આંગળીના સાંધા સૂજી ગયા હતા અને મોટા થઈ ગયા હતા. પરંતુ જ્યારે તેઓ અંગુઠા અને પહેલી આંગળીથી પણ ભાગ્યે જ બ્રશ પકડી શકતા હતા, ત્યારે તેમણે કામ કરવાનું ચાલુ રાખ્યું. તેમની સ્થિતિ એટલી બધી ખરાબ થઈ ગઈ કે તેમને ઈઝલ સુધી ઊંચકીને લઈ જવા પડતા અને સહાયકો તેમને માટે કેનવાસ ફેરવતા. છતાં તેમણે ક્યારેય ફરિયાદ ન કરી. તેઓ આનંદી અને સ્વસ્થ રહ્યા અને કામ કરવાનું ચાલું રાખ્યું.

એક દિવસ, તેના મિત્ર મીટેસેએ તેમની મુલાકાત લીધી અને તેમને હંમેશની જેમ ચિત્રો કરતા જોયા. એક બિંદુએ રેનોઈર પીડાથી ધ્રુજી ઉઠ્યા અને તેમના હાથમાંથી બ્રશ પડી ગયું. દયાથી વિહ્વળ થઈ ઉઠેલા મેટીસે ચિલ્લાઈ ઉઠ્યા, "તારી જાતને શા માટે આ રીતે ત્રાસ આપે છે ? તેં આટલું બધું કર્યું છે; તું ખૂબ જ સંતુષ્ટ હોવો જોઈએ."

રેનોઈરે તેમની તરફ જોયું, સૌમ્ય સ્મિત કર્યું અને કહ્યું...

પ્રશ્નો

અ. રેનોઈરની ટિપ્પણી શું હતી ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. રેનોઈરે કહ્યું, “હું જે પીડા સહન કરું છું તે ક્ષણિક છે; જે સૌન્દર્ય સર્જું છું તે કાયમી છે.”

બ. એક પ્રખર બુદ્ધિ પાગલ જેવા જુસ્સાથી તેનાં કાર્યને આગળ વધારે છે. આ પ્રક્રિયામાં દુ:ખ અને પીડા પાશ્ચાદભૂમાં ધકેલાઈ જાય છે. તેમની અદ્‌ભૂત સિદ્ધિઓ માટેનું આ મુખ્ય કારણ છે. પીડા વગર પ્રાપ્તિ નહીં.

@Gujaratibookz

૭૩

કઠિન પરિશ્રમ ક્યારેય અટકતો નથી

૪૦ વર્ષ સુધી જહોન વેસ્લીએ દિવસના સરેરાશ ૨૦ માઈલની ગતિએ, ઘોડા પર ૨૫૦,૦૦૦ માઈલનો પ્રવાસ કર્યો હતો. તેમણે ૪૦,૦૦૦ ધર્મોપદેશો આપ્યા હતા, ૪૦૦ પુસ્તકો લખ્યાં હતાં અને ૧૦ ભાષાઓમાં નિપુણતા મેળવી હતી. ૮૩ વર્ષની ઉંમરે તેમને દુ:ખ થતું હતું કે તેઓ પોતાની આંખને નુકસાન પહોંચાડ્યા વગર દિવસના પંદરથી વધારે કલાક ઘોડેસવારી નહોતા કરી શકતા, અને ૮૬ વર્ષની વયે તેમને શરમ આવતી હતી કે તેઓ દિવસના બેથી વધારે વખત ઉપદેશ નહોતા આપી શકતા. તેમણે પોતાની રોજનીશીમાં ઘણી વાર ફરિયાદ લખી છે કે તેમનું સવારે ૫-૩૦ વાગ્યા સુધી પથારીમાં સૂઈ રહેવાનું વલણ વધી રહ્યું છે. તેઓ જેમ ઘરડા થતા ગયા, પોતાને વધારે ધકેલતા ગયા. કોઈ વસ્તુ તેમને અટકાવી ન શકી. તેઓ અટકાવી ન શકાય તેવા હતા.

પ્રશ્ન

અ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારો પોતાનો જવાબ વિચાર્યા પછી જ અમારા જવાબ સાથે તેમની ચકાસણી કરો.

જવાબ

અ. જહોન વેસ્લી માટે ઉંમરની કોઈ સુસંગતતા ન હતી. તેમણે પોતાની વધતી ઉંમરનો ક્યારેય કામ અટકાવવાનાં બહાનાં તરીકે ઉપયોગ ન કર્યો. તેમના છેલ્લા શ્વાસ સુધી તે પરિશ્રમી અને ઉત્પાદક રહ્યા.

૭૪

પ્રખરતા - પરિશ્રમની ઉપજ

છેલ્લી સદીના સ્પેનિશ વાયોલીન વાદક, સારાસાતેને એક વખત એક પ્રસિદ્ધ આલોચકે પ્રખર કલાકાર કહ્યા. જ્યારે સારાસાતે એ આ સાંભળ્યું, તેણે માથું ધૂણાવ્યું અને છીંકોટો કર્યો...

@Gujaratibookz

પ્રશ્નો

અ. સારાસાતેએ શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “જીનિયસ ! મેં સાડત્રીસ વર્ષ સુધી દિવસના ચૌદ કલાક કામ કર્યું છે અને હવે તેઓ મને જીનિયસ કહે છે.”

બ. કઠોર પરિશ્રમ અને ધૈર્ય વગરનો કોઈ જીનિયસ નથી.

૭૫

તમારી સંપત્તિ કમાવ

મીસીસીપી પરની એક આગબોટ અડધા ડૂબેલા ભંગાર સાથે અથડાઈ અને ડૂબવા લાગી. તે પૂરેપૂરી ભરેલી હતી અને મોટા ભાગના મુસાફરો કેલીફોર્નીયાના ખાણીયાઓ હતા.

જીવનરક્ષક નૌકાઓ મુસાફરોના માત્ર ચોથા ભાગને જ સમાવી શકે તેમ હતી. બાકીના લોકોને તેમની વસ્તુઓ છોડી દેવા અને પાણીમાં કુદીને કિનારા સુધી તરવાનું દબાણ કરાયું.

એક સિવાય બધાએ તરત જ જહાજ છોડી દીધું. તે સમુદ્રમાં કુદનાર છેલ્લો હતો અને જે ક્ષણે તે પાણીને સ્પર્શ્યો, કે તે પથ્થરની જેમ ડૂબી ગયો.

પ્રશ્નો

અ. છેલ્લો માણસ કેમ પથ્થરની જેમ ડૂબી ગયો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. જ્યારે તેનું શરીર મળી આવ્યું ત્યારે ખબર પડી કે જ્યારે અન્ય મુસાફરો ભાગી રહ્યા હતા ત્યારે તે ખાણીયાઓની બેગો લૂંટી રહ્યો હતો. તેણે કૂદતાં પહેલાં પોતાની કમ્મરની આસપાસ સોનાની કોથળીઓ બાંધી હતી. મોટાભાગના લોકો જીવન દરમિયાન ભેગું કરે તેના કરતાં તેણે વધારે ભેગું કર્યું હતું પરંતુ આ હુંસાતુંસીમાં તેણે ક્ષણમાત્રમાં પોતાનો જીવ ગુમાવ્યો હતો.

બ. માત્ર આપણા પોતાના પ્રયાસો વડે સંપાદિત કરેલ સંપત્તિ જ આપણને સંતોષ આપી શકે છે. અન્ય લોકોની મિલ્કત સંતાડવી તે આપણને મુશ્કેલીમાં મૂકી દે છે.

@Gujaratibookz

૭૬

મહાન યોજનાઓ માટે સંપૂર્ણ એકાગ્રતાની જરૂર પડે છે

આઈઝેક ન્યુટનને નજીકના મિત્રએ રાત્રીભોજ માટે આમંત્રણ આપ્યું હતું. ન્યુટન તે સ્થળે મોડા પહોંચ્યા અને પોતાના આગમનની કોઈને જાણ કર્યા વગર દિવાનખંડમાં બેસી ગયા. થોડો સમય રાહ જોયા પછી, તેમના મિત્રએ ગણી લીધું કે ન્યુટન ક્યાંક અટવાયા હતા. તેમણે ધારી લીધું કે ન્યુટન નહોતા આવવાના, આથી તેમણે જમી લીધું અને ઊંઘી ગયા.

JoinGujaratiBook2

ન્યુટન, મહત્ત્વની વૈજ્ઞાાનિક બાબતોમાં સંપૂર્ણ ડૂબી જઈને ખાવાનું તથા સૂવાનું બંને ભૂલી જઈને, આખી રાત દિવાનખંડમાં બેસી રહ્યા.

બીજી સવારે તેમના યજમાને તેમને દિવાનખંડમાં બેઠેલા જોયા. તેમના મિત્ર સ્વાભાવિક રીતે અસ્વસ્થ થઈ ગયા અને ન્યુટને તેમની ખૂબ જ માફી માગી.

પ્રશ્ન

અ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારો પોતાનો જવાબ વિચાર્યા પછી જ અમારા જવાબ સાથે તેમની ચકાસણી કરો.

જવાબ

અ. એકાગ્રતા દરેક પ્રખર બુદ્ધિશાળીનો હોલમાર્ક છે.

૭૭

અનુભવ આત્મવિશ્વાસ લાવે છે

એક પ્રખ્યાત સ્થપતિને એક વાર સાક્ષી તરીકે કોર્ટમાં બોલાવવામાં આવ્યા. વકીલે તેમની ઉલટ તપાસ કરતાં પૂછ્યું : "તમે ન્યાયાલય માટે તમારી પોતાની ઓળખ આપશો ? તમારો વ્યવસાય શું છે ?"

પલક ઝપકાવ્યા વગર સ્થપતિએ પોતાનું નામ કહ્યું અને ઉમેર્યું, "હું દુનિયાનો સૌથી સરસ સ્થપતિ છું."

પછીથી એક મિત્રએ તેમની આકરી ટીકા કરી. તેણે પૂછ્યું, "તમે ન્યાયાલયમાં એવું કેવી રીતે કહી શકયા, તમને ખ્યાલ ન આવ્યો કે લોકો તમને અસભ્ય વ્યક્તિ ધારી લેશે ?"

પ્રશ્નો

અ. સ્થપતિનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. સંપૂર્ણપણે ધીટની જેમ તે સ્થપતિએ કહ્યું, "હું જાણતો હતો પરંતુ હું મારી જાતને રોકી ન શક્યો. મેં પ્રતિજ્ઞા લીધી હતી."

બ. સ્થપતિના દેખીતા ઘમંડ માટે ગણનાપાત્ર પાયો હતો. તેમનાં મહાન કાર્ય અને પરંપરાથી

@Gujaratibookz

હિંમતભર્યા અલગપણા માટે તેમને આંતરરાષ્ટ્રીય પ્રશંસા મળી હતી. મોટેભાગે બધાજ મહાન માણસો આત્મવિશ્વાસુ હોય છે. આટલી ખૂલ્લી રીતે વ્યક્ત કરાયેલ ઘમંડ કદાચ અવળો પડે પરંતુ અતિશય આત્મવિશ્વાસ ઘણી વાર આત્મ વિશ્વાસુ વ્યક્તિને અવકાશ તરફ ગતિ કરતાં રોકેટની જેમ હડસેલે છે.

@Gujaratibookz

રચનાત્મકતા પર

@Gujaratibookz

૭૮

લાલચથી દૂર રહો

એક ઉડાન પર ભોજન પીરસવામાં આવ્યું. એક સ્ત્રીએ પહેલું કામ ચોકલેટ કેકના સ્વાદિષ્ટ ટુકડા પર ખૂબ જ મીઠું અને મરી છાંટવાનું કર્યું. તેની વિચિત્ર હરકત જોઈને ઉડાન સહાયકે ટિપ્પણી કરી કે એમ કરવું જરૂરી ન હતું.

"ઓહ, પણ એ જરૂરી છે," મહિલાએ સ્મિત સાથે ઉત્તર આપ્યો અને આગળ કહ્યું...

પ્રશ્નો

અ. તેણીએ ઉડાન સહાયકને શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "તે મને તે ખાવાથી દૂર રાખે છે."

બ. સ્વ નિયંત્રણ પાળવાનો કેવો બુદ્ધિશાળી રસ્તો. ડાયટીંગ કરવાના શ્રેષ્ઠ માર્ગો પૈકીનો આ એક છે.

૭૯

કોઈ પણ હોશિયાર થઈ શકે

એક ભિખારીએ એક ઘરની સામે ઊભા રહીને ભીખ માગી. એક યુવાન મહિલા ઘરમાંથી બહાર આવી. તે માણસને જોઈને તેણીએ કહ્યું, "તું સક્ષમ અને તંદુરસ્ત દેખાય છે. તું કામ કરવા માટે પૂરતો મજબૂત હોઈશ."

@Gujaratibookz

ભિખારીએ એક ક્ષણ વિચાર કર્યો અને એક યોગ્ય પ્રત્યાઘાત આપ્યો. તેનો જવાબ સાંભળીને ખૂબ ખુશ થયેલી યુવાન સ્ત્રીએ તેને ઉદારતાપૂર્વક ભિક્ષા આપી.

પ્રશ્નો

અ. ભિખારીની ટિપ્પણી શું હતી ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "તમે એક ફિલ્મ સ્ટાર બની શકો તેટલાં સુંદર છો પરંતુ તમે એક સામાન્ય ગૃહિણી બની રહેવાનું પસંદ કર્યું છે."

બ. સફળતામાં યુક્તિ ઘણો ભાગ ભજવે છે.

૮૦

તણાવમાં હો ત્યારે ઓછું શીખો

માતાજુરા એક મહાન તલવારબાજ બનવા ઇચ્છતો હતો પરંતુ તેના પિતએ કહ્યું કે તે પૂરતો ઝડપી ન હતો અને તે ક્યારેય શીખી નહીં શકે.

કૃતનિશ્ચયી માતાજુરા પ્રખ્યાત દ્વન્દ્વયુદ્ધ કરનાર બેન્ઝો પાસે ગયો અને તેના શિષ્ય બનવા માટે કહ્યું.

તેણે પૂછયું, "મને નિપુણ બનતાં કેટલો સમય લાગશે ? જો હું તમારો નોકર બની જાઉં અને ક્ષણે ક્ષણ તમારી સાથે જ રહું તો ?"

"દસ વર્ષ" બેન્ઝોએ કહ્યું.

"માતા પિતા વૃદ્ધ થઈ રહ્યા છે. દસ વર્ષની અંદર તેમની સંભાળ લેવા માટે ઘેર પાછા ફરવું પડશે. જો હું બમણી મહેનત કરું તો મને કેટલો સમય લાગશે ?"

"ત્રીસ વર્ષ" બેન્ઝાએ કહ્યું.

માતાજુરાએ પૂછ્યું, "એ કેવું ? પહેલાં તો દસ વર્ષ કહ્યાં અને જ્યારે મેં બેવડી મહેનત કરવાની વાત કરી તો તમે એના કરતાં પણ ત્રણ ગણો વધારે સમય કહો છો. મને સ્પષ્ટતા કરવા દો. હું અવિરત કામ કરીશ; મારે માટે કોઈ પણ મુશ્કેલી વધારે પડતી નહીં હોય. તો કેટલો સમય લાગશે ?"

"સીત્તેર વર્ષ," બેન્ઝોએ કહ્યું અને તેનાં કારણો સમજાવ્યાં.

પ્રશ્નો

@Gujaratibookz

અ. બેન્ઝો વડે અપાયેલ કારણો કયા હતા ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. બેન્ઝોએ કહ્યું, "અતિશય ઉતાવળમાં હોય તે શિષ્ય ધીમે શીખે છે."

બ. જ્યારે શીખનાર તાણ અને હતાશામાં હોય ત્યારે શીખવાની પ્રક્રિયા ધીમી હોય છે. જ્યારે મન શાંત અને સ્વસ્થ હોય છે ત્યારે તે વધારે ગ્રહણ કરી શકે છે.

@Gujaratibookz

૮૧

લોકોને નિશ્ચિત તરીકે ન ગણો

ગામમાં ખાસ તેજસ્વી ન હોવા તરીકે જાણીતો એક છોકરો એક વ્યસ્ત લુહારને પજવતો હતો. તેને ડરાવીને દૂર ભગાડવાના આશયથી લુહારે લોઢાંનો રાતોચોળ ટુકડો છોકરાના નાક નીચે ધરી દીધો.

@Gujaratibookz

"જો તમે મને એક રૂપિયો આપો તો હું 'તેને' ચાટી લઈશ." સાદા દેખાતા છોકરાએ કહ્યું.

લુહારે અપેક્ષા સાથે તેની તરફ જોતાં સિક્કો ધર્યો.

પ્રશ્નો

અ. છોકરાએ શું કર્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. એક પણ શબ્દ બોલ્યા વગર, છોકરાએ સિક્કો લઈ લીધો, તેને ચાટ્યો અને ખીસ્સામાં મૂકી દીધો. જીભ પર ઘસરકોય પડ્યા વગર તે હળવેથી સીટી મારતો ચાલ્યો ગયો.

બ. છોકરાએ રચનાત્મકતા પ્રદર્શિત કરી. આપણે કોઈની બુદ્ધિને ઓછી આંકવી ન જોઈએ.

૮૨

નબળાઈઓને શક્તિમાં ફેરવો

એક વીશીવાળાનો ધંધો નિષ્ફળ જઈ રહ્યો હતો. તેનાં લથડતાં જતાં ભવિષ્યને સુધારવાની કોઈ કારી ફાવતી ન હતી. ઘેરી નિરાશામાં, તેણે એક શાણા માણસની સલાહ લીધી.

@Gujaratibookz

તે માણસે તેને કહ્યું, "બહુ સાદું છે. માત્ર વીશીનું નામ બદલી નાખ."

માલિકે વિરોધ કર્યો, "કેવી રીતે બદલી શકું ? સદીઓથી તેનું નામ 'બ્રાઈટ સન' છે."

"મિત્ર, તારી પાસે એક પસંદગી છે" શાણા માણસે સમજાવ્યું.

"તું સદીઓ જૂનું નામ ચાલુ રાખીને ધંધાને ડૂબાડી શકે છે અથવા તેને બદલીને પાછો વળી શકે છે."

"ઠીક છે, ઠીક છે." વીશીનો માલિક વિનમ્રતાથી સંમત થયો. "નામ શું હોવું જોઈએ ?"

તેને "સેવન સ્ટાર્સ" નામ આપ. પરંતુ તેનાં સાઈનબોર્ડ પર છ તારાઓની હાર બનાવવાની ખાત્રી રાખજે.

"છ ?" ડઘાઈ ગયેલા માણસે પૂછ્યું. "એ ઘણું જ વિચિત્ર છે. એ વસ્તુ કેવી રીતે મદદ કરશે ?"

"ઘેર જા, ફેરફાર કર અને ત્રણ મહિના પછી મને મળજે. શાણા પુરુષે કહ્યું."

વીશીના માલિકે શાણા પુરુષની સલાહનું પાલન કર્યું.

બન્યું એવું કે જે કોઈ પણ ત્યાંથી પસાર થતું તે એક ક્ષણ અટકતું, તારાઓ ગણતું અને પોતે એકલાએ જ આ વસ્તુ ધ્યાન પર લીધી છે તેમ માનીને આ દેખીતી ભૂલની અસંગતિ તરફ ધ્યાન

દોરવા અંદર જતું. અંદર જવાની તકલીફ ઉઠાવી હોવાથી તે કંઈક ખાવા-પીવાનો ઓર્ડર આપતા. દિવસે દિવસે સંખ્યા વધવા લાગી અને વીશીના માલિકે પાછું વાળીને જોયું નથી.

પ્રશ્ન

અ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારો પોતાનો જવાબ વિચાર્યા પછી જ અમારા જવાબ સાથે તેમની ચકાસણી કરો.

જવાબ

અ. લોકોને બીજાની ભૂલો દર્શાવવામાં મજા આવે છે. આ નબળાઈને નાણામાં વટાવી શકાય છે.

@Gujaratibookz

૮૩

રચનાત્મક રીતે સમસ્યા ઉકેલવી

એક માણસ એક કરિયાણાની દુકાને આવ્યો. કંઈ પણ ખરીદ્યા વગર તે દુકાનની એક તૂટેલી બારીને જોતો ઊભો રહ્યો. તેણે માલિકને કહ્યું કે પોતે નિપુણ હોવાથી તે બારીનું સમારકામ કરવા તૈયાર હતો, અને એ કામ માટે તેણે ૨૦૦ રૂપિયા માગ્યા.

"એ બારીની કિંમત ૫૦ રૂપિયા પર વધારાની એક પાઈની પણ નથી." દુકાનદારે જવાબ આપ્યો.

પેલા માણસે જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. માણસે કરીયાણાવાળાને શું જવાબ આપ્યો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "ઠીક છે, આ લ્યો પચાસ રૂપિયા. હું ગઈકાલે જેણે આ બારી તોડી નાખી તે બાળકનો પિતા છું અને આ તમે બદલામાં ૫૦૦ રૂપિયા માગણી કરતી મને મોકલેલી ચિઠ્ઠી છે."

બ. એક સમસ્યાનો ઉકેલ જુદી જુદી રીતે આવી શકે છે. શ્રેષ્ઠ ઉપાય માટે વ્યક્તિએ યોગ્ય આયોજન અને રચનાત્મક વિચારો કરવાની જરૂર છે.

૮૪

પ્રશંસા અને સજા

એક સમયે એક સમ્રાટે પોતાનું કાર્ય પોતાના મુખ્ય પ્રધાન સાથે વહેંચી લીધું. મુખ્ય પ્રધાને બધી જ સજાઓ તથા ઝાટકણી કાઢવાની હતી અને સમ્રાટે બધાંજ વખાણ કરવાનાં અને ઈનામો આપવાના હતા. સમ્રાટે વિચાર્યું કે આ રીતે લોકો સાથેનો તેનો ઘરોબો વધશે અને તેનું કામ હળવું અને આનંદપ્રદ રહેશે.

પરંતુ થોડા જ વખતમાં સમ્રાટનાં ધ્યાન પર આવ્યું કે જ્યારે પણ તે કોઈકને કંઈક કરવાનું કહેતા ત્યારે તેઓ તે કામ કરવા તરફ સમર્પિત ન હતા. પરંતુ જ્યારે મુખ્ય પ્રધાન કહેતા ત્યારે તેઓ કરવા લાગતા. આથી સમ્રાટે મુખ્ય પ્રધાનને બોલાવ્યા અને કહ્યું, "આપણે ભૂમિકાની અદલા-બદલી કરીએ. તમે ઘણા વખતથી સજા આપવાનું કાર્ય કરો છો, હવે મને સજા આપવાનું કામ કરવા દો અને તમે ઈનામ આપવાનું કરો."

પ્રશ્નો

અ. શું લોકોએ સમ્રાટની આજ્ઞાપાલન કરવાનું શરૂ કર્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. વડાપ્રધાન, જે હવે લોકો પર પ્રેમ તથા વહાલ વરસાવતા હતા, તેમની આજ્ઞાનું પાલન કરવાનું લોકોએ ચાલું રાખ્યું, પરંતુ સમ્રાટને તેમની કઠોરતા બદલ ધિક્કારવાનું ચાલુ કર્યું.

બ. વખાણમાંથી સજા તરફ જવું તે નકારાત્મક અસર લાવે છે, જ્યારે સજાથી પ્રશંસામાં જવાની વ્યુહરચનાનો ફેરફાર સકારાત્મક અસર આપે છે. બંને આત્યંતિક પરિણામો છે. પ્રશંસા અને શિક્ષા સંવાદિ રીતે એકબીજા સાથે ભળેલાં હોવાં જોઈએ.

@Gujaratibookz

૮૫

હાજર જવાબી જ્યોતિષ

એક જ્યોતિષે લુઈ અગિયારમો જેને અતિશય પ્રેમ કરતો હતો તેવી મહિલાનાં મૃત્યુનું ભવિષ્ય ભાખ્યું. જ્યારે તે મૃત્યુ પામી ત્યારે રાજાએ કલ્પના કરી કે જ્યોતિષનું ભવિષ્ય કથન આનું કારણ હતું. તેણે સજારૂપે તેને બારીમાંથી બહાર ફેંકાવી દેવાના ઈરાદાથી તેને બોલાવવા માણસ મોકલ્યો.

"તું ખૂબ જ હોશિયાર અને જ્ઞાની માણસ હોવાનો દેખાવ કરે છે; તો તારું ભાગ્ય શું છે ? તું ક્યારે મૃત્યુ પામીશ તે મને કહે."

ભવિષ્ય ભાખનાર, કે જેને કુંવરના ઈરાદાઓની ગંધ આવી ગઈ હતી અને જે તેનાં અપલક્ષણ જાણી ગયો હતો, તેણે જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. ભવિષ્યવેત્તાએ જવાબ આપ્યો, "સર, હું જોઈ શકું છું કે હું તમારી પહેલાં ત્રણ દિવસે મૃત્યુ પામીશ." રાજાએ તેને માની લીધો અને તે ભવિષ્યવેત્તાનાં જીવનની સંભાળ લેવા લાગ્યો.

બ. યુક્તિ અને હાજરજવાબી વડે સમસ્યાઓ વધુ સરળતાથી ઉકેલી શકાય છે.

૮૬

પ્રવાસમાંથી શીખવું

એક સેલ્સમેને ઘણો પ્રવાસ કરવો પડે છે. જેવી મુસાફરી શરૂ થાય કે તે ચોપડી ખોલીને એકાગ્રતાથી વાંચવા લાગે છે. થોડી વારમાં સાથી મુસાફર દખલ કરે છે અને પૂછે છે, "શું તમે હંમેશાં ચોપડીને ઉંધી રાખીને જ વાંચો છો ?" સેલ્સમેન સ્મિત સાથે ઉપર જુએ છે અને જવાબ આપે છે, "ના, માત્ર તેનું પૂઠું જ ઉધું છે."

@GujaratiBOOKZ

પ્રશ્નો

અ. સેલ્સમેન ચોપડીનું પૂઠું શા માટે ઉધું રાખે છે ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. તે સાથી મુસાફરો સાથેનું મૌન તોડવા માટે આમ કરે છે.

બ. મુસાફરી કરતી વખતે આપણે પુસ્તક વાંચવામાંથી શીખીએ છીએ તેના કરતાં સાથી મુસાફરો સાથેની વાતચિતમાંથી વધારે શીખીએ છીએ.

૮૭

કલ્પનાશીલ બનવું

બેંગ્લોરમાં બે દુકાનો વચ્ચે ગળાકાપ સ્પર્ધા હતી.

એક દુકાને પોતાની બારીમાં એક બેનર લટકાવ્યું, "જો તમારે તેની જરૂર હોય, તો અમારી પાસે તે છે."

@Gujaratibookz

બીજી દુકાન એક સાચાં રત્ન જેવું વાક્ય આપવામાં બહુ પાછળ ન હતી. તેનું બેનર કહેતું હતું...

પ્રશ્નો

અ. બીજી દુકાનનું બેનર શું કહેતું હતું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "જો અમારી પાસે તે નથી, તો તમારે તેની જરૂર નહીં જ હોય !"

બ. જાહેરખબરો એ સાબિતી છે કે વ્યાપારમાં રચનાત્મકતા મહત્વનો ભાગ ભજવે છે.

૮૮

જીવનની શાળા

વિનય અને દિનેશ પરમ મિત્રો હતા. વિનયે અભ્યાસ છોડી દીધો, જયારે દિનેશ સારું ભણ્યો, વ્યાપારમાં પ્રવેશ્યો અને ખૂબ જ શ્રીમંત થયો. આ સમૃદ્ધિ છતાં, તેને જીવન તરફથી સંતોષ કે ખુશી ન મળ્યાં.

@Gujaratibookz

વિનય અને દિનેશ પંદર વર્ષ પછી મળ્યા. તેમણે એકબીજાનું અભિવાદન કર્યું અને એકબીજાના હાલચાલ પૂછ્યા. વિનય નાણાકીય રીતે બહુ સદ્ધર ન હોવા છતાં, તંદુરસ્ત, ખુશ અને આનંદમાં દેખાતો હતો. દિનેશ તેના મિત્રના આનંદી સ્વભાવ અને સ્વનિયંત્રણથી ઘણો જ આકર્ષાયો અને તેને પૂછ્યું, "તું કઈ શાળામાં જતો હતો ?"

વિનયે જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. વિનયનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. વિનયે જવાબ આપ્યો, "અન્ય શાળાઓમાંથી, હું જીવનની શાળામાં ગયો. હું જ્યાં પણ ગયો, ત્યાંથી કંઈક શીખ્યો."

બ. બાહ્ય ઘટનાઓ મોટાભાગના મનુષ્યોની લાગણીઓ પર શાસન કરે છે, પરંતુ એક સ્વસમજણવાળો માણસ કોઈનો ગુલામ નથી. આપણા જીવનમાં જે કાંઈ પણ બને તેમાંથી આપણે શીખી શકીએ છીએ.

@Gujaratibookz

૮૯

કલ્પનાશીલતા અપનાવો

એક વ્યાવસાયિક પત્ર પૂરું કરવા માટે એક વિદ્યાર્થીએ લોકોનાં મંતવ્ય જાણવાનાં હતા અને તેનો સમાવેશ કરવાનો હતો. તે હાથમાં ક્લીપબોર્ડ લઈને એક ભરચક રસ્તા પર ગોઠવાયો, પરંતુ લોકો તેની સાથે વાત કરવા માટે વધારે પડતાં વ્યસ્ત હતાં. તે એક પણ ઈન્ટરવ્યુ લીધા વગર ઘેર ગયો.

@Gujaratibookz

નિરુત્સાહ થયા વગર, તે બીજે દિવસે પાછો ફર્યો. આ વખતે, તેણે એક મિત્રની મદદ લીધી જેની પાસે એક વિડીયો કેમેરા હતો અને જે એક કેમેરામેન તરીકે કામ કરવા સંમત થયો હતો. હાથમાં માઈક્રોફોન અને ફરતા કેમેરા સાથે તેને ત્વરિત સફળતા મળી. તેણે દસ પ્રયાસ કર્યા અને સ્મિત સાથે દસ ઈન્ટરવ્યુ મેળવ્યા. ઓચિંતા જ જાણે કોઈ કંઈજ ઉતાવળમાં ન હોય તેવું લાગતું હતું.

પ્રશ્ન

અ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારો પોતાનો જવાબ વિચાર્યા પછી જ અમારા જવાબ સાથે તેમની ચકાસણી કરો.

જવાબ

અ. વિદ્યાર્થીએ રચનાત્મકતા લાગુ કરી. લોકોને જાહેરાત જોઈએ છે; તેમને ધ્યાનમાં આવવું ગમે છે. ફીલ્માંકન થવાની સંભાવનાથી ઉત્તેજીત થયેલ દરેક વ્યક્તિ ભાગ લેવા તૈયાર હતી.

૯૦

દરેક વ્યક્તિ સાચી છે

જુલીયન એફ. ડેટમેરે ડેટમેર વુલન કંપનીની સ્થાપના કરી અને તે દરજીના વ્યાપારમાં ગરમ કપડાંની દુનિયાની સૌથી મોટી વિતરક કંપની બની. આ ડેટમેરની વાતો પૈકીની એક છે.

"વર્ષો પહેલાં એક સવારે, એક ગુસ્સે થયેલ ગ્રાહક મારી ઑફિસમાં ધસી આવ્યો. તેણે અમને ૧૫ ડોલર્સ આપવાના હતા. તેણે તેનો ઈન્કાર કર્યો, પરંતુ અમે જાણતા હતા કે તે જુઠો હતો. આથી અમારા ક્રેડિટ ડીપાર્ટમેન્ટે તેને યાદ કરાવવાનું ચાલું રાખ્યું. અસંખ્ય વખત યાદ દેવરાવ્યા પછી તે એમ કહેવા માટે મારી શિકાગોની ઑફિસમાં આવ્યો કે તે માત્ર એ બીલ જ નહોતો ચૂકવવાનો, પરંતુ તે ભવિષ્યમાં ક્યારેય ડેટમેર વુલન કંપનીમાંથી એક ડોલરનો પણ માલ ખરીદવાનો ન હતો."

"તેને જે કહેવાનું હતું તે બધું જ મેં ધૈર્યપૂર્વક સાંભળ્યું. મને વચ્ચે બોલવાની લાલચ થઈ પણ મને ખ્યાલ આવ્યો કે તે ખરાબ રીત બનશે. આથી મેં તેને પોતાને જ બોલવા દીધો. જ્યારે છેવટે તેનો ઉભરો શમ્યો, ત્યારે મેં શાંતિથી કહ્યું."

પ્રશ્નો

અ. ડેટમેરે ગ્રાહકને શું કહ્યું ?

બ. ડેટમેરે અસંતુષ્ટ ગ્રાહક સાથેનો પ્રશ્ન કેવી રીતે ઉકેલ્યો ?

ક. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “આના વિશે કહેવા તમે શિકાગો આવ્યા તે માટે હું તમારો આભારી છું. તમે મારા પર ઘણો ઉપકાર કર્યો છે કારણ કે જો અમારા ક્રિડેટ ડીપાર્ટમેન્ટે તમને પજવ્યા છે, તો તે અન્ય સારા ગ્રાહકોને પણ ચીડવી શકે છે, અને તે ઘણું જ ખરાબ થશે. મારું માનો તો તમે આ કહેવા જેટલા ઉત્સુક છો તેના કરતાં હું આ સાંભળવા ઘણો વધારે ઉત્સુક છું.”

બ. ડેટમેરે એમ પણ કહ્યું કે તે ૧૫ ડોલર્સ માંડી વાળશે, કારણ કે તેમનો ગ્રાહક ઘણો જ સાવધાન માણસ હતો, જેને માત્ર એક જ એકાઉન્ટનું ધ્યાન રાખવાનું હતું, જ્યારે ડેટમેરના કારકૂનોએ તો હજારો ખાતાંઓનું ધ્યાન રાખવાનું હતું. આથી તે ખોટો હોય તેવી શક્યતા ઓછી હતી.

ગ્રાહક ડેટમેર વુલન કંપનીમાંથી ત્યાર પછી કંઈ જ ખરીદવા માગતો ન હતો તેથી, ડેટમેરે કેટલાક બીજાં વુલન હાઉસની ભલામણ કરી. તેણે તે દિવસે તેને પોતાની સાથે ભોજન લેવા પણ આમંત્ર્યો, જેની સાથે ગ્રાહક આનાકાનીપૂર્વક સંમત થયો. તેઓ ઑફિસમાં પાછા ફર્યા પછી, ગ્રાહકે અગાઉ ક્યારેય નહોતો મુક્યો તેટલો ઓર્ડર આપ્યો. તે હળવાશભર્યા મિજાજમાં ઘેર પાછો ફર્યો અને યોગ્ય અને ન્યાયી બનવાની ઇચ્છાથી, ફરી એક વખત તેણે પોતાના બીલ પર નજર નાખી, એક બીલ મળી આવ્યું જેણે તેને ગેરમાર્ગે દોર્યો હતો અને, માફી માગવા સાથે ડેટમેરને ૧૫ ડોલર્સનો ચેક મોકલી આપ્યો.

પછીથી, જ્યારે તેની પત્નીએ પુત્રને જન્મ આપ્યો ત્યારે તેણે પોતાના પુત્રને ડેટમેરનું વચ્ચેનું નામ આપ્યું. તેનાથી પણ આગળ, તે બાવીસ વર્ષ પછી મૃત્યુ પામ્યો ત્યાં સુધી તે એ કંપનીનો મિત્ર અને ગ્રાહક રહ્યો.

@Gujaratibookz

ક. આ વાતમાંથી નીચેની બાબત શીખવી જોઈએ : ક્યારેય દલીલ ન કરો, દરેક વ્યક્તિ તેની/તેણીની દૃષ્ટિએ સાચી હોય છે. ધૈર્યથી સાંભળો. ધીમે ધીમે નિર્ણય લો. લોકોની પ્રમાણિકતામાં માનો અને તેઓ તેમની પ્રમાણિકતા પ્રદર્શિત કરશે. દલીલો કરતાં વાટાઘાટ દ્વારા સમસ્યાઓ સહેલાઈથી ઉકેલી શકાય છે.

પ્રેરણા પર

@Gujaratibookz

૯૧

કૃતજ્ઞતાની અપેક્ષા ન રાખો

સેમ્યુઅલ લીબોવિત્ઝની હત્યારાઓને ફાંસીની માંચડેથી ખેંચી લાવવાની લાંબી કારકિર્દી હતી. જોકે, તે આ ટોળાંનો જરા પણ પ્રશંસક ન હતો. તે તેઓને પ્રેમ ન કરી શકાય તેવા અને જન્મથી જ કૃતઘ્ની ગણતો હતો. એક ઉદાહરણ તરીકે તે નોંધે છે કે મૃત્યુદંડમાંથી તેણે બચાવેલા ૭૮ માણસોમાંથી એક વ્યક્તિએ પણ તેને ક્યારેય નાતાલનું કાર્ડ મોકલ્યું ન હતું.

પ્રશ્નો

અ. તેમણે તેને શા માટે નાતાલનું કાર્ડ મોકલ્યું ન હતું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. શું તેમણે તેની વકીલ તરીકેની ફી નહોતી ચૂકવી ? તો પછી તેમણે શા માટે કૃતજ્ઞતા અનુભવવી જોઈએ ? તેમણે વકીલનાં કાર્યને માત્ર એક વ્યાપારી લેવડદેવડ તરીકે જોયું હતું.

બ. કૃતજ્ઞતા ચારિત્ર્યનું ચોક્કસ સૌજન્ય સૂચવે છે. જો વ્યાવસાયિક ગુનેગારોમાં એ સૌજન્ય હોત તો તેઓ ગુનેગાર રહ્યા ન હોત.

૯૨

કંજૂસનો તર્ક

એક શ્રીમંત ખેડૂતે તેની બીમાર પત્નીને જોવા માટે ડોક્ટરને બોલાવ્યા.

ખેડૂત તેની કંજૂસાઈ માટે પ્રખ્યાત હતો. તેનો સ્વભાવ બરાબર જાણતો હોવાથી, ડોક્ટરે અગાઉથી ફી માગી. પરંતુ ખેડૂતે ડોક્ટરને ખાતરી આપી, "તમે મારી પત્નીને સાજી કરો કે મારી નાખો, હું તમને દાવો કરવા દીધા વગર તરત જ પૈસા ચૂકવી આપીશ."

ડોક્ટરના શ્રેષ્ઠ પ્રયાસો છતાં, મહિલા મૃત્યુ પામી. તેણે યોગ્ય રીતે તેની ફી માગી.

"તમે મારી પત્નીને સાજી કરી છે ?" ખેડૂતે પૂછ્યું.

"ના" ડોક્ટરે કબૂલ કર્યું.

"તમે તેને મારી નાખી છે ?"

"ચોક્કસપણે નહીં જ." ડોક્ટરે ગુસ્સે થઈને કહ્યું.

ખેડૂતે ચોંકાવનારો જવાબ આપ્યો.

પ્રશ્નો

અ. ખેડૂતનો જવાબ શો હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. ખેડૂતે જવાબ આપ્યો, “ઠીક, તો પછી મારે તમને કંઈ આપવાનું રહેતું નથી.”

બ. ચોક્કસ પાત્રો સાથે વ્યવહાર કરવામાં આપણે સાવચેતી રાખવી જોઈએ. આપણે તેમનાં નિવેદન અને ખૂલ્લા એકરારને મરીમીઠું ભભરાવેલા ગણવા જોઈએ.

@Gujaratibookz

૯૩

ઈશ્વરને પત્ર

એક નાનકડા છોકરાએ સાંભળ્યું હતું કે ઈશ્વર આપણને જે માગીએ તે આપે છે. આ વાતને મનમાં રાખીને, જ્યારે તેનો પરિવાર ભયંકર મુસીબતમાં હતો ત્યારે તેણે માત્ર "ઈશ્વરને" એવું સાદું સંબોધન કરીને એક પત્ર લખ્યો. તેના પિતા બેકાર થઈ ગયા હતા અને તેની માતા ખૂબ જ બીમાર હોવાથી તેણે ઈશ્વરને પોતાના અભ્યાસના ખર્ચને પહોંચી વળવા માટે દર મહિને તેને ૧૦૦ રૂપિયા મોકલવાનું લખ્યું.

સ્થાનિક પોસ્ટ ઑફિસના પોસ્ટ માસ્તરે પત્ર વચ્ચેથી લઈ લીધો અને વાંચ્યો. તેણે ઉત્સાહપૂર્વક આ બાળકના કિસ્સાની સ્થાનિક રોટરી ક્લબને ભલામણ કરી. છોકરાની આર્થિક સ્થિતિની યોગ્ય ચકાસણી કર્યા પછી તેમણે મનીઓર્ડરથી તેને દર મહિને ૫૦ રૂપિયા મોકલવાનું નક્કી કર્યું.

થોડા મહિના પછી પોસ્ટ માસ્તરને "ઈશ્વરને" સરનામું કરેલો તે છોકરાને બીજો પત્ર મળ્યો. તેમણે તે ઉઘાડ્યો અને વાંચ્યો....

પ્રશ્નો

અ. પત્ર શું કહેતો હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “પ્રિય ઈશ્વર, તમે મોકલો છો તે પૈસા માટે આભાર, પરંતુ આવતા વખતથી તમે તે સીધા મને મોકલી શકો ? પોસ્ટ માસ્તર અડધી રકમ તેમનાં કમીશન તરીકે લઈ લે છે.”

બ. ભારતમાં NGOs અને મીશનરીઓ વડે કરાતાં સારાં કાર્ય પર કારણ વગર શંકા તથા ગેરસમજ કરાય છે.

@Gujaratibookz

૯૪

આપો તેવું પામો

ગરીબ ભીખારી અપરંપાર ગરીબીમાં રહેતો હતો. તે ચિંથરેહાલ કપડાં પહેરતો હતો અને ઘણી વાર ભૂખ્યો રહેતો હતો. કેટલાક ઉદાર આત્માઓ તેને ચોખાના દાણા અથવા તાંબાના સિક્કા આપતા, પરંતુ તેનાથી વધુ કંઈ જ નહીં.

@Gujaratibookz

એક દિવસ તેને ખબર પડી કે રાજા પોતે જ તેના રથમાં બેસીને તે માર્ગ પર આવવાના છે. તે રાજાની રાહ જોતો રસ્તા પર ગોઠવાઈ ગયો.

જ્યારે રાજા આવ્યો, ભીખારીએ ભિક્ષા માટે વિનંતી કરી. તેને કંઈ આપવાને બદલે, રાજાએ પોતાના હાથ લંબાવ્યા અને ભીખારીને પોતાને કંઈક આપવાનું કહ્યું. રાજાના આ ક્ષુદ્ર અભિનયથી અતિશય નિરાશ થયેલા ભીખારીએ પરાણે તેના વાટકામાંથી ચોખાના માત્ર ત્રણ દાણા ગણ્યા અને ગુસ્સાથી તે રાજાના હાથમાં મૂક્યા.

બદલામાં રાજાએ તેના વાટકામાં ભેટ તરીકે કંઈક ફેંક્યું.

પ્રશ્નો

અ. રાજાની ભેટ શું હતી ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. ભીખારીએ ચિંતાપૂર્વક રાજા વડે અપાયેલ ભેટ ચકાસી. ચોખાની ઢગલીમાં તેને દાણા જેવા જ આકારની કોઈક ચમકતી વસ્તુ મળી. તેણે જોયું કે તે શુદ્ધ સોનું હતું. તેણે શોધ્યું અને સોનાના બે અન્ય દાણા જોયા. પરંતુ ત્યાર પછી તેણે ઘણી વાર સુધી શોધ્યું પરંતુ સોનાના વધારે દાણા ન મળ્યા.

ત્યારે તે સત્ય સમજ્યો. રાજાએ તેણે આપેલા ચોખાના ત્રણ દાણાની બદલીમાં સોનાના માત્ર ત્રણ દાણા આપ્યા હતા. "હું કેટલો મૂર્ખ છું," તેને અતિશય પસ્તાવો થયો, "જો મને ખબર હોત તો હું તેને ચોખાનો આખો વાટકો આપી દેત."

બ. તમે જેવું આપો તેવું જ મેળવો. કશાય નહીંના બદલામાં તમે ક્યારેય કંઈ ન મેળવો. માત્ર આધ્યાત્મિક જ નહીં, ભૌતિક પ્રદેશમાં પણ વળતરનો નિયમ બરાબર રીતે કાર્ય કરે છે.

@Gujaratibookz

૯૫

દાંપત્યની સમસ્યાઓનો ઉકેલ

એક પવિત્ર માણસ હતો, જેની બધા પ્રકારની સમસ્યાઓને ઉકેલવાની ચમત્કારિક શક્તિ હોવાનું મનાતું હતું. એક મહિલા વડે તેના પતિ વિરુદ્ધની ઢગલો એક ફરિયાદો સાથે તેનો સંપર્ક કરાયો. દેખીતી રીતે, તેને સુધારવાના તેણીના બધાજ પ્રયાસો નિષ્ફળ પૂરવાર થયા હતા.

પવિત્ર માણસે તેને ધૈર્યપૂર્વક સાંભળી અને કહ્યું, "હું તને ઉત્તમ દાંપત્ય જીવનની ખાતરી આપી શકું, જો તું એક વધુ સારી પત્ની બને તો."

આઘાત પામીને, તેણીએ ચિંતાથી તેમને પૂછ્યું, "એને માટે મારે શું કરવું જોઈએ ?"

પવિત્ર માણસે જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. પવિત્ર માણસનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "તેને વધુ સારો પતિ બનાવવાના તારા પ્રયાસો છોડી દે."

બ. દરેક વ્યક્તિગત માણસની અદ્વિતિયતા સમજો. દરેક વ્યક્તિ તેનાં વલણ અને વર્તનમાં જુદી હોય છે. અન્યોમાં ફેરફાર ઇચ્છવા નકામા છે. તેમને જેવા છે તેવા સ્વીકારી લેવા તે વધુ સારું

ઌં.

@Gujaratibookz

૯૬

સૌથી સસ્તું હંમેશાં સૌથી સારું નથી હોતું

એક માણસ દુકાનની બારીમાં “મૂળ કિંમતથી નીચેનું વેંચાણ” લખેલી ઘડીયાળો જોઈને આશ્ચર્ય પામતો હતો. તે દુકાનમાં પ્રવેશ્યો અને પૂછ્યું, “જો તમે આને મૂળ કિંમતથી નીચેના ભાવે વેંચો છો, તો નફો ક્યાંથી આવે છે ?”

@Gujaratibookz

સહાયકે જવાબ આપ્યો....

પ્રશ્નો

અ. સહાયકનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. “ઓહ, અમે તેમનું સમારકામ કરવામાં અમારો નફો લઈએ છીએ.”

બ. લોકો “પેની વાઇસ અને પાઉન્ડ ફૂલીશ” હોય છે. જેઓ સસ્તો માલ ખરીદે છે તેઓ તેમની ખરીદીની જાળવણી અથવા સમારકામમાં વધારે ખર્ચે છે. લાંબા ગાળે, સૌથી સસ્તું હંમેશાં શ્રેષ્ઠ નથી હોતું.

૯૭

છાપ ટકી રહે છે

બેંગ્લોરમાં એક બસ કન્ડક્ટરને એક મહિલા મુસાફર સાથે દલીલ થઈ અને તેણી અકલ્પ્ય રીતે ચિડાઈ ગઈ. તેણે ફરી ન બોલી શકાય તેવા શબ્દોની ઝડી વરસાવી દીધી. તેમની આસપાસના બધા શરમીંદા બની ગયા.

જ્યારે તેણીનું ઉતારવાનું સ્થળ આવ્યું અને તે ઉતરવા માટે તૈયાર થઈ ત્યારે બસ કંડક્ટરે કહ્યું, "મેડમ, તમે કંઈક પાછળ છોડીને જઈ રહ્યાં છો." તેણીએ પૂછ્યું, "શું ?" તેણે કહ્યું....

પ્રશ્નો

અ. કંડક્ટરે મહિલાને શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. કંડક્ટરે કહ્યું, "ખૂબ જ ખરાબ છાપ."

બ. ચારિત્ર્ય સુગંધ જેવું છે. ખરાબ ચારિત્ર્ય હવાને દુર્ગંધ આપે છે.

@Gujaratibookz

૯૮

ગરીબોને આત્મસમ્માન હોય છે

એક દિવસ, નગરની સૌથી શ્રીમંત મહિલા એક મકાનમાં રહેતી ખૂબ જ જરૂરતમંદ વૃદ્ધ મહિલાને મળવા ગઈ. જ્યારે તે શ્રીમંત મહિલા પહોંચી ત્યારે તેણીએ જોયું કે રસોડામાં કંઈ જ ખાવાનું ન હતું; ભાડાં માટે પૈસા પણ ન હતા. શ્રીમંત મહિલાએ ઝડપથી નીકળી જવાનું આયોજન કરતાં, અસુવિધાપૂર્વક કહ્યું, "સવારમાં મદદકર્તા કાર્યકર તમારી મુલાકાત લઈ જાય તેનો હું ખ્યાલ રાખીશ." ગરીબ મહિલાએ ગર્વપૂર્વક ઉત્તર આપ્યો, "તમારે તમારી જાતને તકલીફ આપવાની જરૂર નથી; મને કોઈ મદદની જરૂર નથી."

શ્રીમંત મહિલા આ જવાબથી આઘાત પામી ગઈ અને તેને થોડુંક માઠું લાગ્યું. તે ક્ષણે, મકાનના ઉપલા માળેથી બીજી સ્ત્રી ખાવાનું તથા કપડાં લઈને પ્રવેશી. તેને ઉષ્માપૂર્વક આવકાર અપાયો. જ્યારે શ્રીમંત મહિલા મુલાકાતીએ ખૂલાસો માગ્યો ત્યારે વૃદ્ધ મહિલાએ જવાબ આપ્યો...

પ્રશ્નો

અ. ગરીબ મહિલાનો જવાબ શું હતો ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "જુઓ, તેણી પડોશી છે. તે હૃદયપૂર્વક આ કરે છે."

બ. ગરીબોને તેમનું આત્મસમ્માન હોય છે. તેઓ માત્ર પરોપકારવૃત્તિના મોટા દેખાડા માટે કરેલી મદદ કરતાં હૃદયપૂર્વક કરવામાં આવતી મદદ સ્વીકારે તેવું વધારે શક્ય છે.

@Gujaratibookz

૯૯

મોટું ભાષણ, ઓછી અસર

એક ગરમ, બફારાવાળી રાત્રે, માર્ક ટ્વેઇન શ્રી હાવલેનો વાર્ષિક અહેવાલ સાંભળવા માટે હાર્ટફોર્ડના ચર્ચમાં ગયા. તેઓ શહેરના મીશનરી હતા અને એવા લોકોને નાણાં પહોંચાડતા હતા, જેમને મદદની જરૂર હતી પરંતુ તેને માટે માગવા નહોતા ઇચ્છતા.

હાવલેએ જ્યાં ગરીબીનો વસવાટ હતો તેવા કોટડીઓમાં રહેનારાનાં જીવન વિશે કહેવાથી પોતાનું વક્તવ્ય શરૂ કર્યું. તેમણે ગરીબોની વીરતા તથા સમર્પણના દાખલા આપ્યા. તેમણે કહ્યું, "જ્યારે લાખોપતિ માણસ કંઈક આપે છે ત્યારે આપણે પુષ્કળ દેકારો મચાવીએ છીએ. એ ખોટી જગ્યાએ કરેલ શોરબકોર છે કારણ કે એક વિધવાએ નાનામાં નાની વસ્તુ આપી હોય તો તે ખરેખર દાન આપ્યું ગણાવું જોઈએ."

હાવલેએ ટ્વેઇનને ઘણા જ ઉત્તેજિત કરી મૂક્યા હતા. ટ્વેઇન માંડ માંડ હાવલે તેમનું વક્તવ્ય પૂરું કરે તેની રાહ જોઈ શક્યા. તેનાં ખીસ્સામાં ૪૦૦ ડોલર્સ હતા. તે એ બધા જ અને વધારે પણ આપી દેવા ઇચ્છતા હતા. ટ્વેઇનની જેમ બાકીના શ્રોતાઓ પણ દેખીતી રીતે જ સહાનુભૂતિપૂર્ણ અને પ્રેરિત હતા. તેઓ બધા જ ફાળો આપવા આતુર હતા. પરંતુ તે જ સમયે ટોળામાં ઝોળી ફેરવવાને બદલે હાવલે એ વાત કરવાનું ચાલુ રાખ્યું.

પ્રશ્નો

અ. તમને શું લાગે છે કે માર્ક ટ્વેઇને અંતમાં ચર્ચમાં કેટલો ફાળો આપ્યો હશે ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. હાવલે એ વાતો કર્યા જ કરી અને તેઓ વાત કરતા ગયા ત્યારે વાતાવરણ વધારે ને વધારે ગરમ થતું ગયું અને બધા પરસેવે રેબઝેબ થઈ ગયા. દરેક પસાર થતી મીનીટ સાથે માર્ક ટ્વેઇનનો ઉત્સાહ ઓસરતો ગયો, અને ત્યાં સુધી ઓછો થઈ ગયો કે છેવટે જ્યારે તાસક ફરતી ફરતી તેમની પાસે આવી ત્યારે તેણે તેમાંથી દસ સેન્ટ ચોરી લીધા.

બ. વક્તવ્યની લંબાઈ તે જે ઉત્સાહ પેદા કરે છે તેનાં ઉલટા પ્રમાણમાં હોય છે. તમે જેટલું લાંબું બોલો, શ્રોતાઓ તેટલા ઓછા ઉત્સાહિત થાય છે. જ્યારે સોદો પૂરો થઈ જાય ત્યારે વ્યક્તિએ એક અસરકારક સેલ્સમેનની જેમ વધારે મોડું કયાર્ વગર સક્રિય થઈ જવું જોઈએ.

@Gujaratibookz

૧૦૦

વર્તમાન સમસ્યાઓનો ઉકેલ આપો

ઇંગ્લેન્ડના પૂર્વ વડાપ્રધાન લોર્ડ નોર્વા તેમના વિરોધીઓના સાંસદીય તીખાં ભાષણો દરમિયાન ઊંઘી જતા હતા. તેમના લાભ માટે, સર ગ્રે કોપર, વક્તાએ કંઈ મહત્વનું કહ્યું હોય તો તે ટપકાવી લેતા. એક વહાણનાં બાંધકામ વિશેની ચર્ચામાં એક કંટાળાજનક વક્તા ખૂબ જ ઐતિહાસિક વિગતોમાં ગયા. તેમણે નોઆહના આર્કથી શરૂઆત કરી અને સદીઓ દરમિયાન થયેલ કળાની પ્રગતિના સગડ લીધા. જ્યારે તેઓ સ્પેનિશ આર્માડાનાં બાંધકામ પર લંબાણપૂર્વક બોલી રહ્યા હતા ત્યારે ત્યારે ગ્રેએ અકસ્માતે ઘોરતા વડાપ્રધાનને જગાડી દીધા. "સર ગ્રે, માનનીય વક્તા અત્યારે કયા યુગમાં છે ?" વડાપ્રધાને પૂછ્યું. "અત્યારે આપણે રાણી એલીઝાબેથનાં શાસનમાં છીએ." એ જવાબ મળ્યો.

વડાપ્રધાને કહ્યું...

પ્રશ્નો

અ. વડાપ્રધાને શું કહ્યું ?

બ. આ વાર્તાનો સૂચિતાર્થ શું છે ?

તમારા પોતાના જવાબો વિચાર્યા પછી જ અમારા જવાબો સાથે તેમની ચકાસણી કરો.

જવાબો

અ. "વ્હાલા સર ગ્રે, મને શા માટે વધારે એક-બે સદી સુધી ઊંઘવા નથી દેતા ?"

બ. વક્તવ્ય ટૂકું અને મુદ્દાસરનું હોવું જોઈએ. ઉપરછલ્લાં સંભાષણમાં રાચવાને બદલે સીધા

મુદ્દા પર આવવું અને સમસ્યાનો ઉકેલ આપવો તે વધુ ઇચ્છનીય છે.

@Gujaratibookz

@Gujaratibookz

વાર્તાઓ તથા પ્રસંગકથાઓ શક્તિશાળી સંદેશ આપવાની શ્રેષ્ઠ રીત છે.

અહીં પ્રેરણાત્મક વાર્તાઓનો સંગ્રહ આપવામાં આવ્યો છે જે વાંચવાની બધાને મજા આવશે અને તમે દરેક વાર્તામાંથી કંઈક શીખી પણ શકશો.

આ પુસ્તકમાં રજૂ કરાયેલ વાર્તાલાપનાં રૂપમાં લખાયેલ દરેક વાર્તા વાચકોને જીવનમાં કશુંક મહાન અને વિશિષ્ટ પ્રાપ્ત કરવા માટે પ્રેરિત થવા માટે વિશિષ્ટ સંદેશ આપે છે. આ વાર્તાઓની રજૂઆતમાં એક વિશિષ્ટ ગુણ એ છે કે વાર્તાનો અંતનો ભાગ પ્રગટ નથી કરાયો. વાચકોએ થોડી વાર વિચારવું પડે છે અને પછી તેમના પોતાના જવાબો મેળવવા પડે છે.

આ પુસ્તકમાં લેવામાં આવેલ વાર્તાઓ માનવ સંબંધો, વ્યક્તિ વિકાસ, આધ્યાત્મિક મુલ્યો વગેરે જેવા વિવિધ વિષયો પર કામ કરે છે. આ પુસ્તક દરેક વયજૂથના વાચકો તેમજ ઉપદેશકો, વક્તાઓ તથા શિક્ષકોને અપીલ કરશે.

જેવી રીતે આપણા શરીર માટે ખોરાકની જરૂર હોય છે તેવી જ રીતે આપણા આત્મા માટે પણ ખોરાકની જરૂર પડે છે જે પ્રેરણાત્મક અને હૃદયસ્પર્શી વાર્તાઓ તરીકે મળે છે. તે આપણને શક્તિ આપે છે અને આપણને વધુ સારો અનુભવ કરાવે છે. આશા છે કે આ વાર્તાઓ તમને પ્રેરિત થવામાં મદદ કરશે.

ડો. જી ફ્રાન્સીસ ઝેવિયર બે સ્નાતકોતર પદવીઓમાં સુવર્ણપદક મેળવી ચૂક્યા છે અને તેમણે ભારતની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં વ્યાખ્યાતા, સહાયક પ્રોફેસર, ઉપ-પ્રધાનાચાર્ય અને પ્રધાનાચાર્ય તરીકે કાર્ય કર્યું છે.

તેઓ થાઈલેન્ડના બેંગકોકમાં આવેલ એશીયન કોન્ફેડરેશન ઑફ ક્રેડિટ યુનિયન (ACCU) ના નાણાકીય સલાહકાર હતા. તેમણે ભારત, યુ.એસ.એ., કેનેડા, જર્મની, સીંગાપોર, મલેશીયા, થાઈલેન્ડ, બાંગ્લાદેશ, નેપાળ, શ્રીલંકા, કેન્યા અને તાન્ઝાનીયામાં મેનેજમેન્ટ, એકાઉન્ટીંગ અને ફાઈનાન્સીયલ એનાલીસીસ પર કેટલાક તાલીમકાર્યક્રમોનું સંચાલન કર્યું છે. તેમણે વિવિધ વિષયો પર ૧૫ થી વધુ પુસ્તકો લખ્યાં છે.

Elevate Your Life. Transform Your World.

JAICO BOOKS

www.jaicobooks.com Self-Help

ISBN-13: 978-81-8495-732-7

eBook AVAILABLE